# સામાજિક વિજ્ઞાન [N-10(G)]

S.S.C. બોર્ડ-પરીક્ષાની પૂર્વતૈયારી માટે

**Alankar®**

કુલ ગુણ : 80
સમય : 3 કલાક

# PRACTICE PAPER ANSWER KEY

**મિત્રો,** 'Practise make man perfect' ઉક્તિ મુજબ કોઈપણ ક્ષેત્રમાં કૌશલ્યને આત્મસાત્ કરવા અથવા તેને સુદ્રઢ કરવા **Practise (મહાવરો) અનિવાર્ય છે.** કેમ કે આજનાં સ્પર્ધાત્મક યુગમાં ફક્ત પરીક્ષામાં ઉત્તીર્ણ થવું જરૂરી નથી; પરંતુ પોતાના મનપસંદ ક્ષેત્રમાં કારકિર્દી બનાવવા માટે યોગ્ય મેરીટ બનાવવું પણ જરૂરી છે. તે માટે જરૂરી છે સાચી દિશામાં કરવામાં આવતી મહેનત અને સાથે-સાથે યોગ્ય સમયે મળી રહેતો મહાવરો એટલે...

**મહેનત + યોગ્ય દિશા + મહાવરો = જ્વલંત સફળતા**

અલંકાર પબ્લિકેશન આ વાતને સુપેરે જાણી વિદ્યાર્થીની મહેનતને યોગ્ય માર્ગદર્શન અને ભરપૂર મહાવરો મળી રહે તે માટે 4 પ્રશ્નપત્રનો સેટ + નમૂનાનું પ્રશ્નપત્ર **આન્સર-કી સાથે આપની સમક્ષ મૂકતાં** હર્ષની લાગણી અનુભવે છે.

**વિશેષતાઓ તથા પેપર લખવા માટેની કાળજી :**

- વિષયના તજજ્ઞો દ્વારા પ્રશ્નપત્રોની પ્રેક્ટિસથી આગામી બોર્ડની પરીક્ષામાં પૂછાઈ શકે તેવું મોટાભાગનું કન્ટેન આવરી લેવામાં આવ્યું છે.
- જવાબ માટે પ્રશ્નપત્રની અંદર યોગ્ય જગ્યા મૂકવામાં આવી છે જેથી વિદ્યાર્થી દરેક પ્રશ્નનો યોગ્ય જવાબ બોર્ડ પ્રમાણે આપી શકે.
- **પ્રશ્નપત્રની સાથે આન્સર-કી પણ આપવામાં આવી છે; જેથી વિદ્યાર્થી પોતે જ સ્વમૂલ્યાંકન કરી શકે.**
- **આન્સર-કીમાં પણ દરેક વિભાગનું મૂલ્યાંકન SSC બોર્ડની ગુણપ્રદાન યોજના દ્વારા આપવામાં આવેલા નિર્દેશ અનુસાર કરવામાં આવ્યું છે.**
- બોર્ડ દ્વારા પ્રસિદ્ધ નવી બ્લ્યૂ-પ્રિન્ટ તથા નવી પેપર પેટર્ન આધારિત બધા પેપર્સ છે. ચારેય પ્રશ્નપત્રોમાં ખૂબ જ અગત્યના પ્રશ્નનો સમાવેશ કરવામાં આવેલ છે. બધા જ પેપર્સમાં અલગ-અલગ પ્રશ્નો છે જેથી પૂરતો મહાવરો મળી શકે.
- સમગ્ર પેપર લખવાનો સમય 3 કલાક છે, પરંતુ 2:45 કલાકમાં પેપર લખાય તેવો પ્રયત્ન કરવો જેથી છેલ્લી 15 મિનિટમાં લખાયેલો પેપર બરાબર તપાસવો જેમકે ભૂલો તો નથી તથા શબ્દો કે વાક્યોની નીચે under-line પણ કરી શકાય...

➔ બોર્ડની પેપર-પેટર્ન અનુલક્ષી જવાબો તૈયાર કરેલ છે.

➔ **ખાસ નોંધ :** સૌ પ્રથમ પેપર જાતે લખ્યા બાદ Answer Key સાથે તપાસવો.

**નોંધ : આ પરિરૂપ વિદ્યાર્થીઓ, શિક્ષકો, પ્રશિક્ષકો, મોડરેટર્સના માર્ગદર્શન માટે છે. જે તે વિષયોના પ્રાશ્નિક તેમજ મોડરેટર્સ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણના બૃહદ હાર્દ/ઉદ્દેશને સુસંગત રહી પ્રશ્નપત્રની સંરચના બાબતે ફેરફાર કરવાની છૂટ**

| ક્રમાંક | પ્રશ્નનો પ્રકાર | પ્રશ્નનોની સંખ્યા | | કુલગુણ |
|---|---|---|---|---|
| | | જનરલ વિકલ્પ વિના | જનરલ વિકલ્પ સાથે. | વિકલ્પ વિના |
| 1. | હેતુલક્ષી પ્રશ્નો (O) | 24 | 24 | 24 |
| 2. | ટૂંકજવાબી પ્રશ્નો (SA-I) | 09 | 12 | 18 |
| 3. | ટૂંકજવાબી પ્રશ્નો (SA-II) | 06 | 09 | 18 |
| 4. | લાંબા પ્રશ્નો (LA) | 05 | 07 | 20 |
| | **કુલ** | **44** | **52** | **80** |

**પ્રકરણદીઠ ગુણભાર**

| ક્રમ | પાઠ/પ્રકરણનું નામ | પ્રકરણદીઠ ગુણભાર | |
|---|---|---|---|
| | | જનરલ વિકલ્પ વિના | જનરલ વિકલ્પ સાથે |
| 1 | ભારતનો વારસો | 06 | 06 |
| 2 | ભારતનો સાંસ્કૃતિક વારસો : હસ્ત ઉદ્યોગ અને લલિતકલા | 05 | 05 |
| 4 | ભારતો સાહિત્યિક વારસો | 06 | 08 |
| 5 | ભારતનો વિજ્ઞાન અને ટેક્નોલોજી વારસો | 05 | 09 |
| 6 | ભારતના સાંસ્કૃતિક વારસાનાં સ્થળો | 06 | 09 |
| | કુદરતી સંસાધનો | 05 | 05 |
| 9 | વન અને વન્યજીવન સંસાધન | 06 | 08 |
| 10 | ભારત : કૃષિ | 07 | 11 |
| 11 | ભારત : જળસંસાધન | 05 | 05 |
| 13 | ઉત્પાદન ઉદ્યોગો | 05 | 07 |
| 17 | આર્થિક સમસ્યાઓ અને પડકારો : ગરીબી અને બેરોજગારી | 06 | 09 |
| 18 | ભાવવધારો અને ગ્રાહકજાગૃતિ | 07 | 11 |
| 19 | માનવવિકાસ | 05 | 08 |
| 20 | ભારતની સામાજિક સમસ્યાઓ અને પડકાર | 06 | 06 |
| | **કુલ** | **80** | **107** |

**નોંધ :** જનરલ વિકલ્પ સાથે દર્શાવેલ પ્રશ્નના ગુણ નમૂનાના પ્રશ્નપત્ર પ્રમાણે દર્શાવેલ છે. અન્ય પ્રશ્નપત્ર માટે આ ગુણ અલગ હોઈ શકે છે.

Very unique to learn.....
Alankar® Publication
H/75-A, Akshardeep Complex, Shastrinagar, Bhavnagar 364002
9726437575, 9624829482 alankarpublication@yahoo.com www.alankarpublication.com

No part of this publication can be reproduced, stored in a retrieval system or transmitted in any form or by any means-electronic, mechanical, phototyping, recording or otherwise without the prior written permission of the publishers. All right of export of this book is reserved with the publisher. Any person who does any unauthorised act in relation to this publication will be liabel to legal prosecution and civil claimes for damages.

● **નીચે આપેલાં વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરો. (પ્રત્યેકનો 1 ગુણ)** **[04]**

**(1) નીચે આપેલાં વિધાનો પૈકી કયું એક વિધાન તેને સુસંગત નથી ?** – A

**(A) પૃથ્વીરાજ ચૌહાણ રચિત 'ચંદ્રાયન' એ સંસ્કૃત ભાષામાં સૌથી જૂનો ગ્રંથ મનાય છે.**

(B) હુમાયુની બહેન ગુલબદન બેગમે 'હુમાયુનામા' લખ્યું હતું.

(C) કવિ તિરુવલ્લુવરે વિખ્યાત ગ્રંથ 'કુરલ'ની રચના કરી હતી.

(D) મલિક મુહમ્મદ જાયસીએ 'પદ્માવત' નામના મહાકાવ્યની રચના કરી હતી.

**(2) તાજમહેલ : શાહજહાં, હુમાયુનો મકબરો :.......**

(A) જહાંગીર (B) હુમાયુ – C

**(C) હમીદાબેગમ** (D) શાહજહાં

**(3) ભરૂચની નારાયણશાળા ધો.10ના વિદ્યાર્થીઓને બાયોગેસ પ્લાન્ટનું નિદર્શન કરાવવા ઈચ્છે છે.તો તે સૌથી નજીકનું કયું સ્થળ પસંદ કરશે ?** – C

(A) રુદાતલ (B) મેથાણ

**(C) દાંતીવાડા** (D) ધુવારણ

**(4) ભારતીય મૂળના કયા અર્થશાસ્ત્રીને નોબેલ પારિતોષિક મળ્યું છે ?** – B

(A) મક્બૂલ-ઉલ-હકને **(B) અમર્ત્યસેનને**

(C) રવીન્દ્રનાથ ટાગોરને (D) સી.વી.રામનને

● **ખાલી જગ્યા પૂરો. (પ્રત્યેકનો 01 ગુણ)** **[03]**

(5) ભાખરા-નાંગલ એ **સતલુજ** નદી પરની બહુહેતુક યોજના છે.

(6) વિશ્વમાં 5મી જૂનના દિવસને **વિશ્વ પર્યાવરણ** દિન તરીકે જાહેર કરવામાં આવ્યો છે.

(7) **સ્ત્રી** સમગ્ર વિકાસની પ્રક્રિયાનું કેન્દ્રબિંદુ છે.

● **બંધબેસતાં જોડકાં જોડો (પ્રત્યેકનો 01 ગુણ)[03]**

| | વિભાગ-A | વિભાગ -B |
|---|---|---|
| (8) | (1) પતંગોત્સવ અને કાંકરિયા કાર્નિવલ | (A) મોઢેરા |
| (9) | (2) તાના-રીરી મહોત્સવ | (B) વિજયનગર |
| (10) | (3) ઉત્તરાર્ધ - નૃત્ય મહોત્સવ | (C) વડનગર |
| | | (D) અમદાવાદ |

(1) D (2) B (3) A

● **નીચેનાં વિધાનો સાચાં છે કે ખોટાં તે જણાવો. (પ્રત્યેકનો 01 ગુણ)** **[03]**

(11) સતલુજ નદી પરની ભાખરા-નાંગલ યોજના એ બિહાર રાજ્યની બહુહેતુક યોજના છે. – X

(12) ભારતીય રેલવે દેશનું સૌથી મોટું રાષ્ટ્રીયકૃત સંસ્થાન છે. – ✓

(13) મધ્યયુગની સૌથી મહત્ત્વની ઘટના સંસ્કૃત ભાષાના જન્મની છે. – X

● **આપેલા પ્રશ્નોના એક કે બે વાકયોમાં ઉતર લખો. (પ્રત્યેકનો 01 ગુણ)** **[03]**

**(14) સમૂહ સંચારમાં શાનો સમાવેશ થાય છે?**

જવાબ : સમૂહ સંચારમાં બે માધ્યમોનો સમાવેશ થાય છે.

(1) મુદ્રિત માધ્યમ (2) ઈલેક્ટ્રોનિક માધ્યમ

**(1) મુદ્રિત માધ્યમઃ-** વર્તમાનપત્રો, ટપાલ અને પત્રિકાઓનો સમાવેશ થાય છે.

**(2) ઈલેક્ટ્રોનિક માધ્યમઃ-** આકાશવાણી અને દૂરદર્શનનો સમાવેશ થાય છે.

**(15) આર્થિક પ્રવૃત્તિનો અર્થ સમજાવો.**

જવાબ : આવક મેળવવાના કે ખર્ચ કરવાના હેતુથી કરવામાં

આવતી પ્રવૃતિઓને આર્થિક પ્રવૃત્તિ કહે છે. દા.ત :- ખેડૂત, કારીગર, વેપારી અને શિક્ષકની પ્રવૃત્તિને આર્થિક પ્રવૃત્તિ કહે છે.

**(16) આપણા સમાજમાં સૌથી વધુ અસુરક્ષિત વર્ગ કયો છે?**

**જવાબ :** આપણા સમાજમાં સૌથી વધુ અસુરક્ષિત વર્ગ બાળકો છે.

## વિભાગ - B

- **નીચે આપેલા પ્રશ્ન નં. (17 થી 26)ના ટૂંકમાં ઉત્તર લખો. (પ્રત્યેકનો 02 ગુણ) [20]**

**(17) પ્રાકૃતિક વારસાના એક અંગ તરીકે નદીઓનું મહત્ત્વ સમજાવો.**

**જવાબ :** ભારતીય સંસ્કૃતિ સિંધુ અને રાવી નદીના કિનારે પાલનપોષણ પામી છે.

- સિંધુ,ગંગા, યમુના, સરસ્વતી, નર્મદા, ગોદાવરી, કૃષ્ણા, કાવેરી વગેરે નદીઓએ ભારતના લોકજીવન પર પ્રગાઢ અસરો ઉપજાવી છે.
- નદીઓ પીવા માટેનું પાણી, વપરાશ માટેનું પાણી, સિંચાઈ માટેનું પાણી પૂરું પાડે છે.
- માટીનાં વાસણો બનાવવાં માટે, લીંપણ તથા ઉદ્યોગોના વિકાસ માટે પણ માનવીએ નદીના પાણી ઉપર આધાર રાખવો પડે છે.
- નદીઓ જળમાર્ગ માટે પણ ઉપયોગી છે.
- પ્રાચીન કાળથી નદી કિનારાના ઉષા અને સંધ્યાનાં વિવિધ ભૂમિદશ્યો પણ આ નદીના પ્રાકૃતિક વારસામાંથી મળ્યા છે આથી **નદીને આપણે 'લોકમાતા' કહીએ છીએ.**

**અથવા**

**(17) ભારતની એક પ્રાચીન પ્રજા તરીકે ઓસ્ટ્રેલોઈડ (નિષાદ) પ્રજાનો પરિચય આપો.**

**જવાબ :** ઓસ્ટ્રેલોઈડ (નિષાદ) પ્રજા અગ્નિ એશિયામાંથી આવી હતી.

- તેઓ રંગે શ્યામ, લાંબુ અને પહોળું માથું, ટૂંકું કદ, ચપટું નાક વગેરે શારીરિક વિશેષતા ધરાવતા હતા.
- ભારતમાં આવેલા આર્યો તેમને 'નિષાદ' તરીકે ઓળખતા હતા. ભીલ પ્રજા માટે નિષાદ શબ્દ પ્રયોજવામાં આવતો હતો.
- ભારતની કોલ અને મુંડા જાતિ, અસમની ખાસી પ્રજા, નિકોબાર અને બ્રહ્મદેશની જાતિઓમાં આ પ્રજાનાં લક્ષણો વિશેષ પ્રમાણમાં જોવા મળે છે.
- ભારતની સંસ્કૃતિ અને સભ્યતાના વિકાસમાં આ પ્રજાનો વિશિષ્ટ ફાળો છે.
- તેઓ માટીનાં વાસણો બનાવવાં, ખેતી કરવી, સુતરાઉ કાપડનું વણાટકામ કરવું વગેરે કૌશલ્યો માટે જાણીતાં હતાં.

**(18) ગુજરાતના આદિવાસી નૃત્ય વિશે લખો.**

**જવાબ :** ગુજરાતના આદિવાસીલોકો તહેવારોમાં, લગ્નોમાં, દેવી દેવતાઓને ખુશ કરવા માટે તેમજ મેળાઓમાં નૃત્ય કરે છે.

- તેઓ મોટાભાગનાં નૃત્ય સ્થાનિક ભાષામાં વર્તુળ આકારમાં ફરતાં ફરતાં વાજિંત્રો સાથે કરે છે.
- તેઓ 'ચાળો' તરીકે જાણીતા નૃત્યમાં મોર, ખિસકોલી, ચકલી વગેરે પક્ષીઓના અવાજની નકલ કરી નૃત્ય કરે છે.
- ડાંગનાં આદિવાસીલોકો 'માળીનો ચાળો' તથા 'ઠાકર્યા ચાળો' નામનાં નૃત્યો કરતા જોવા મળે છે.
- ભીલ અને કોળી નામની જાતિના લોકો શ્રમહારી ટિપ્પણી નૃત્યમાં જાડી લાકડી નીચે લાકડાના ટુકડા જડીને જમીન પર અથડાવી તાલ સાથે સમૂહનૃત્ય કરે છે.

**(19) અમદાવાદમાં આવેલા સાંસ્કૃતિક વારસાનાં સ્થળોની યાદી બનાવો.**

**જવાબ :** અમદાવાદની ઓળખ ઐતિહાસિક નગરી તરીકે કરવામાં આવે છે.

- અમદાવાદમાં જોવાલાયક સ્થાપત્યોમાં ત્રણ દરવાજા નજીક આવેલી જામા મસ્જિદ, રાણી સીપ્રીની મસ્જિદ, સરખેજનો રોજો, કાંકરિયા તળાવ, ઝૂલતા મિનારા, સીદી સૈયદની જાળી, હઠીસિંહનાં દેરાં, રાણી રૂપમતીની મસ્જિદ વગેરે સ્થાપત્યોનો સમાવેશ થાય છે.
- ઝૂલતા મિનારા તેના કંપનના વણઉકેલ્યા રહસ્ય માટે જાણીતા છે.
- અતિશય બારીક અને સુંદર વાનસ્પતિક ભૌમિતિક રચનાને કારણે સીદી સૈયદની જાળી પ્રખ્યાત છે.

**અથવા**

**(19) ગોવાનાં દેવળો વિશે નોંધ લખો.**

**જવાબ :** ગોવા પોર્ટુગીઝોની રાજધાની હતી.

- પોર્ટુગીઝો સાથે ખ્રિસ્તી ધર્મના ધર્મગુરુઓ પણ ભારતમા આવ્યા હતાં.
- જૂના ગોવામાં બેસાલિકા ઓફ બોમજીસસ કે બેસાલિકા ઓફ ગુડ જીસસ દેવળ આવેલું છે. આ દેવળમાં સેન્ટ ફ્રાન્સિસ ઝેવિયર્સનો પાર્થિવ દેહ સાચવીને મૂકાયો છે. ઘણાં વર્ષો પછી પણ તેમનું પાર્થિવ શરીર વિકૃત થયું નથી.
- ગોવામાં અનેક દેવળો આવેલાં છે.
- ગોવા તેના રમણીય દરિયાકિનારા માટે જાણીતું છે.

**(20) આગ્રાના કિલ્લા વિશે ટૂંકમાં માહિતી આપો.**

**જવાબ :** આ કિલ્લાનું નિર્માણ લાલ પથ્થરોમાંથી થયેલું હોવાથી તેને લાલકિલ્લો પણ કહે છે.

- આ કિલ્લો ઉત્તરપ્રદેશના આગ્રા શહેરમાં આવેલો છે.
- આ કિલ્લાનું બાંધકામ અકબરે ઈ.સ 1565 માં કરાવ્યું હતું.
- આ કિલ્લા પર હિન્દુ અને ઈરાની શૈલીની છાપ સ્પષ્ટપણે જોવા મળે છે.
- આ કિલ્લાની દીવાલ 70 ફૂટ ઊંચી બાંધવામાં આવી છે. અને તેનો ઘેરાવો દોઢ માઈલનો છે.
- આ કિલ્લામાં લાલ પથ્થરોને એવી રીતે કુશળતાપૂર્વક જોડેલા છે કે દીવાલમાં ક્યાંય તિરાડ દેખાતી નથી.
- અકબરે આ કિલ્લામાં જહાંગીર મહેલનું નિર્માણ કરાવ્યું હતુ.
- શાહજહાંએ જિંદગીના અંતિમ દિવસો આ કિલ્લામાં વિતાવ્યા હતા.

**(21) પ્રાકૃતિક વારસાના જતન માટે કરવામાં આવેલા પ્રયાસો જણાવો.**

**જવાબ :** ઈ.સ 1952માં ભારત સરકારે ભારતીય વન્યજીવોના સંરક્ષણ માટે બોર્ડની રચના કરી તે અનુસાર વન્યજીવોનાં સંરક્ષણ માટે સાધનો પૂરાં પાડવાં, રાષ્ટ્રીય ઉદ્યાન અને પક્ષીઘરોનાં નિર્માણ માટે સલાહસૂચનો આપવાનાં પગલા લીધાં છે.

- ઈ.સ 1972માં વન્યજીવોને લગતો કાયદો અમલમાં આવ્યો આ કાયદામાં રાષ્ટ્રીય ઉદ્યાનો, અભયારણ્યો અને આરક્ષિત વિસ્તારોનો સમાવેશ કરવામાં આવ્યો.
- દેશમાં નવાં રાષ્ટ્રીય ઉદ્યાનો અનો અભયારણ્યોની સ્થાપના કરવામાં આવી.
- વારસાની જાળવણી અને તેના રક્ષણ માટે કાયદાઓને વિશાળ પરિપ્રેક્ષ્યમાં મૂકવામાં આવ્યા છે.

**(22) જમીન - ધોવાણ અટકાવવાના ઉપાયો જણાવો.**

**જવાબ :** ધોવાણ એટલે જમીનના કણોનું ગતિશીલ હવા કે પાણી દ્વારા એક સ્થળેથી બીજા સ્થળે સ્થળાંતરિત થવું. જમીન-ધોવાણ અટકાવવાના ઉપાયો નીચે મુજબ છે.

- જમીન પર થતી ચરાણ પ્રવૃતિઓ નિયંત્રણમાં કરવી.
- ઢોળાવવાળી જમીનમાં સમોચ્ચરેખીય પગથિયાંની પદ્ધતિ મુજબ વાવેતર કરવું.
- પડતર જમીનમાં વૃક્ષોનું વાવેતર કરવું.
- પાણીના વહેણના ખાડા પડેલા હોય ત્યાં આડબંધ બનાવવા.
- પાણીનો વેગ ધીમો પાડવા ઢાળવાળા ખેતરમાં ઊંડી ખેડ કરવી.

**(23) દક્ષિણ ભારતમાં તળાવો દ્વારા ખેતી કરવામાં આવે છે. સમજાવો. અથવા ભારતમાં સિંચાઈના મુખ્ય માધ્યમો કયા - કયા છે ? ટૂંકમાં જણાવો.**

**જવાબ :** ભારતમાં સિંચાઈના મુખ્ય ત્રણ માધ્યમો છે.

(1) કૂવા અને ટ્યૂબવેલ (2) નહેરો (3) તળાવો

- આ ત્રણ માધ્યમો પૈકી કૂવા અને ટ્યૂબવેલ સિંચાઈનાં મુખ્ય માધ્યમો છે.
- નહેરો અને તળાવો સિંચાઈમાં બીજા અને ત્રીજા સ્થાને આવે છે.
- સતલુજ, યમુના અને ગંગાનાં વિશાળ મેદાનો તથા પૂર્વના તટીય મેદાનોમાં આવેલી મહાનદી, ગોદાવરી, કૃષ્ણા અને કાવેરીના મુખત્રિકોણ પ્રદેશમાં નહેરો દ્વારા સિંચાઈ કરવામાં આવે છે.
- કૂવા અને ટ્યૂબવેલ દ્વારા સિંચાઈ કરવી એ કાંપનાં મેદાનોમાં સામાન્ય ગણાય છે. તળાવો દ્વારા થતી સિંચાઈ પૂર્વ અને દક્ષિણના રાજ્યોમાં વધારે છે.

**અથવા**

**(23) દલદલ કે પીટ પ્રકારની જમીન વિશે માહિતી આપો.**

**જવાબ :** આ પ્રકારની જમીન ભેજવાળા વિસ્તારમાં જૈવિક પદાર્થોના સંચયથી વિકસે છે.

- વર્ષાઋતુ દરમિયાન આ જમીન પાણીમાં ડૂબેલી હોય છે. પાણી ઓસરતા તેમાં ડાંગરની ખેતી કરવામાં આવે છે.
- આ પ્રકારની જમીનમાં જૈવિક પદાર્થો અને ક્ષારોની બહુલતા તથા ફોસ્ફેટ તથા પોટાશની અલ્પતા જોવા મળે છે.
- આ પ્રકારની જમીન ઓડિશા, પશ્ચિમબંગાળ, તમિલનાડુના કિનારાના ભાગો, ઉત્તર બિહારનો મધ્યભાગ તથા ઉત્તરાખંડના અલમોડા જિલ્લામાં જોવા મળે છે.
- આ પ્રકારની જમીનનું ક્ષેત્ર અત્યંત મર્યાદિત વિસ્તાર ધરાવે છે.

**(24) મેંગેનીઝના ઉપયોગો જણાવો.**

**જવાબ :** મેંગેનીઝના ઉપયોગો નીચે મુજબ છે.

- મેંગેનીઝનો મુખ્ય ઉપયોગ લોખંડમાંથી પોલાદ બનાવવામાં થાય છે.
- મેંગેનીઝનો ઉપયોગ રાસાયણિક ઉદ્યોગોમાં, બ્લીચિંગ પાઉડર બનાવવામાં, કીટનાશક તરીકે, સૂકી બેટરી અને ટાઈલ્સ બનાવવામાં થાય છે.
- ચામડાના ઉદ્યોગોમાં, કાચ ઉદ્યોગોમાં, દીવાસળી ઉદ્યોગોમાં, ફોટોગ્રાફી, ચિનાઈ માટીનાં વાસણો બનાવવાંમાં તથા રંગીન ઈંટો બનાવવામાં મેંગેનીઝનો ઉપયોગ થાય છે.
- મેંગેનીઝના મિશ્રણથી પોલાદના પાટા અને સળિયાઓમાં સ્થિતિસ્થાપકતા અને મજબૂતાઈ આવે છે.

**(25) ખાંડ અને ખાંડસરીનાં કારખાનાં ક્યાં સ્થપાયાં છે ? શા માટે ?**

જવાબ : ખાંડ અને ખાંડસરીનાં કારખાનાં મહારાષ્ટ્ર, ઉત્તરપ્રદેશ, તમિલનાડુ, કર્ણાટક, આંધ્રપ્રદેશ, ગુજરાત વગેરે રાજયોમાં સ્થાપવામાં આવ્યાં છે.

- ગુજરાત રાજયમાં બારડોલી, ગણદેવી, સુરત, નવસારી, ઓલપાડ, વ્યારા, ભરૂચ, કોડિનાર તથા તલાલા ગીર વગેરે સ્થળોએ ખાંડ અને ખાંડસરીનાં કારખાનાં સ્થપાયાં છે.
- ખાંડ અને ખાંડસરીનાં કારખાનાં તેના ઉત્પાદન ક્ષેત્રોની નજીકનાં સ્થળોએ સ્થાપવામાં આવે છે કારણ કે શેરડીમાં રહેલી પાણીની માત્રા ઓછી થઈ ન જાય તે માટે શેરડી વાઢ્યા પછી ચોવીસ કલાકમાં તેનું પીલાણ કરવું જરૂરી છે, નહીં તો તેમાંથી સમયાંતરે ખાંડનું ઉત્પાદન ઘટી જાય છે. માટે ખાંડ અને ખાંડસરીનાં કારખાનાં તેનાં ઉત્પાદનક્ષેત્રોની નજીકનાં સ્થળોએ સ્થાપવામાં આવે છે.

**(26) નકસલવાદી આંદોલન વિશે ટૂંકમાં માહિતી આપો.**

જવાબ: માઓ-ત્સે-તુંગના નેતૃત્વ નીચે ચીનની ક્રાંતિમાંથી પ્રેરણા લઈ નકસલવાદી આંદોલન ભારતમાં સૌપ્રથમ ઈ.સ.1967માં પશ્ચિમ બંગાળમાંથી શરૂ થયું હતું.

- આ ઉગ્રવાદી વિચારધારાનો પશ્ચિમબંગાળના નકસલવાદી વિસ્તારમાંથી ઉદ્ભવ થયો હોવાથી તેને નકસલવાદ કહે છે.
- આ નકસલવાદી આંદોલન પશ્ચિમ બંગાળથી શરૂ થઈ ઝારખંડ, બિહાર, આંધ્રપ્રદેશ, કેરલ, ઓડિશા, ત્રિપુરા, મધ્યપ્રદેશમાં પહાડી અને જંગલ વિસ્તારમાં વિસ્તાર પામ્યું હતું.
- પિપલ્સ વૉર ગ્રૂપ અને માઓવાદી, સામ્યવાદી કેન્દ્ર નકસલવાદી આંદોલનનાં મુખ્ય બે સંગઠનો હતાં.

## વિભાગ - C

- **નીચે આપેલા પ્રશ્ન નં. (27 થી 34)ના મુદ્દાસર ઉત્તર લખો. (પ્રત્યેકનો 03 ગુણ)** **[24]**

**(27) સ્તંભલેખો પરની કલા વિશે માહિતી આપો.**

જવાબ : સ્તંભલેખો એક જ શિલામાંથી બનાવવામાં આવ્યા હતા. • સમ્રાટ અશોક દ્વારા ધર્માજ્ઞાઓ કોતરેલા સ્તંભલેખો શિલ્પકલાના ઉત્તમ નમૂના ગણાય છે.

- સ્તંભલેખોને એક જ પથ્થરમાંથી કોતરીને ઘસીઘસીને ચળકાટ આપવામાં આવતો હતો.
- આવા સ્તંભો અંબાલા, મેરઠ, અલ્હાબાદ, બિહારમાં લોરિયા પાસે નંદનગઢ, સાંચી, કાશી, પટના અને બોધિગયાના બોધિવૃક્ષ પાસે ઊભા કરવામાં આવ્યા છે. આ સ્તંભો બ્રહ્મીલિપિમાં કોતરેલા છે.
- સારનાથ ભગવાન બુદ્ધના ઉપદેશનું સ્થાન હોવાથી સિંહોની નીચે ચારેબાજુ ચાર ધર્મચક્રો અંકિત કર્યા છે. આ ઉપરાંત હાથી, ઘોડા કે બળદની શિલ્પકૃતિઓ પણ અંકિત કરવામાં આવી છે.
- સારનાથનો સ્તંભ દુનિયાની સર્વોત્તમ શિલ્પકૃતિ પૈકીનો એક ઉત્તમ નમૂનો છે.

**(28) પ્રાચીન ભારતીય સાહિત્ય તરીકે વૈદિક સાહિત્યનો પરિચય આપો.**

જવાબ : **વેદ :-** વેદ ચાર છે (1) ઋગ્વેદ (2) યજુર્વેદ (3) સામવેદ (4) અથર્વવેદ

**(1) ઋગ્વેદ :-** ભારતીય સાહિત્યનું પ્રાચીનતમ પુસ્તક છે. એમાં કુલ 1028 ઋચાઓનો સંગ્રહ છે. આ ગ્રંથ 10 ભાગમાં વહેંચાયેલો છે. આ ઋચાઓમાંથી મોટા ભાગની સ્તુતિઓ દેવોને લગતી છે. આ ગ્રંથ આર્યોની રાજકીય, સામાજિક, ધાર્મિક તેમજ આર્થિક બાબતોનું વર્ણન કરે છે.

**(2) યજુર્વેદ :-** આ ગ્રંથ યજ્ઞનો વેદ કહેવાય છે. આ વેદ ગદ્ય અને પદ્ય સ્વરૂપે રચાયો છે. આ ગ્રંથમાં યજ્ઞ વખતે બોલવામાં આવતા મંત્રો, ક્રિયાઓ અને વિધિઓનું વર્ણન કરવામાં આવ્યું છે.

**(3) સામવેદ :-** આ ગ્રંથ ઋગ્વેદની ઋચાઓનું ગાન કરવા માટે રચાયો છે. આ શ્લોકો રાગ અને લય સાથે ગવાય છે માટે આ ગ્રંથને સંગીતની ગંગોત્રી કહે છે.

**(4) અથર્વવેદ :-** આ ગ્રંથમાં અનેક પ્રકારના કર્મકાંડો અને સંસ્કારોનું વર્ણન કરવામાં આવ્યું છે.

- **ઉપનિષદ :-** ઉપનિષદમાં બ્રહ્માંડનો આરંભ, જીવન, મૃત્યુ, ભૌતિક અને આધ્યાત્મિક જગત, જ્ઞાન, પ્રકૃતિ અને બીજા અનેક દાર્શનિક પ્રશ્નોનું વિવેચન કરવામાં આવ્યું છે. ઉપનિષદો સંવાદ સ્વરૂપે છે.
- **બ્રાહ્મણગ્રંથો :-** બ્રાહ્મણગ્રંથોમાં વેદોના મંત્રનો અર્થ સમજવા માટેની ટીકાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ગ્રંથમાં જુદા - જુદા યજ્ઞો અને તેને લગતી વિધિઓ માટેનું માર્ગદર્શન આપવામાં આવ્યું છે.
- **આરણ્યક :-** આર્યો તેમના જીવનો અંતિમસમય વન અથવા અરણ્યમાં આશ્રમબાંધી ગાળતા. ત્યાં સતત ચિંતન કરીને રચાયેલા તત્ત્વજ્ઞાનથી ભરપૂર એવા સાહિત્યને 'આરણ્યક' કહે છે.
- **વેદાંગ :-** વેદોનું જ્ઞાન મેળવવામાં સહાયક શાસ્ત્રને વેદાંગ કહે છે. વેદાંગ છ છે :

  (1) શિક્ષા (2) કલ્પ (3) વ્યાકરણ
  (4) જ્યોતિષ (5) છંદ અને (6) નિરુકત

**અથવા**

**(28) અમીર ખુશરો વિશે પરિચય આપો.**

**જવાબ :** અમીર ખુશરો દિલ્લી સલ્તનતકાળનો સૌથી મહાન સાહિત્યકાર ગણાય છે.

- તેઓ એક કવિ, ઈતિહાસકાર, રહસ્યવાદી સંત અને સંગીતકાર હતા.
- સુપ્રસિદ્ધ હઝરત નિઝામુદ્દીન તેના ગુરુ હતા.
- તેમણે આસિકા, નૂર, સિપિહર અને કિરાતુલ - સદાયન નામની મહત્ત્વપૂર્ણ કૃતિઓની રચના કરી હતી. આ ઉપરાંત તેમણે અનેક કાવ્યગ્રંથોની પણ રચના કરી હતી.
- પોતે ભારતીય હોવાનો તેમને ગર્વ હતો આથી તેઓ ભારતને પૃથ્વી પરનું સ્વર્ગ ગણાવતા હતા.

**(29) નીચેના પારિભાષિક શબ્દોના અર્થ આપો.**

**(1) અભયારણ્ય :**

**જવાબ :** ચોક્કસ મર્યાદામાં થતી માનવપ્રવૃત્તિઓને અનુમતિ આપવામાં આવે છે.

- સત્તાધિકારી પાસેથી અનુમતિ મેળવ્યા બાદ પાલતુ પશુઓને ચરાવવાની છૂટ આપવામાં આવે છે.

**(2) સંગ્રહખોરી :**

**જવાબ :** ભવિષ્યમાં ભાવો વધવાના છે એવી અટકળ કે અફવા કે આગાહીના કારણે સમાજના બધા જ વર્ગો, વેપારીઓ, ઉત્પાદકો, ગ્રાહકો વસ્તુનો જથ્થો વત્તા-ઓછા પ્રમાણમાં સંગ્રહ કરે છે તેને સંગ્રહખોરી કહે છે.

- સંગ્રહખોરીનો હેતુ ભવિષ્યમાં ભાવવધારાનો લાભ ઉઠાવવાનો હોય છે.
- સંગ્રહખોરીના પરિણામે વસ્તુના પુરવઠા પર દબાણ આવે છે. અને કૃત્રિમ અછત ઊભી થાય છે.

**(3) દાણચોરી :**

**જવાબ :** કેટલીક વખત આયાત જકાતના ઊંચા દરોને કારણે તેમજ અમુક ચીજોની આયાતો પર

નિયંત્રણ કે નિકાસના પ્રતિબંધના લીધે જકાતચોરી કરવાના ઈરાદે, ચોરીછૂપીથી, કરવેરા નહીં ભરીને વિદેશી માલસામાન દેશમાં ઠલવાય છે જેને દાણચોરી કહેવાય છે.

**(30) બજારપદ્ધતિના લાભો અને તેની મર્યાદાઓ જણાવો.**

**જવાબ : બજારપદ્ધતિના લાભો :-**

(1) બજારપદ્ધતિમાં વ્યક્તિનું આર્થિક સ્વાતંત્ર્ય જળવાય છે.

(2) ઉત્પાદનનાં સાધનોનો મહત્તમ અને કાર્યક્ષમ ઉપયોગ થાય છે.

(3) મહત્તમ ઉત્પાદન હાંસલ કરી શકાય છે.

(4) અર્થતંત્રમાં સતત નવાં સંશોધનો થતાં રહે છે જેના કારણે આર્થિક વિકાસને ગતિ મળે છે.

(5) સ્પર્ધાને કારણે વસ્તુની ગુણવત્તા શ્રેષ્ઠ બને છે.

- **બજારપદ્ધતિની મર્યાદાઓ (ખામીઓ)**
- બજારપદ્ધતિના અનેક લાભો છે છતાં તે સંપૂર્ણ નથી. એમાં કેટલીક ખામીઓ કે મર્યાદાઓ છે, જે નીચે મુજબ છે.

(1) નફાને ધ્યાનમાં રાખીને ઉત્પાદન થતું હોવાથી મોજશોખની વસ્તુઓનું ઉત્પાદન વધુ થાય છે અને પ્રાથમિક જરૂરિયાતની વસ્તુઓનું ઉત્પાદન ઘટે છે.

(2) રાજયની કોઈ નીતિ વિષયક ભૂમિકા ન હોવાથી કુદરતી સંપત્તિનો દુર્વ્યય થાય છે.

(3) બજાર વિશેની ગ્રાહકોની અજ્ઞાનતાના કારણે તેમનું શોષણ થાય છે.

(4) સંપત્તિનું અને આવકનું કેન્દ્રીકરણ થવાથી આવકની અસમાનતામાં વધારો થાય છે.

(5) ઈજારાશાહી, આર્થિક અસ્થિરતા, મજૂરોનું શોષણ વગેરેનો ભય રહે છે.

**(31) ભારતના રેશમી કાપડ ઉદ્યોગ વિશે માહિતી આપો.**

**જવાબ :** ભારતમાં ચાર પ્રકારના રેશમનું ઉત્પાદન થાય છે. (1) મલમલ (2) ઈરી (3) ટસર (4) મૂગા

- ભારતદેશ વિશ્વમાં ચીન પછી રેશમ ઉત્પાદન કરતો બીજા નંબરનો દેશ છે.
- કર્ણાટક, મધ્યપ્રદેશ, પશ્ચિમબંગાળ, તમિલનાડુ, પંજાબ, જમ્મુ-કશ્મીર વગેરે કાચું રેશમ તૈયાર કરનારાં મુખ્ય રાજયો છે.
- રેશમી કાપડની નિકાસ મોટાભાગે યુરોપ, આફ્રિકા અને મધ્ય-પૂર્વના દેશોમાં મોટા પ્રમાણમાં થાય છે.
- આ ઉપરાંત જર્મની, સિંગાપુર, યુ.એસ.એ, કુવૈત, મલેશિયા અને રશિયા વગેરે દેશોમાં રેશમી કાપડની નિકાસ કરવામાં આવે છે.
- આંતરરાષ્ટ્રીય બજારમાં ભારતના રેશમી કાપડ ઉદ્યોગને ચીનની તીવ્ર સ્પર્ધાનો અનુભવ કરવો પડે છે.

**(32) ગ્રાહકસુરક્ષામાં ગ્રાહકમંડળોની ભૂમિકા સ્પષ્ટ કરો.**

**જવાબ :** ગ્રાહકમંડળો કે પરિષદો બિનરાજકીય અને બિનધંધાકીય ધોરણે ગ્રાહકો દ્વારા સ્વૈચ્છિક રીતે રચાયેલાં ગ્રાહકમંડળો છે.

- આ ગ્રાહકમંડળોનો મુખ્ય હેતુ ગ્રાહકના અધિકારો દ્વારા જાગૃતિ અને પ્રોત્સાહન આપવા તથા તેમના હકોની સુરક્ષા માટેની નીતિઓના ઘડતરમાં સરકારને મદદ કરવાનો છે.
- આ ગ્રાહકસુરક્ષા મંડળો ગ્રાહકોના અધિકાર તથા કાયદાઓની જોગવાઈઓની વખતોવખત સમીક્ષા કરે છે અને ધારાકીય જોગવાઈમાં સુધારા અંગે સરકારને સૂચન કરે છે.

- આ ગ્રાહકમંડળો ગ્રાહક જાગૃતિ ઝુંબેશરૂપે ગ્રાહક વિશે શિક્ષણ આપે છે. તેમાં ગ્રાહકના અધિકારો, ફરજો, વિવિધ પ્રકારના શોષણથી બચી શકાય તે વિશે માર્ગદર્શન પૂરું પાડવામાં આવે છે.
- આ ગ્રાહકમંડળો 'ગ્રાહક સુરક્ષા', 'ઈનસાઈટ', 'ધી કન્ઝ્યૂમર', 'ગ્રાહક મંચ' જેવાં સામાયિકો પ્રકાશિત કરીને જાગૃતિ ફેલાવવાનું કાર્ય કરે છે.

**અથવા**

**(32) ગ્રાહક સુરક્ષા અધિનિયમ- 1986 અંતર્ગત ગ્રાહકની વ્યાખ્યા જણાવો**

**જવાબ :** ગ્રાહક સુરક્ષા અધિનિયમ- 1986 કાયદા હેઠળ વ્યાપારી, માલ કે સેવાના સંદર્ભમાં ગ્રાહકની વ્યાખ્યા નીચે મુજબ કરવામાં આવી છે.

- જે કોઈ વ્યક્તિ કોઈપણ ચીજવસ્તુ,માલ કે સેવાની પૈસા આપીને અથવા અવેજના બદલામાં ખરીદી કરે અથવા વસ્તુ કે સેવા આપવા બદલ કિંમત ચૂકવવાની બાંયધરી આપે અથવા તો અંશતઃ કિંમત ચૂકવીને મેળવે કે અંશતઃ - બાકી રકમ ચૂકવવાની બાંયધરી આપીને તે વસ્તુ કે સેવા મેળવે છે તે વ્યક્તિ ગ્રાહક છે.
- હપ્તામાં ચૂકવણી કરીને અથવા ભાડા-ખરીદ પદ્ધતિ હેઠળ કોઈ માલનો વ્યક્તિ ઉપયોગ કરે કે સેવાના લાભ મેળવે છે તે વ્યક્તિ ગ્રાહક છે.

**(33) આપણી આસપાસ જોવા મળતી કઈ કઈ બાબતો દેશના માનવવિકાસ આંકને અસર કરે છે ?**

**જવાબ :** માનવવિકાસ બાબતે આપણે આપણાં કુટુંબમાં કે મહોલ્લામાં નજર કરીએ તો જણાશે કે નીચેની બાબતો માનવવિકાસ આંકને અસર કરે છે.

- કોઈ સગર્ભા માતાને પૂરતું પોષણ ન મળતું હોય.
- ઓછા વજનવાળાં બાળકનો જન્મ થયો હોય.
- બાળક કુપોષણવાળું હોય.
- બાળક આંગણવાડી કે શાળાએ જતું ન હોય.
- શાળામાં ભણતાં બાળકને વાંચતાં- લખતાં આવડતું ન હોય.
- અભ્યાસ અધવચ્ચેથી છોડી દીધો હોય.
- દીકરીઓને ઉચ્ચ અભ્યાસ કરાવતા ન હોય.
- યુવાનોને રોજગારી મળતી ન હોય.
- અકસ્માતને લીધે કોઈનું અકાળે મૃત્યુ થાય.
- કોઈ ગંભીર બીમારીનો ભોગ બને આ બધી બાબતોની અસર આપણા દેશના માનવવિકાસ આંક પર પડે છે.

**(34) ભારતમાં મહિલાઓ સાથે કયા કયા પ્રકારના ભેદભાવો રાખવામાં આવે છે ?**

**જવાબ :** ભારતમાં મહિલાઓ સાથે નીચે પ્રમાણેના ભેદભાવો રાખવામાં આવે છે.

- આજેપણ ઘણાં કુટુંબોમાં મહિલાઓ ઘરકામ કરે છે, રસોડામાં રસોઈ બનાવે કે બાળઉછેરનું કાર્ય કરે છે તેનો કોઈ હિસ્સો આર્થિક ઉપાર્જન કે રાષ્ટ્રીય આવકમાં ગણાતો નથી.
- સ્ત્રીઓને કુટુંબમાં કોઈ નિર્ણય લેવાની સત્તા હોતી નથી.
- આરોગ્યની અપૂરતી દેખભાળ તેમજ શિક્ષણ અને આર્થિક અધિકારોથી તેને વંચિત રાખવામાં આવી છે.
- દીકરા - દીકરીનાં કપડાંમાં, રમતોમાં, અભ્યાસની તકોમાં, ખોરાકમાં, હરવા - ફરવામાં, આચાર - વિચાર અને વ્યવહારમાં મહિલાઓ કુરિવાજોનો ભોગ બને છે.
- સમાજમાં ભ્રૂણહત્યા, સ્ત્રીઓ પ્રત્યે નીચો આદરભાવ, પુત્રજન્મ માટેની ઘેલછા, સામાજિક

પરંપરાઓ અને જાતીય ભેદભાવને લીધે સ્ત્રીઓને જ અન્યાયનો ભોગ બનવું પડે છે.

- આર્થિક, રાજકીય, સામાજિક, સાંસ્કૃતિક અને ધાર્મિકક્ષેત્રે તથા નિર્ણય પ્રક્રિયામાં પણ સ્ત્રી અને પુરુષમાં અસમાનતા જોવા મળે છે.
- ભારતનાં મોટાભાગનાં રાજ્યોમાં ઉચ્ચપદ, ઊંચી આવક, વધુ લાભ, વધુ વેતનવાળા ઉદ્યોગોમાં અને નોકરીઓમાં પુરુષોનું વર્ચસ્વ જોવા મળે છે.
- સંસદ, વિધાનસભા, વરિષ્ઠ અધિકારી, મેનેજર, કંપનીઓના ડિરેક્ટર, વ્યાવસાયિક ટેકનિકલ ક્ષેત્રે જોવા મળતું મહિલાઓનું ઓછું પ્રમાણ વગેરેમાં સ્ત્રી - પુરુષ વચ્ચેનો ભેદભાવ સ્પષ્ટ રીતે જોવા મળે છે.

## વિભાગ - D

- **નીચે આપેલા પ્રશ્ન નં.(35થી 39)ના વિસ્તારપૂર્વક આશરે 20 થી 25 લીટીમાં જવાબ આપો. (પ્રત્યેકનો 04 ગુણ)** **[20]**

**(35) પ્રાચીન ભારતે રસાયણ વિદ્યામાં સાધેલી પ્રગતિનું વર્ણન કરો.**

**જવાબ :** નાલંદા વિદ્યાપીઠ બૌદ્ધ આચાર્ય નાગાર્જુનને ભારતીય રસાયણશાસ્ત્રના આચાર્ય માનવામાં આવે છે.

- નાગાર્જુને 'રસરત્નાકર' અને 'આરોગ્યમંજરી' જેવાં પુસ્તકોની રચના કરી છે.
- આચાર્ય નાગાર્જુને વનસ્પતિ ઔષધિઓની સાથે સાથે રસાયણ ઔષધો વાપરવાની ભલામણ કરી હતી.
- પારાની ભસ્મ કરીને ઔષધ તરીકે વાપરવાનો પ્રયોગ આચાર્ય નાગાર્જુન દ્વારા શરૂ થયો હોવાનું મનાય છે.
- રસાયણવિદ્યાના અભ્યાસ અને સંશોધન માટે નાલંદા વિદ્યાપીઠમાં પોતાની અલગ રસાયણશાળા અને ભઠ્ઠીઓ હતી.
- રસાયણશાસ્ત્રોના ગ્રંથોમાં મુખ્યરસ, ઉપરસ, દસ પ્રકારનાં વિષ તેમજ વિવિધ પ્રકારના ક્ષારો અને ધાતુઓની ભસ્મનું વર્ણન જોવા મળે છે.
- રસાયણવિદ્યા ઉત્કૃષ્ટતા તો ધાતુમાંથી બનાવેલી ભગવાન બુદ્ધની મૂર્તિઓમાં દશ્યમાન થાય છે.
- 7 $^{1}/_{2}$ ફૂટ ઊંચી, 1 ટન વજન ધરાવતી તામ્રમૂર્તિ સુલતાનગંજ (બિહાર) માંથી મળી આવી છે.
- 18 ફૂટ ઊંચી ભગવાન બુદ્ધની મૂર્તિ નાલંદામાંથી મળી આવી છે.
- ચંદ્રગુપ્ત બીજાએ (વિક્રમાદિત્યે) નિર્માણ કરેલો વિજયસ્તંભ ભારતની રસાયણવિદ્યાનો ઉત્તમ નમૂનો છે.7 ટન વજન અને 24 ફૂટ ઊંચાઈ ધરાવતો આ વિજયસ્તંભ વરસાદ, ટાઢ કે તડકામાં આટલાં વર્ષો સુધી રહેવા છતાં કટાયો નથી !

**અથવા**

**(35) વૈદકવિદ્યા અને શૈલ્ય ચિકિત્સામાં પ્રાચીન ભારતનું મહત્ત્વ જણાવો.**

**જવાબ :** પ્રાચીન સમયથી ભારતે વૈદકવિદ્યા અને શૈલ્ય ચિકિત્સા ક્ષેત્રે અભૂતપૂર્વ સિદ્ધ હાંસલ કરી છે.

- ભારતીય વૈદકશાસ્ત્રના મહાન પ્રણેતાઓ મહર્ષિ ચરક, મહર્ષિ સુશ્રુત તથા વાગ્ભટ્ટે પોતાનાં સંશોધનોથી વૈદિકશાસ્ત્રનાં ઉચ્ચતમ શિખરો સર કર્યાં છે.
- મહર્ષિ ચરકે 'ચરકસંહિતા' નામના ગ્રંથમાં 2000 ઉપરાંત વનસ્પતિ, ઔષધિઓનું વર્ણન કર્યું છે.
- મહર્ષિ સુશ્રુતે 'સુશ્રુતસંહિતા' નામના ગ્રંથમાં શૈલ્યચિકિત્સા (વાઢકાપ વિદ્યા - શસ્ત્રક્રિયા) નાં

એવાં ધારદાર સાધનોનો ઉલ્લેખ કર્યો છે કે જે માથાના વાળને ઊભા ચીરીને બે ભાગ કરી શકતા હતા.

- પ્રાચીન ભારતના ઔષધશાસ્ત્રમાં ખનીજ, વનસ્પતિ અને પ્રાણીઓની ઔષધિઓનો વિશાળ સંગ્રહ સમાયેલો છે.આ ઔષધશાસ્ત્રમાં બનાવવાની ઝીણવટભરી વિધિઓની સાથે દવાઓનું વર્ગીકરણ તથા દવાના ઉપયોગ માટેનાં સૂચનો આપવામાં આવ્યાં છે.
- વાઢકાપની સર્જરીમાં પ્યાલા આકારનો પાટો બાંધી લોહીનું પરિભ્રમણ અટકાવતા હતા. પેઢું, મૂત્રાશય, સારણગાંઠ, મોતિયો, પથરી, હરસ, ભાંગેલા હાડકાને બેસાડવા, શરીરમાં ઘૂસી ગયેલા પદાર્થોને બહાર કાઢવાની તમામ બાબતોમાં ભારતીય લોકો નિપુણ હતા.
- તૂટેલા કાન કે નાકની સારવાર માટે 'પ્લાસ્ટિક સર્જરી' પણ તેઓ કરતા હતા.
- મૃત શરીર પર કે મીણના પૂતળા પર વાઢકાપ કરી વિદ્યાર્થીઓને પ્રત્યક્ષ જ્ઞાન આપતા હતા.
- તેઓ પ્રસૂતિનાં જોખમી ઓપરેશનો પણ કરતા હતા. સ્ત્રી અને બાળરોગોના પણ તેઓ નિષ્ણાત હતા. રોગનાં કારણો અને ચિહ્નો દ્વારા રોગનું નિદાન કરતા હતા.
- વૈદકશાસ્ત્રના વિદ્વાન વાગ્ભટ્ટે નિદાનક્ષેત્રે અષ્ટાંગહૃદય ગ્રંથમાં વૈદકશાસ્ત્ર વિશે મહત્ત્વપૂર્ણ પ્રદાન કર્યું છે.
- પ્રાચીન સમયમાં અશ્વ, હાથી વગેરે પ્રાણીઓના રોગો પર ગ્રંથો લખાયા હતા.

**(36) ભારતમાં કૃષિક્ષેત્રે થયેલા ટેકનિકલ સુધારાઓ જણાવો.**

જવાબ : પહેલાં ખેડૂત સિંચાઈ માટે રહેંટનો ઉપયોગ કરતો હતો. આજે સબમર્સિબલ કે મોનોબ્લોકપંપ, સોલારપંપ, ટપક સિંચાઈ અને ફુવારા પદ્ધતિનો ઉપયોગ કરતો થયો છે.

- D.A.P (ડાયએમોનિયમ ફોસ્ફેટ), N.P.K (નાઈટ્રોજન, ફોસ્ફેટ, પોટાશ), યુરિયા જેવાં રાસાયણિક ખાતરો તેમજ બાયોફર્ટિલાઈઝર જેવાં જૈવિક ખાતરો અને બાયોટેક બિયારણનો ઉપયોગ કરતો થયો છે.
- ખેડૂત પાકના સંરક્ષણ માટે જંતુનાશક દવાઓ અને જૈવિક નિયંત્રક (બાયોકંટ્રોલ) નો ઉપયોગ કરતો થયો છે.
- સરકાર દ્વારા ખેડૂતોને રેડિયો, ટીવી, વર્તમાનપત્રો, DD કિસાન ચેનલ, મોબાઈલ પર કિસાન SMS , ખેડૂત,વેબ પોર્ટલ/ ખેડૂત તથા Agri Market જેવી મોબાઈલ એપ દ્વરા સતત માહિતી અને નવી તકનિકોથી માર્ગદર્શન પૂરું પાડવામાં આવે છે.
- ગ્રામ્યવિસ્તારોમાં ગ્રામસેવકો દ્વારા કૃષિ સંશોધનો અને નવી તકનિકોનો પ્રચાર - પ્રસાર ખેડૂતો સુધી પહોંચાડાય છે.
- ગુજરાતમાં કૃષિમેળાઓ યોજી ખેડૂતોને અદ્યતન માહિતી અને માર્ગદર્શન પૂરું પાડવામાં આવે છે.
- દરેક રાજયમાં કૃષિ યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી છે.
- ગુજરાતમાં દાંતીવાડા, જૂનાગઢ, આણંદ અને નવસારી ખાતે કૃષિ યુનિવર્સિટીઓની સ્થાપના કરવામાં આવી છે. આ યુનિવર્સિટીઓમાં ખેતીક્ષેત્રે નવાં નવાં સંશોધનો થતાં રહે છે તેનાથી નવા કૃષિવિદો તૈયાર થાય છે.
- ICAR (ઈન્ડિયન કાઉન્સિલ ઓફ એગ્રિકલ્ચરલ રિસર્ચ) અને DARE (ડિપાર્ટમેન્ટ ઓફ એગ્રિકલ્ચરલ રિસર્ચ એન્ડ એજયુકેશન) વગેરે કૃષિક્ષેત્રે સંશોધન કરતી સંસ્થાઓ રાષ્ટ્રીય કક્ષાએ કાર્યરત છે.

**(37) ભારતમાં ગરીબીનું વર્ણન કરો.**

**જવાબ :** ● આયોજનપંચે 2011-12માં ગરીબીરેખા નક્કી કરવા ગ્રામીણક્ષેત્રે કુટુંબદીઠ ખર્ચ 4080 રૂપિયા અને શહેરીક્ષેત્રે કુટુંબદીઠ ખર્ચ 5000 નક્કી કર્યો હતો. આ નવા માપદંડના આધારે ભારતમાં 2011-12માં ગરીબોની સંખ્યા ઘટીને 27 કરોડની થઈ હતી. અને ગરીબીનું પ્રમાણ કુલ વસ્તીમાં ઘટીને 21.9 ટકા થઈ ગયું હતું.

- ભારતમાં 2009-10માં ગરીબીનું પ્રમાણ કુલ વસતીના 29.8 ટકા હતું, આમ, અંદાજે 35.47 કરોડો લોકો ગરીબીમાં જીવન જીવી રહ્યા હતા.
- વિશ્વ બેંકે 2012માં 2008ના ભાવોએ માથાદીઠ દૈનિક આવક US $ 1.90 (ડોલર) નિર્ધારિત કરી હતી.
- વિશ્વબેંકના એક અહેવાલ મુજબ 2010માં ભારતની કુલ વસ્તીમાંથી 121 કરોડમાંથી 32.7 ટકા લોકો ગરીબીરેખાની નીચે જીવતા હતા. જેની સંખ્યા અંદાજે 45.6 કરોડ થાય.
- UNDP-2015 ના રિપોર્ટ મુજબ ભારતમાં 2011-12માં ગરીબીનું પ્રમાણ કુલ વસ્તીના 21.92 ટકા હતું જે પૈકી ગ્રામીણક્ષેત્રે 25.7 ટકા ગરીબીનું પ્રમાણ અને શહેરી ક્ષેત્રે 13.7 ટકા ગરીબીનું પ્રમાણ જોવા મળ્યું હતું. અર્થાત્ 26.93 કરોડમાંથી ગ્રામીણક્ષેત્રે 21.65 કરોડ લોકો અને શહેરીક્ષેત્રે 5.28 કરોડ લોકો ગરીબી રેખા નીચે જીવતા હતા.
- ભારતમાં સૌથી વધુ ગરીબીનું પ્રમાણ ધરાવતું રાજ્ય છત્તીસગઢ (36.93 ટકા છે.) જ્યારે ઓછી ગરીબી ધરાવતું રાજ્ય ગોવા (5.09 ટકા) છે.
- ગુજરાતમાં ગરીબીનું પ્રમાણ 16.63 ટકા જોવા મળ્યું છે.
- ભારતમાં સરેરાશ 30 ટકાથી વધુ ગરીબીનું પ્રમાણ ધરાવતાં રાજ્યોમાં છત્તીસગઢ, આસામ, ઉત્તરપ્રદેશ, મણિપુર, બિહાર, અરુણાચલપ્રદેશ, ઝારખંડ, ઓડિશા વગેરે છે.

**(A) ગ્રામીણક્ષેત્રે ગરીબો :** ગ્રામીણક્ષેત્રે વસતાં ગરીબોમાં મોટાભાગે ખેતમજૂરો, ગૃહઉદ્યોગો કે કુટીર ઉદ્યોગોના કારીગરો, સીમાંતખેડૂતો, ભિખારીઓ, વેઠિયા મજૂરો, જંગલ કે પહાડી વિસ્તારમાં રહેતા લોકોનો સમાવેશ થાય છે.

**(B) શહેરીક્ષેત્રે ગરીબો :** કામચલાઉ મજૂર, દૈનિક શ્રમિક, ઘરનોકર, રિક્ષાચાલક, ચા-નાસ્તાની લારી - ગલ્લા કે હોટલ- ઢાબા પર, ઓટો ગેરેજમાં કામ કરનારા શ્રમિકો, ભિક્ષુકોનો સમાવેશ થાય છે.

**(અથવા)**

**(37) બેરોજગારીના પ્રકારોની ચર્ચા કરો.**

**જવાબ :** ભારતીય અર્થતંત્રમાં બેરોજગારીનાં કેટલાંક મુખ્ય સ્વરૂપો નીચે મુજબ જોવા મળે છે.

**(1) ઋતુગત બેરોજગારી :** ભારતમાં કૃષિક્ષેત્રે સિંચાઈની અપૂરતી સગવડો, વરસાદની અનિયમિતતા અને વૈકલ્પિક રોજગારીની તકોના અભાવે ત્રણથી પાંચ માસ બેરોજગાર રહેવું પડે તેને ઋતુગત કે મોસમી બેરોજગારી કહે છે.

**(2) ઘર્ષણજન્ય બેરોજગારી :** જૂની ટેકનોલોજીનાં સ્થાને નવી ટેકનોલોજી આવે ત્યારે અમુક સમય માટે શ્રમિકો બેરોજગાર બને છે જેને ઘર્ષણજન્ય બેરોજગારી કહે છે.

**(3) માળખાગત બેરોજગારી :** ભારતીય અર્થતંત્ર પછાત અને રૂઢિચુસ્ત છે સામાજિક પછાતપણુ, પરંપરાગત રૂઢિઓ, રિવાજો નિરક્ષરતા અને માળખાકીય સુવિધાઓનો અભાવ વગેરે

કારણોથી માળખાગત બેરોજગારી જોવા મળે છે.

**(4) પ્રચ્છન્ન કે છૂપી બેરોજગારી :** કોઈ કામધંધા કે વ્યાવસાયિક પ્રવૃત્તિમાં જરૂર કરતાં વધુ શ્રમિકો રોકાયેલા હોય આ વધારાના શ્રમિકોને ઉત્પાદન કાર્યમાંથી ખસેડી લેવાથી કુલ ઉત્પાદનમાં કોઈ ફેર પડતો ન હોય તો આ વધારાના શ્રમિક પ્રચ્છન્ન કે છૂપા બેરોજગાર કહેવાય.

**(5) ઔદ્યોગિક બેરોજગારી :** ઔદ્યોગિક ક્ષેત્રે થતા ફેરફારને લીધે જો વ્યક્તિને ટૂંકા કે લાંબા સમય માટે કામ વિનાનાં થવું પડતું હોય તો તેવી સ્થિતિને ઔદ્યોગિક બેરોજગારી કહે છે.

**(6) શિક્ષિત બેરોજગારી :** ઓછામાં ઓછું માધ્યમિક

**(38) બાળકોના મફત અને ફરજિયાત શિક્ષણ (RTE)ના અધિકારની મુખ્ય જોગવાઈ જણાવો.**

**જવાબ :** 6 થી 14 વર્ષની ઉંમર ધરાવતાં દરેક બાળકને તેનાં રહેઠાણથી નજીકમાં હોય એવી શાળામાં પ્રવેશ આપવો. ઉંમરના આધાર - પુરાવારૂપે જન્મનું પ્રમાણપત્ર ન હોવાના કારણોસર કોઈને પ્રવેશ આપવાનો ઈન્કાર કરી શકાતો નથી.

- 14 વર્ષ પૂરાં થયાં હોય તોપણ તેનું શિક્ષણ ચાલુ રાખીને તેને મફત શિક્ષણ પૂરું પાડવાનું છે.
- પ્રવેશ આપતી વખતે બાળકની ઉંમર 6 વર્ષની હોવી જોઈએ અને તેનો જન્મનો દાખલો ન હોય તો પણ હોસ્પિટલનો રેકર્ડ, બાળકની ઉંમર સંબધિત મા-બાપના સોગંદનામાને આધારે પ્રવેશ આપવાનો છે.
- શાળામાં કોઈપણ જાતના ભેદભાવ વગર પ્રવેશ આપવાનો છે.
- પ્રવેશ સમયે દાન કે કેપિટેશન ફી સ્વરૂપે કે અન્ય ડિપોઝીટરૂપે કે અન્ય ફી પેટે કોઈપણ રકમ લઈ શકાતી નથી.
- પ્રવેશ સમયે બાળક કે માતાપિતાના ઈન્ટર્વ્યૂ લઈને પ્રવેશ આપવો કે માતાપિતાની આવક અને શૈક્ષણિક લાયકાત કે યોગ્યતાના આધારે કે પ્રવેશ પરીક્ષા લઈને પ્રવેશ આપી શકાશે નહીં.
- શાળાના શિક્ષકો ખાનગી ટ્યૂશનની પ્રવૃત્તિ કરી શકશે નહીં.
- બાળકને બદલી સિવાયના કારણોસર પ્રાથમિક શિક્ષણ પૂરું ન કરે ત્યાં સુધી શાળામાંથી હાંકી કાઢી શકાશે નહીં.
- ખાનગી પ્રાથમિક શાળાઓમાં પ્રવેશ પામેલ SC, ST નાં બાળકોની ફીની ચૂકવણી શરતોને આધીન જે-તે શાળાને સરકાર ચૂકવી દેશે.
- 3 થી 5 વર્ષની વયજૂથનાં બાળકોના શિક્ષણ માટે બાળમંદિર શિક્ષણ, પાઠ્યક્રમ, મૂલ્યાંકન અને તેમના શિક્ષકો માટે ખાસ તાલીમ અંગેના નિયમો ઘડીને નર્સરી વિભાગને કાયદા હેઠળ આવરી લીધા છે.
- SC અને ST વર્ગોમાંથી અભ્યાસ અર્થે પ્રવેશવાંચ્છુ બાળકોને ઉપરાંત બીપીએલ યાદી પરનાં કુટુંબનાં બાળકોને સરકાર માન્ય ખાનગી પ્રાથમિક શાળામાં ધોરણ - 1 માં વર્ગની કુલ ક્ષમતાથી 25 ટકાની મર્યાદામાં ફરજિયાત પ્રવેશ આપવાની આદેશાત્મક જોગવાઈ આ કાયદામાં કરવામાં આવી છે.

(39) ભારતનાં રેખાંકિત નકશામાં નીચેની વિગતો યોગ્ય સંજ્ઞાસૂચિ વડે દર્શાવો.

(1) શેરડી ઉત્પાદક કોઈ એક પ્રદેશ (2) કાળી જમીનનો કોઈ એક પ્રદેશ

(3) વેળાવદર રાષ્ટ્રીય ઉદ્યાન (4) રાષ્ટ્રીય જળમાર્ગ-1



● **નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરો. (પ્રત્યેકનો 01 ગુણ)** **[04]**

**(1) નીચે આપેલી જોડ પૈકી કઈ જોડ અયોગ્ય છે ?** – D

(A) કાલિદાસ - ઋતુસંહાર

(B) બાણ - કાદમ્બરી

(C) ભારવિ - કિરાતાર્જુનિયમ

**(D) વિશાખાદત્ત - દશકુમારચરિત**

**(2) નીચે આપેલાં જોડકાંમાંથી કયું જોડકું સાચું છે તે શોધીને લખો.** – A

| (અ) | (બ) |
|---|---|
| (1) શ્રી હેમચંદ્રાચાર્ય ગ્રંથાલય | (A) મુંબઈ |
| (2) ભારતીય સંગ્રહાલય | (B) ભોપાલ |
| (3) છત્રપતિ શિવાજી મહારાજ વાસ્તુ સંગ્રહાલય | (C) પાટણ |
| (4) રાષ્ટ્રીય માનવ સંગ્રહાલય | (D) કોલકતા |

**(A) [1 - C] [2 - D] [3 - A] [4 - B]**

(B) [1 - A] [2 - B] [3 - D] [4 - C]

(C) [1 - A] [2 - C] [3 - B] [4 - D]

(D) [1 - B] [2 - D] [3 - C] [4 - A]

**(3) ભવિષ્યમાં ભૂતાપીય ઉષ્મા શક્તિનો ઉપયોગ કરી શકાય તે માટે મોજણી કરવા ભારત સરકારના કેટલાક અધિકારીઓ ગુજરાતની મુલાકાત લેવા માગે છે.**

- નીચે જણાવેલાં ચાર સ્થળો પૈકી ત્રણ સ્થળોએ જવાં જેટલો જ સમય તેમની પાસે છે તો તેમણે કયાં સ્થળની મુલાકાત ટાળવી જોઈએ ? – C

(A) તુલસીશ્યામ

(B) ઉનાઈ

(C) સાપુતારા

(D) લસુન્દ્રા

**(4) નીચે આપેલા દેશોને માનવવિકાસ આંકમાં ઊતરતા ક્રમે ગોઠવતા કઈ જોડ સાચી બનશે ?** – C

(A) ભારત, શ્રીલંકા, નેપાળ, ભૂતાન

(B) શ્રીલંકા, ભૂતાન, ભારત, નેપાળ

**(C) શ્રીલંકા, ભારત, ભૂતાન, નેપાળ**

(D) શ્રીલંકા, ભારત, નેપાળ, ભૂતાન

● **ખાલી જગ્યા પૂરો. (પ્રત્યેકનો 1 ગુણ)** **[03]**

**(5)** પંજાબમાં સિંચાઈક્ષેત્રનું પ્રમાણ **90.8** ટકા છે.

**(6)** ભારતીય સંગ્રહાલય **કોલકતા** ખાતે આવેલું છે.

**(7)** માનવ અધિકારો એ **નાગરિકતા** નું અનિવાર્ય લક્ષણ છે.

● **બંધબેસતાં જોડકાં જોડો (પ્રત્યેકનો 01 ગુણ)** **[03]**

| | વિભાગ -A | વિભાગ -B |
|---|---|---|
| (8) | (1) અટાલા મસ્જિદ | (A) માળવા |
| (9) | (2) હોશંગાશાહનો મકબરો | (B) કાશ્મીર |
| (10) | (3) કંગુર બુરજ | (C) બીજાપુર |
| | | (D) જોનપુર |

જવાબ : (1) **D** (2) **A** (3) **B**

● **નીચેનાં વિધાનો સાચાં છે કે ખોટાં તે જણાવો. (પ્રત્યેકનો 01 ગુણ)** **[03]**

**(11)** ગુજરાતમાં રાણીની વાવ ધોળકામાં આવેલી છે. – X

**(12)** ઉદારીકરણને પરિણામે વિદેશી હૂંડિયામણની અનામતમાં વધારો થયો છે. – ✓

**(13)** ભારતમાં લગભગ 50 ટકા જળ સિંચાઈ માટે ઉપયોગી છે. – X

- **આપેલા પ્રશ્નોના એક કે બે વાક્યમાં ઉત્તર લખો. (પ્રત્યેકનો 01 ગુણ) [03]**

**(14) રજ્જુમાર્ગ કયાં કયાં સ્થળોએ આવેલા છે ?**

જવાબ : **ઉત્તર ભારતમાં** દાર્જીલિંગ, કુલુમનાલી, ચેરાપુંજી, હરિદ્વારમાં રજ્જુમાર્ગ આવેલાં છે.

- **દક્ષિણ ભારતમાં** ચેન્નઈ, મલાઈના પર્વતીય વિસ્તારમાં રૉપ-વે આવેલા છે.
- **ગુજરાતમાં** પાવાગઢ, સાપુતારા, અંબાજી, ગિરનારમાં રૉપ -વેની સુવિધા ઉપલબ્ધ છે.

**(15) આર્થિક વિકાસ એટલે શું ?**

જવાબ : દેશની રાષ્ટ્રીય આવકમાં સતત વધારો થવો.

- દેશની માથાદીઠ આવકમાં વધારો થવો.
- લોકોના જીવનધોરણમાં સુધારો થવો.

**(16) કેન્દ્ર સરકારે માહિતી મેળવવાનો અધિકાર ક્યારે બહાર પાડ્યો ?**

જવાબ : કેન્દ્ર સરકારે માહિતી મેળવવાનો અધિકાર 15 જૂન 2005ના રોજ બહાર પાડ્યો.

## વિભાગ - B

- **નીચે આપેલા પ્રશ્ન નં. (17 થી 26)ના ટૂંકમાં ઉત્તર લખો. (પ્રત્યેકના 02 ગુણ) [20]**

**(17) ભારતની પ્રજા અતિપ્રાચીન સમયથી પર્યાવરણ-પ્રેમી રહી છે. આ વિધાન સમજાવો.**

જવાબ : ભારતની પ્રજા આદિસમયથી પર્યાવરણપ્રેમી રહી છે, તેમનો વૃક્ષપ્રેમ, પુષ્પપ્રેમના છોડવાઓ પ્રત્યેનો આદર, પ્રકૃતિના તત્ત્વો પ્રત્યે પૂજ્યભાવ આ વાતની સાબિતી છે.

- માણસનું જીવન પ્રાણીઓ, પશુ-પક્ષીઓ તથા વનસ્પતિઓ પર આધારિત છે.
- ભારતમાં વડ, પીપળો, તુલસી વગેરેની ધૂપ-દીપ સાથે પૂજા કરવામાં આવે છે. વટસાવિત્રી વ્રતમાં વડની પૂજા કરવામાં આવે છે.
- અનાજ, કઠોળ, તેલિબિયાના છોડ, ધન-ધાન્યથી લહેરાતાં ખેતરો, વનસમૃદ્ધિથી ભરેલાં જંગલો અને ઔષધિઓના છોડવાઓએ આપણા જીવનને સમૃદ્ધ બનાવ્યું છે. મોગરો, પારિજાત, ગુલાબ, કમળ, ડોલર(મોગરો), સૂરજમુખી, ચંપો, નિશીગંધા, જૂઈ વગેરે પુષ્પોએ માનવજીવનને સુંદર, સુવાસિત, નિરામય અને સમૃદ્ધ બનાવ્યું છે. આથી કહી શકાય કે ભારતની પ્રજા અતિપ્રાચીન સમયથી

**અથવા**

**(17) ભારતના વારસાના મુખ્ય કેટલા પ્રકાર છે ? કયા કયા ? પ્રાકૃતિક વારસામાં કઈ કઈ બાબતોનો સમાવેશ થાય છે ?**

જવાબ : ભારતના વારસામાં મુખ્ય બે પ્રકાર છે :

**(1) ભારતનો પ્રાકૃતિક વારસો**

**(2) ભારતનો સાંસ્કૃતિક વારસો**

- ભારતના પ્રાકૃતિક વારસામાં નીચેની બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો છે.
- ભારતમાં પ્રાકૃતિક વારસામાં ઊંચા પર્વતો, નદીઓ, ઝરણાં, સાગરો, લાંબા દરિયાકિનારા, વિશાળ ફળદ્રુપ મેદાનો, ખીણપ્રદેશો તથા રણપ્રદેશોનો સમાવેશ થાય છે.
- પ્રાકૃતિક વારસામાં વૃક્ષો, વનસ્પતિ, જીવજતુંઓ, ઋતુઓ, પશુ-પક્ષી, પ્રાણીઓ, વૈવિધ્યપૂર્ણ ભૂમિદશ્યો, વિવિધ પ્રકારનાં ખડકો અને ખનીજોનો સમાવેશ થાય છે.

**(18) ભારતની એક કલા તરીકે જડતર કલાનો પરિચય આપો.**

જવાબ : અલંકારો અને જડતરકામની કલા ભારતની એક પ્રાચીન કલા છે.

- ભારતના રાજાઓ, સમ્રાટો, અન્ય શાસકો અને તે સમયના શ્રીમંતો વગેરે જે સુવર્ણ અલંકારો

ધારણ કરતા હતા તેમાં હીરા, મોતી, માણેક જેવાં કીમતી રત્નો જડાતાં હતાં.

- આ ઉપરાંત ગળાના હાર, બાજુબંધ, કડાં, મુગટ, દામણી, વીંટી, નથણી, કાંપ વગેરે અલંકારોમાં રત્નો જડીને ધારણ કરતા હતા.
- વિશેષ નિપુણતા ધરાવતા કારીગરો આવી જડતર કલામાં પ્રવીણ હતા.
- રાજસ્થાનનું બિકાનેર શહેર ઘરેણાંના જડતરકામ માટે જાણીતું છે.

**(19) ઈલોરાના કૈલાસ મંદિરનો ટૂંકમાં પરિચય આપો.**

**જવાબ:** રાષ્ટ્રકુટ રાજાઓના સમયમાં હિન્દુધર્મની ગુફાઓનું નિર્માણ થયું હતું એમાં 16 નંબરની ગુફામાં કૈલાસમંદિર આવેલું છે.

- કૈલાસમંદિરને એક જ પથ્થરમાંથી કોતરીને બનાવવામાં આવ્યું છે.
- આ મંદિર 50 મીટર લાંબું, 33 મીટર પહોળું અને 30 મીટર ઊંચું છે.
- દરવાજા, ઝરૂખા અને સુંદર સ્તંભોની શ્રેણીઓથી સુશોભિત આ મંદિરની શોભા અવર્ણનીય છે.
- પ્રાચીન ભારતીય સભ્યતાનું જીવંત પ્રદર્શન કરે છે.

**(અથવા)**

**(19) પ્રાચીન સમયથી ભારત તીર્થભૂમિ રહ્યું છે તે સ્પષ્ટ કરો.**

**જવાબ:** ભારતના લોકો વિવિધ તીર્થસ્થાનોની યાત્રાએ જાય છે.

- ભારતની ચારધામ યાત્રા અને બાર જ્યોતિર્લિંગ -ની યાત્રા પ્રચલિત છે.
- આ ચારધામમાં બદ્રીનાથ (ઉત્તરાખંડ), રામેશ્વર (તમિલનાડુ), દ્વારકા (ગુજરાત), અને જગન્નાથ-પુરી (ઓડિશા)ની યાત્રાનું ઘણું મહત્ત્વ છે.
- આ ઉપરાંત 51 શક્તિપીઠ અને અમરનાથની યાત્રા પણ મહત્ત્વની ગણાય છે.
- ગિરનાર (લીલી પરિક્રમા), શેત્રુંજય અને નર્મદાની પરિક્રમાનું પણ અનેરું મહત્ત્વ છે.
- દેશ-વિદેશમાં અનેક પ્રવાસીઓ ભારતની તીર્થભૂમિએ નિયમિત આવતા રહે છે આથી કહી શકાય કે પ્રાચીન સમયથી ભારત તીર્થભૂમિ રહ્યું છે.

**(20) ફતેહપુર સિકરીમાં કઈ કઈ ઈમારતોનો સમાવેશ થાય છે ?**

**જવાબ :** ફતેહપુર સિકરીમાં ઈમારતોનું બાંધકામ ઈ.સ. 1569માં શરૂ થયું હતું અને ઈ.સ. 1572 સુધીમાં અહીં ઘણી ઈમારતોનું બાંધકામ થયું હતું.

- ફતેહપુર સિકરીની ઈમારતોમાં બીરબલનો મહેલ, બીબી મરિયમનો સુનહલા મહેલ, બુલંગ દરવાજજા તુર્કી સુલતાનનો મહેલ, જામા મસ્જિદનો સમાવેશ થાય છે.
- ફતેહપુર સિકરીની બીજી જાણીતી ઈમારતોમાં જોધાબાઈનો મહેલ, પંચમહેલ, શેખ સલીમ ચિસ્તીનો મકબરો, દીવાન - એ - આમ, દીવાન - એ-ખાસ, જ્યોતિષ મહેલ વગેરે ઈમારતોનો સમાવેશ થાય છે.

**(21) ઐતિહાસિક સ્મારકોનું સમારકામ કરતી વખતે કઈ કઈ બાબતો ધ્યાનમાં લેવી જોઈએ ?**

**જવાબ :** ઐતિહાસિક સ્મારકોનું સમારકામ કરતી વખતે ચોક્કસ પદ્ધતિએ સમારકામ કરવું જોઈએ.

- ઈમારતોનું સમારકામ કરતી વખતે કેટલીક બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ જેમાં તેનું મૂળ સ્વરૂપ, આકાર, કદ તથા અસલિયત વગેરે જળવાય તે જરૂરી છે.
- કુદરતી આફતોથી પ્રવાસન સ્થળોને નુકસાન થાય તો તેને ફરીથી મૂળ રૂપમાં લાવવા માટે પ્રયત્નો કરવા જોઈએ.

**(22) લેટેરાઈટ કે પડખાઉ પ્રકારની જમીન વિશે ટૂંકમાં સમજાવો.**

**જવાબ :** આ જમીનનું નામ લેટીન ભાષાના શબ્દ 'Later' એટલે કે ઈંટ પરથી પડ્યું છે.

- આ પ્રકારની જમીનનો લાલ રંગ લોહ ઑક્સાઈડને કારણે હોય છે.
- આ પ્રકારની જમીન ભીની થાય ત્યારે માખણ જેવી મુલાયમ અને સૂકાય ત્યારે સખત બની જાય છે.
- આ પ્રકારની જમીન સૂકી અને ભેજવાળી હોય છે.
- આબોહવાના પરિવર્તનથી અને સિલિકામય પદાર્થોના ઘસારણથી આ જમીનનું નિર્માણ થયેલું છે.
- આ પ્રકારની જમીન ભારતીય દ્વીપકલ્પીય ઉચ્ચપ્રદેશના ઊંચાણવાળા ભાગોમાં વિકસિત થયેલી જોવા મળે છે.
- આ પ્રકારની જમીનોમાં મુખ્યત્વે લોહતત્ત્વ, પોટાશ અને એલ્યુમિનિયમનું પ્રમાણ વધારે પ્રમાણમાં જોવા મળે છે. આ જમીન ઓછી ફળદ્રુપતા ધરાવે છે.
- આ પ્રકારની જમીનોમાં ખાતર નાખીને કપાસ, ડાંગર, રાગી, શેરડી, ચા, કૉફી, કાજુ વગેરે પાક લેવામાં આવે છે.

**અથવા**

**(22) જંગલ પ્રકારની જમીન વિશે સમજાવો.**

**જવાબ :** આ પ્રકારની જમીન હિમાલયના શંકુદ્રુમ જંગલોમાં 3000 મીટરથી 3100 મીટરની ઊંચાઈ વચ્ચે તથા સહ્યાદ્રિ પૂર્વઘાટ અને મધ્યહિમાલયના તરાઈ ક્ષેત્રમાં આવેલી છે.

- વૃક્ષોનાં ખરેલાં પાંદડાંથી આ જમીનની ભૂસપાટી ઢંકાયેલી હોય છે.
- પાંદડાં સડવાથી સેંદ્રિય દ્રવ્યોનું પ્રમાણ વધવાથી આ જમીનનો ઉપરનો ભાગ કાળો બનેલો હોય છે. જે જમીન તળમાં નીચેની તરફ જતાં ભૂરા કે લાલ રંગમાં ફેરવાય છે.
- આ પ્રકારની જમીનમાં ચા, કૉફી, તેજાના ઉપરાંત ઘઉં, મકાઈ, જવ, ડાંગર વગેરે પાકો લેવામાં આવે છે.
- આ પ્રકારની જમીન અત્યંત મર્યાદિત વિસ્તાર ધરાવે છે.

**(23) ભારતની મુખ્ય બહુહેતુક યોજનાઓ કઈ કઈ છે ? તે કઈ કઈ નદીઓ પર બાંધવામાં આવી છે ? તથા લાભાન્વિત રાજ્યો વિશે જણાવો.**

**જવાબ : ભારતની મુખ્ય બહુહેતુક યોજનાઓ**

| બહુહેતુક યોજના | નદી | લાભાન્વિત રાજ્યો |
|---|---|---|
| ભાખરા - નાંગલ | સતલુજ | પંજાબ,હરિયાણા, રાજસ્થાન |
| કોસી | કોસી | બિહાર |
| દામોદર ખીણ | દામોદર | ઝારખંડ, પશ્ચિમબંગાળ |
| હીરાકુડ | મહાનદી | ઓડિશા |
| ચંબલ ખીણ | ચંબલ | મધ્યપ્રદેશ, રાજસ્થાન |
| નાગાર્જુન સાગર | કૃષ્ણા | આંધ્રપ્રદેશ, તેલંગાણા |
| કૃષ્ણરાજ સાગર | કાવેરી | કર્ણાટક, તમિલનાડુ |
| તુંગભદ્રા | તુંગભદ્રા | કર્ણાટક, આંધ્રપ્રદેશ |
| નર્મદાખીણ (સરદાર સરોવર) | નર્મદા | મધ્યપ્રદેશ, ગુજરાત, રાજસ્થાન, મહારાષ્ટ્ર |
| કડાણા, વણાકબોરી | મહીસાગર | ગુજરાત |
| ઉકાઈ, કાકરાપાર | તાપી | ગુજરાત |
| ધરોઈ | સાબરમતી | ગુજરાત |

**(24) આધુનિક યુગને 'ખનીજયુગ' પણ કહે છે સમજાવો.**

જવાબ : માનવની વિકાસકુચમાં ખનીજ સંસાધનોનો મોટો ફાળો છે.

- માનવની વિકાસયાત્રાને વિવિધ તબક્કામાં વહેંચવામાં આવે છે. જેમકે પાષાણયુગ, તામ્રયુગ, કાંસ્યયુગ, લોહયુગ અને આધુનિક સમયગાળો એટલે અણુયુગ.
- માનવનો ખનીજ સાથેનો સંબંધ ગાઢ અને જૂનો છે.
- આજના સમયમાં ખનીજો રાષ્ટ્રના વિકાસની કરોડરજ્જુ ગણાય છે.
- યુ.એસ.એ. અને રશિયા ખનીજોના ઉપયોગને કારણે વિશ્વની મહાસત્તાઓ બન્યાં છે. આ બંને રાષ્ટ્રો ખનીજોના વૈવિધ્ય અને સમૃદ્ધિથી સંપન્ન છે આથી આધુનિક યુગને 'ખનીજયુગ' પણ કહે છે.

**(25) ભારતના રાસાયણિક ખાતર ઉદ્યોગ વિશે ટૂંકમાં સમજાવો.**

જવાબ : દેશમાં રાસાયણિક ખાતરનું સૌપ્રથમ કારખાનું ઈ.સ.1906માં તમિલનાડુમાં આવેલા રાનીપેટ ખાતે સ્થપાયું હતું.

- રાસાયણિક ખાતર ઉદ્યોગમાં વિકાસ ફર્ટિલાઈઝર કોર્પોરેશન ઑફ ઇન્ડિયા દ્વારા પ્રસ્થાપિત બિહારના સિંદરી ખાતેથી થયો હતો.
- ગુજરાત, તમિલનાડુ, ઉત્તરપ્રદેશ, પંજાબ અને કેરલમાં રાસાયણિક ખાતરનાં કારખાનાં આવેલાં છે.
- ગુજરાતમાં કલોલ, કંડલા, હજીરા, ભરૂચ, વડોદરા વગેરે સ્થળોએ રાસાયણિક ખાતરનાં કારખાનાં આવેલાં છે.

**(26) લઘુમતી કોને ગણવામાં આવે છે ?**

જવાબ : ધર્મ કે ભાષાના આધારે કોઈપણ પ્રદેશ કે પ્રદેશોમાં બહુમતીમાં ન હોય તેવા લોકસમૂહને લઘુમતી કહેવામાં આવે છે.

- ભારતના બંધારણમાં લઘુમતી માટે સ્પષ્ટ વ્યાખ્યા કરવામાં આવી નથી.
- દેશ કે પ્રદેશની વસ્તીમાં અડધા કે તેથી ઓછી સંખ્યા ધરાવતા લોકસમૂહને લઘુમતી કહી શકાય.
- લઘુમતીઓનો ખ્યાલ કોઈપણ ધર્મ, ભાષા કે પ્રદેશ પૂરતો મર્યાદિત નથી.
- રાષ્ટ્રીય સ્તર પર લઘુમતીઓની સંકલ્પના એ રાજ્ય સ્તરની સંકલ્પના કરતાં બિલકુલ ભિન્ન છે.
- જો કોઈ લોકસમુદાય કોઈ પ્રદેશ, રાજ્યની કુલ વસ્તીનાં પ્રમાણમાં બહુમતીમાં હોય તોપણ રાષ્ટ્રીય રીતે લઘુમતીમાં હોઈ શકે. તથા તેનાથી અલગ જ તે રાજ્યમાં લઘુમતીમાં હોય તેવા વર્ગ રાષ્ટ્રીય સ્તરે બહુમતીમાં હોઈ શકે.

**અથવા**

**(26) બંધારણીય આર્ટિકલ 19(5)વિશેની જોગવાઈઓ જણાવો.**

જવાબ : આર્ટિકલ 19(5)થી રાજ્યોમાં રાજ્યપાલને અનુસૂચિત જનજાતિઓના હિતામાં સર્વનાગરિકોને ગમે તે પ્રદેશમાં આવ-જા કરવાના અથવા કોઈપણ વેપારધંધો કરવાના સામાન્ય હકો પર નિયંત્રણ મૂકવાની સત્તા આપે છે.

- અનુસૂચિત જનજાતિનાં વિસ્તારમાં જમીનની ફેરબદલી, નાણાં ધીરનાર તથા અન્ય પ્રકારે અનુસૂચિત જનજાતિઓનાં થતાં શોષણને અટકાવવાં અને તેનાંથી તેનું રક્ષણ કરવા ખાસ કાયદાઓ કરવાનો અધિકાર છે.

## વિભાગ - C

- **નીચે આપેલા પ્રશ્ન નં. (27 થી 34)ના મુદ્દાસર ઉત્તર લખો. (પ્રત્યેકના 03 ગુણ) [24]**

**(27) પ્રાચીન ભારતનું નગર આયોજન સમજાવો.**

જવાબ : ભારત પ્રાચીન સમયથી નગર આયોજનમાં નિપુણતા ધરાવે છે. આ નગરોના મુખ્ય ત્રણ વિભાગ પડે છેઃ (1) શાસક અધિકારીઓનો ગઢ (સિટડલ) (2) અન્ય અધિકારીઓના આવાસો ધરાવતું ઉપલું નગર (3) સામાન્ય નગરજનોના આવાસ ધરાવતું નીચલું નગર

- શાસક અધિકારીઓનો ગઢ જે ઊંચાઈ પર બાંધવામાં આવ્યો હતો.
- ઉપલું નગર પણ રક્ષણાત્મક દીવાલોથી સુરક્ષિત છે. અહીંયા બેથી પાંચ ઓરડાવાળાં મકાનો મળી આવ્યાં છે.
- નીચલા નગરનાં મકાનો મુખ્યત્વે હાથે ઘડેલી ઈંટોનાં બનેલાં છે.
- સિંધુ ખીણની સંસ્કૃતિની પ્રજાએ સ્થાપત્યના ક્ષેત્રે તે સમયની બધી સંસ્કૃતિઓ કરતાં સુંદર અને વ્યવસ્થિત નગરો વિકસાવ્યાં હતાં.

**(28) મહાકાવ્યો તરીકે રામાયણ અને મહાભારતનો પરિચય આપો.**

જવાબ : રામાયણમાં અયોધ્યાના રાજવી રામચંદ્રની કથા છે. તેમાં 24000 શ્લોકો છે.

- તેમાં અનેક દિલચસ્પ ઘટનાઓ અને સાહસોનું વર્ણન કરવામાં આવ્યું છે.
- મહાભારતમાં લગભગ એક લાખ શ્લોક છે.
- તે વિશ્વનો સૌથી મોટો કાવ્યગ્રંથ છે.
- મહાભારતનો મુખ્ય વિષય પાંડવો અને કૌરવો વચ્ચે થયેલું યુદ્ધ છે.
- મહાભારતમાં અનેક નાની-મોટી વાર્તાઓને જોડી દેવામાં આવી છે.
- મહાભારતના 'શ્રીમદ્ ભગવદ્ગીતા'માં ગહન દાર્શનિક સિદ્ધાંતોનું વિવેચન કરવામાં આવ્યું છે.
- 'શ્રીમદ્ ભગવદ્ગીતા'માં મોક્ષપ્રાપ્તિના ત્રણ માર્ગઃ જ્ઞાનમાર્ગ, કર્મમાર્ગ અને ભક્તિમાર્ગનું વિવેચન કરવામાં આવ્યું છે.

**અથવા**

**(28) ભારતના પ્રસિદ્ધ વિદ્યાધામ વારાણસી (કાશી)નો પરિચય આપો.**

- વારાણસી યાત્રાધામ તરીકે પ્રસિદ્ધ છે. ઇ.સ.પૂર્વે 7મા સૈકામાં તે ભારતનું પ્રસિદ્ધ વિદ્યાકેન્દ્ર હતું.
- ઉપનિષદ કાળમાં તે આર્ય સંસ્કૃતિ અને ધર્મના કેન્દ્ર તરીકે વિકસ્યુ હતું.
- વ્યાસસંહિતામાં મહર્ષિ વેદવ્યાસનો આશ્રમ કાશીમાં હોવાનો ઉલ્લેખ છે.
- ભગવાન બુદ્ધે પોતાના મતના પ્રચાર અને પ્રસાર માટે વારાણસી પર પસંદગી ઉતારી હતી.
- આદિ શંકરાચાર્ય જેવા સમર્થ તત્ત્વજ્ઞાનીએ તેમના વેદાંતના નૂતન સિદ્ધાંતની સ્વીકૃતિ માટે કાશી જવું પડ્યું હતું.
- ચૈતન્ય મહાપ્રભુ અને પુષ્ટિમાર્ગના પ્રવર્તક વલ્લભચાર્યજીએ પણ પોતાના વૈષ્ણવ સંપ્રદાયની પ્રતિષ્ઠા અહીં જ મેળવી હતી.
- અન્ય રાજ્યોના રાજકુમારો પણ અહીં ઉચ્ચ શિક્ષણ માટે આવતા હતા.
- સમ્રાટ અશોકના આશ્રયથી વારાણસીનો સારનાથ મઠ પ્રસિદ્ધ વિદ્યાધામ બન્યો હતો.

**(29) નિર્વનીકરણની અસરો જણાવો.**

જવાબ : નિર્વનીકરણથી વાતાવરણમાં કાર્બન ડાયોકસાઈડની માત્રા વધે છે.

- હરિત ગૃહ પ્રભાવની (ગ્રીન હાઉસ ઇફેક્ટ) અસરો વધારે ઘેરી બને છે.
- વૃક્ષોનું આચ્છાદન દૂર થતાં માટીના ધોવાણથી ખેતીલાયક જમીનની ફળદ્રુપતાની સમસ્યા વધે છે.

- દ્વીપકલ્પીય ભારતનાં જંગલોમાં મોટા પાયા પર થયેલ નિર્વનીકરણના કારણે જંગલ વિસ્તાર ઘટ્યો છે.
- અનેક સજીવોએ પોતાના કુદરતી આવાસો ગુમાવ્યા, તેના પરિણામે વન્યજીવો ખોરાક અને પાણીની શોધમાં માનવ વસવાટનાં ક્ષેત્રો તરફ આવી ચડે છે.
- માંસાહારી વન્યજીવો દ્વારા જંગલની નજીકનાં ક્ષેત્રોમાં વસતા પશુપાલકોના પાલતુ પશુઓનાં મારણના બનાવો વધી રહ્યા છે.

**(અથવા)**

**(29) લુપ્ત થતા વન્યજીવ વિશે નોંધ લખો.**

**જવાબ :** આજે વિશ્વના અસંખ્ય વન્યજીવો વિનાશ થવાના આરે ઊભેલા છે.

- ગુજરાતમાં ઈડર, અંબાજી, પંચમહાલ અને ડાંગનાં જંગલોમાં વાઘ જોવા મળતા હતા. આજે ગુજરાતનાં જંગલોમાંથી વાઘ સંપૂર્ણપણે નષ્ટ થયા છે.
- ભારતનાં જંગલોમાંથી ચિત્તો નષ્ટ થઈ ચૂક્યો છે. ગીધ, ગુલાબી ગરદનવાળી બતક, સારસ અને ઘુવડ વગેરે ભવિષ્યમાં લુપ્ત થવાની તૈયારીમાં છે.
- પૂર્વોત્તરના અરુણાચલ પ્રદેશમાં વ્યાપક પ્રમાણમાં જોવા મળતા મોટા ચિલોત્રા આજે સરળતાથી જોવા મળતા નથી.
- નદીઓના મીઠા પાણીમાં જોવા મળતા ઘડિયાલ (મગરની પ્રજાતિ) અને ગંગેય ડૉલ્ફિનના અસ્તિત્વ પર આજે ભારે સંકટ છે.
- ઓડિસા, ગુજરાત વગેરે રાજ્યોના સમુદ્રકિનારે ઈંડાં મૂકવા આવતા સમુદ્રી કાચબાઓની સંખ્યામાં સતત ઘટાડો નોંધાયો છે.
- એક સમયે ગુજરાતની નર્મદા, તાપી, મહી અને સાબરમતી સહિતની નદીઓમાં જોવા મળતી જળ બિલાડી તે ક્ષેત્રોમાં લગભગ લુપ્ત થવાના આરે છે.

**(30) નીચેના શબ્દોની સંકલ્પનાઓ સમજાવો.**

**(1) જીવન નિર્વાહ ખેતી કે આત્મનિર્વાહ ખેતી :**

**જવાબ :** ભારતના ખેડૂતની આર્થિક સ્થિતિ આજે પણ પ્રમાણમાં નબળી છે નાના કદનાં ખેતરોમાં મોંઘાં બિયારણો, ખાતર અને જંતુનાશકોનો ઉપયોગ કરવો પોષાય તેમ નથી. ખેતરમાં થતું અનાજનું ઉત્પાદન પોતાના પરિવારના ઉપયોગ જેટલું જ થાય છે, જે તેના કુટુંબના ભરણપોષણમાં જ વપરાય જાય છે. તેને જીવનનિર્વાહ ખેતી કે આત્મનિર્વાહ ખેતી કહે છે.

**(2) ભીની ખેતી :**

**જવાબ :** જ્યાં વરસાદનું પ્રમાણ વધુ છે અને સિંચાઈની સગવડ વધુ છે તેવા વિસ્તારોમાં આર્દ્ર (ભીની) ખેતી કરવામાં આવે છે. વરસાદ ન પડે કે ઓછો પડે ત્યારે સિંચાઈ દ્વારા વર્ષમાં એક કરતાં વધુ પાક લઈ શકાય છે જેમાં ડાંગર, શેરડી, કપાસ, ઘઉં અને શાકભાજીની ખેતી કરવામાં આવે છે.

**(3) બાગાયતી ખેતી :**

**જવાબ :** બાગાયતી ખેતી એક ખાસ પ્રકારે થતી ખેતી છે. એમાં રબર, ચા, કૉફી, કોકો, નાળિયેર, સફરજન, કેરી, સંતરાં, દ્રાક્ષ, આંબળાં, લીંબુ, ખારેક, વગેરે ફળોની ખૂબ જ માવજત સાથે ખેતી કરવામાં આવે છે. આ પ્રકારની ખેતીમાં વધુ મૂડી- રોકાણ, કુશળતા, તકનિકી જ્ઞાન, યંત્રો, ખાતર, સિંચાઈ, પરીક્ષણ સંગ્રહણ અને પરિવહનની પર્યાપ્ત સુવિધા હોવી જરૂરી છે.

**(31) વિશ્વ-વ્યાપાર સંગઠનનાં ધ્યેયો જણાવો અને તેનાં કાર્યો જણાવો.**

**જવાબ : ધ્યેયો :**

- વિશ્વના દેશો વચ્ચે વ્યાપારના અવરોધો દૂર કરવા.
- વિદેશ વ્યાપાર માટે દેશના ઉદ્યોગોને આપવામાં

આવતું સંરક્ષણ દૂર કરવું

- વૈશ્વિક વ્યાપાર નીતિ અને આર્થિક નીતિઓ સાથે સંકલન સાધવું.
- વિશ્વમાં ઉદ્ભવતા વ્યાપારી ઝઘડાઓનું નિવારણ કરવું.
- **કાર્યો :**
- બહુરાષ્ટ્રીય વ્યાપાર અને તેને લગતા કરારો માટે જરૂરી માળખું ઊભું કરી કરારોનો અમલ કરાવવો.
- વિશ્વ વ્યાપાર સંગઠન બહુરાષ્ટ્રીય વ્યાપાર માટે થયેલ ચર્ચા-વિચારણા અને વાટાઘાટો માટે 'ફોરમ' તરીકેની કામગીરી બજાવે છે.
- WTO એ ભેદભાવહીન આંતરરાષ્ટ્રીય વ્યાપારને પ્રોત્સાહન પૂરું પાડે છે.
- જુદા જુદા દેશો જે પોતાની રાષ્ટ્રીય નીતિને અનુસરતા હોય તેનું અવલોકન કરે છે અને જરૂરી સુધારા-વધારા સૂચવે છે.

**(32) કાળું નાણું ભાવ-વધારાનું એક કારણ છે, સમજાવો.**

**ભાવનિર્ધારણ તંત્રની ભાવનિયમનમાં શી ભૂમિકા છે ?**

**અથવા**

**ટૂંકનોંધ લખો : ભાવનિર્ધારણ તંત્ર**

જવાબ : સરકારે ભાવસપાટીને સ્થિર રાખવા માટે 'આવશ્યક ચીજવસ્તુઓ માટેનો ધારો - ૧૯૫૫' અમલમાં મૂક્યો છે. આ ધારા મુજબ સરકાર દ્વારા નિર્ધારિત કરેલા ભાવો મુજબ પોતાનો માલસામાન ન વેચે તે વેપારી તેની સામે આ ધારા હેઠળ કાનૂની કાર્યવાહી કરીને દંડ કરવામાં આવે છે.

- સંગ્રહખોરો, કાળાબજારીઓ, સટ્ટાખોરો સામે સઘન ઝુંબેશરૂપે 'પ્રિવેન્શન ઑફ એન્ટિ-સોશિયલ એક્ટિવિટીઝ-એક્ટ (Pasa)' હેઠળ જરૂર પડ્યે કાયદેસર અટકાયત કરવામાં આવે છે.
- ભાવવૃદ્ધિને નાથવા વેપારીઓના ગોદામમાં રાખેલી ચીજવસ્તુઓના જથ્થાનું નિયમન, ચેકિંગ સ્ટોકપત્રકો, ભાવપત્રકો પ્રદર્શિત કરવા અંગેની કાનૂની સ્થિરતા.

**અથવા**

**(32) સ્થિરતા સાથેનો ભાવવધારો એ આર્થિક વિકાસની પૂર્વશરત છે.**

જવાબ : ભાવ વધવાથી નફો વધે છે. નફો વધવાથી નવાં ઉત્પાદકીય સાહસો શરૂ કરવાની તક મળે છે.

- ઉત્પાદન ખર્ચમાં થતો વધારો ભાવવધારા કરતાં ઓછો હોવાથી નફાનો ગાળો વધે છે. તેથી તેને નવું મૂડીરોકાણ કરવાનું પ્રોત્સાહન મળે છે. પરિણામે ઉત્પાદકીય પ્રવૃત્તિઓ વધે છે, ઉત્પાદન વધે છે, રોજગારી વધે છે.
- ઉત્પાદકો કે યોજકો કે વેપારીઓ પોતાની આવક વધતા, એ વધવાના નાણામાંથી પોતાના કામદારોને વધારે વેતન ચૂકવે છે.

**(33) ભારત સરકારની મહિલા કલ્યાણકારી યોજનાઓ ક્રમિક રીતે જણાવો.**

જવાબ : ભારતમાં મહિલાઓને સમાન દરજ્જો, શિક્ષણ, સલામતી અને મૂળભૂત સ્વતંત્રતા પ્રાપ્ત થાય તે માટે 1980થી મહિલાઓનું એક જૂથ બનાવીને મહિલા વિકાસ સંબંધિત અનેક યોજનાઓ અને કાર્યક્રમો અમલમાં મૂકાયા છે. તે નીચે મુજબ છે.

- ઈ.સ. 1992માં રાષ્ટ્રીય મહિલા આયોગની રચના કરવામાં આવી.
- મહિલા સશક્તિકરણની રાષ્ટ્રીય નીતિ 2001 મુજબ મહિલા અને બાળવિકાસ વિભાગ દ્વારા સામર્થ્ય નિર્માણ, રોજગાર, આર્થિક ઉપાર્જન,

કલ્યાણ તેમજ સહાયક સેવાઓ અને જાતીય સંવેદનશીલતાનાં ક્ષેત્રોમાં વિવિધ કામગીરી કરવામાં આવે છે.

- યુનાઈટેડ નેશન્સે 1975ના વર્ષને મહિલા વર્ષ અને 1975-1985ના દશકને મહિલા દસકા તરીકે જાહેર કર્યું છે.
- ઈ.સ. 2002ના વર્ષને મહિલા સશક્તિકરણ વર્ષ તરીકે ઉજવવામાં આવે છે.
- મહિલાઓને કુટુંબની માલ-મિલકતમાં સમાન હિસ્સો મળે તે માટે કાયદામાં સુધારો કરવામાં આવ્યો છે.

**(34) તફાવત લખો : આતંકવાદ અને બળવાખોરી**

| આતંકવાદ | બળવાખોરી |
|---|---|
| (1) તે એક વૈશ્વિક સમસ્યા છે. | (1) બળવાખોરી જે તે રાષ્ટ્રની સમસ્યા છે. |
| (2) તે પોતાના અથવા અન્ય દેશ વિરુદ્ધ આતંકી પ્રવૃત્તિ કરે છે. | (2) તે પોતાની સરકાર વિરુદ્ધ પ્રવૃત્તિ કરે છે. |
| (3) તે આતંરરાષ્ટ્રીય ફલક ધરાવે છે. | (3) બળવાખોરી પ્રાદેશિક ફલક પર વિસ્તરેલી હોય છે. |
| (4) આતંકવાદીઓનો સ્થાનિક લોકોના સહકારથી આતંકવાદની પ્રવૃત્તિઓ કરે છે. | (4) બળવાખોરી સ્થાનિક લોકોના સહકારથી થતી હોય છે. |
| (5) આતંકવાદની પ્રવૃત્તિથી રાષ્ટ્રનો વિકાસ અટકી જાય છે. | (5) બળવાખોરીની પ્રવૃત્તિથી પ્રભાવિત રાજયો કે પ્રદેશોનો વિકાસ અટકી જાય છે. |

- આમ જોવા જઈએ તો બળવાખોરી સ્થાનિક અસંતોષમાંથી જન્મે છે અને આતંકવાદને માનવતાનું કોઈ બંધન નડતું નથી.

## વિભાગ - D

- **નીચે આપેલા પ્રશ્ન નં. (35 થી 39)ના વિસ્તારપૂર્વક આશરે 20 થી 25 લીટીમાં જવાબ આપો. (પ્રત્યેક પ્રશ્નના 04 ગુણ) [20]**

**(35) પ્રાચીન ભારતે ગણિતશાસ્ત્રમાં સાધેલી પ્રગતિ વિશે નોંધ લખો.**

જવાબ : ગણિતશાસ્ત્ર ક્ષેત્રે અગત્યની શોધો ભારતમાં થઈ હતી.

- ભારતે વિશ્વને શૂન્ય (0), દશાંશ પદ્ધતિ, બીજગણિત, બોધાયનનો પ્રમેય, રેખાગણિત અને વૈદિકગણિત જેવી મહત્ત્વપૂર્ણ શોધની ભેટ ધરી છે.
- શૂન્ય (0) ની શોધ આર્યભટ્ટે કરી હતી. આંકડાની પાછળ શૂન્ય લગાવીને લખવાની પ્રક્રિયાના શોધક 'ગૃત્સમદ'નામના ઋષિ હતા.
- પ્રાચીન ભારતના, ગણિતશાસ્ત્રીઓએ (1) ની પાછળ ૫૩ શૂન્ય મૂકવાથી બનતી સંખ્યાઓનાં નામ નિર્ધારિત કર્યાં છે.
- પ્રાચીન સમયમાં 'દશાંશ પદ્ધતિ'ની ઓળખ મેઘાતિથિએ આપી હતી.
- ભાસ્કરાચાર્યએ ઈ.સ. 1150માં 'લીલાવતી ગણિત' અને 'બીજગણિત'નામના ગ્રંથો લખ્યા હતા. તેમણે સરવાળા તથા બાદબાકીની પણ શોધ કરી હતી.
- બ્રહ્મગુપ્તે સમીકરણના પ્રકાર બતાવ્યા હતા.
- બોધાયને પ્રમેય અને આપસ્તંભે ઈ.સ.800 વર્ષ પૂર્વે શુલ્વસૂત્રોમાં વિવિધ વૈદિક યજ્ઞો માટે જરૂરી વિવિધ વેદીઓનાં પ્રમાણ નિશ્ચિત કર્યા છે.
- આર્યભટ્ટે તેમના 'આર્યભટ્ટીયમ્'ગ્રંથમાં $\pi$ (પાઈ)ની કિંમત $\frac{22}{7}$ (3.14) જેટલી દર્શાવી છે.
- ભાગાકારની આધુનિક પદ્ધતિ, ગુણાકાર, સરવાળા, બાદબાકી, વર્ગમૂળ, ઘનમૂળ આદિ

અષ્ટાંગ પદ્ધતિ આર્યભટ્ટે તેમના ગ્રંથોમાં આપી છે આથી આર્યભટ્ટને 'ગણિતશાસ્ત્રના પિતા' તરીકે ઓળખવામાં આવે છે. તેમણે 'દશગીતિકા' અને 'આર્યભટ્ટીયમ્' જેવા ગ્રંથોની રચના કરી હતી. ગણિત, અંકગણિત અને રેખાગણિતના મૂળભૂત પ્રશ્નોનું સમાધાન કર્યું હતું.

- બોધાયન, આપસ્તંભ, કાત્યાયન, ભાસ્કરાચાર્ય અને બ્રહ્મગુપ્ત જેવા ગણિતશાસ્ત્રીઓએ ગણિતશાસ્ત્રના જુદાં જુદાં પાસાંઓની ચર્ચા પોતપોતાના ગ્રંથોમાં કરી છે.

**(36) ભારતમાં કૃષિક્ષેત્રે થયેલા સંસ્થાગત સુધારા જણાવો.**

**જવાબ :** ભારતમાં જમીનમાલિકી, ખેતધીરાણ અને ખેતપેદાશના વેચાણ અંગે થયેલા સુધારાને સંસ્થાગત સુધારા કહે છે જે નીચે મુજબ છે.

- સરકારે જમીનદારીપ્રથા નાબૂદ કરી ખેડૂતોનું શોષણ થતું અટકાવ્યું છે.
  'ખેડે તેની જમીન' ના કાયદા દ્વારા ખેડનારને જમીનમાલિકીનો સાચો હક આપ્યો છે.
- જમીન ટોચ મર્યાદાના કાયદા દ્વારા જમીન માલિકીની અસમાનતા દૂર કરી છે.
- કિસાન ક્રેડિટ કાર્ડ, રાષ્ટ્રીયકૃત તેમજ સહકારી બેંકો દ્વારા ખેડૂતોને આર્થિક મદદ મળી રહે તે માટે કૃષિ ધીરાણ આપવામાં આવે છે.
- સરકાર ખેડૂતોને બિયારણ, ખાતરો તથા જંતુનાશક દવાઓ ખરીદવા માટે સબસીડી તથા આર્થિક મદદ પૂરી પાડે છે.
- પ્રધાનમંત્રી પાક વીમા યોજના દ્વારા ખેડૂતોને ખેતી પાકોનું વીમાકીય રક્ષણ પૂરું પાડવામાં આવે છે.
- દુષ્કાળ કે વધુ વરસાદના કારણે પાક નિષ્ફળ જાય ત્યારે સરકાર દ્વારા ખેડૂતોને આર્થિક સહાય કરવામાં આવે છે.
- માર્કેટ યાર્ડમાં ખેત પેદાશોના વેચાણમાં કાયદાકીય જોગવાઈ કરી ખુલ્લી હરાજીની પ્રક્રિયા વ્યાપક બનાવી છે.
- ખેડૂતોને ખેતપેદાશોના પોષણક્ષમ ભાવો મળી રહે તે માટે સહકારી મંડળીઓ, ખરીદ-વેચાણ સંઘ, સહકારી ધોરણે ચાલતા ગોદામો, શીતગૃહો, પરિવહન અને સંદેશાવ્યવહારની સુવિધા પૂરી પાડી છે.
- ખેડૂતો પાસેથી ખેતપેદાશોની સરકારે નક્કી કરેલા પોષણક્ષમ ટેકાના ભાવે ખરીદી કરવા માટે નીચેની સંસ્થાઓ કાર્યરત છે.

(1) ભારતીય રાષ્ટ્રીય કૃષિ સહકારી વિપણન સંઘ
(2) ગુજરાત તેલીબિયા ઉત્પાદક સંઘ
(3) રાષ્ટ્રીય ડેરી વિકાસ નિગમ
(4) ગુજરાત સ્ટેટ કૉ-ઓપરેટિવ માર્કેટિંગ સોસાયટી લિમિટેડ.

**(37) ગરીબી ઉદ્ભવવાનાં કારણો જણાવો.**

**જવાબ :** કૃષિક્ષેત્રે થયેલો અપૂરતો વિકાસ અને અપૂરતી સિંચાઈની સવલતોને કારણે કૃષિક્ષેત્રમાંથી મળતી આવકમાં ઘટાડો થવાથી ગરીબી ઉદ્ભવે છે.

- ખેતી સિવાયના સમયમાં વૈકલ્પિક રોજગારીની તકોના અભાવના કારણે.
- ગ્રામીણક્ષેત્રે અન્ય રોજગારીનું જરૂરી જ્ઞાન, શિક્ષણ, કૌશલ્ય કે તાલીમના અભાવના કારણે.
- જ્ઞાતિપ્રથા તથા રૂઢિઓ, પરંપરાઓના કારણે રીતરિવાજો પાછળ ગજા ઉપરાંતના ખર્ચાને કારણે દેવામાં ડૂબે છે. આમ, બિનઉત્પાદકીય ખર્ચમાં વધારો થવાથી ગરીબી ઉદ્ભવે છે.
- નિરક્ષરતાનું પ્રમાણ વધુ હોવાથી શોષણ અને

અન્યાયનો ભોગ બને છે. તેમજ સરકારી યોજનાઓની માહિતીના અભાવે લાભ ઊઠાવી શકતા નથી.

- આર્થિક નીતિઓના ઘડતરમાં છેવાડાના માનવીની જરૂરિયાતો અને તેના આર્થિક હિતોની ઉપેક્ષા થવાથી.
- રોકડિયા પાકોને પ્રોત્સાહન મળ્યું અને ખાદ્ય પાકોનું ઉત્પાદન ઘટતા અનાજ અને કઠોળના ભાવ વધ્યા.
- અનાજ - કઠોળ વગેરે પાકોની અછત સર્જાતા ભાવો વધ્યા. જેથી બે ટંક પૂરતું ભોજન પ્રાપ્ત ન થયું.
- આર્થિક સુધારાઓના અમલ થકી ગ્રામીણ અર્થવ્યવસ્થા પડી ભાંગી, કુટિર અને લઘુઉદ્યોગો ખલાસ થયા, સ્થળાંતર વધ્યું, ખેતીની આવક ઘટવાથી ગરીબી ઉદ્‌ભવી.
- ગરીબો કુપોષણના અને વિવિધ રોગોના શિકાર બને છે. આરોગ્ય વિષયક ખર્ચા વધ્યા, તેની સામે આવક સ્થિર રહી, સારવાર ને દવા પાછળ ખર્ચા વધવાથી ગરીબી ઉદ્‌ભવી.
- ટેકનોલોજીમાં ફેરફારો થયા. પરંપરાગત વ્યવસાયો, કુટિર ઉદ્યોગો પડી ભાંગ્યા આથી બેકારીમાં વધારો થયો.
- વસ્તીવૃદ્ધિનો દર વધ્યો, મૃત્યુદર ઘટ્યો, સરેરાશ આયુષ્યમાં વધારો થયો, શ્રમની કુલ માંગ કરતાં શ્રમનો પુરવઠો વધ્યો બીજી બાજુ તેમની જીવન જરૂરિયાતની વસ્તુઓની માંગ સામે ઉત્પાદન ઘટતાં ભાવ વધ્યા. ખરીદશક્તિમાં ઘટાડો થયો અંતે ગરીબાઈમાં વધારો થયો.

**અથવા**

**(37) ગરીબી નિવારણના વિવિધ ઉપાયો જણાવો.**

**જવાબ :** વર્તમાન સરકારે 'ગ્રામોદયથી ભારતઉદય'ના કાર્યક્રમ દ્વારા સરકારે ગરીબી નિર્મૂલન માટે ગ્રામીણક્ષેત્રે માળખાગત સુવિધાઓ, કૃષિક્ષેત્રે વિકાસ, ગૃહઉદ્યોગ, કુટિર ઉદ્યોગ, લઘુઉદ્યોગના વિકાસ પર ભાર આપીને અનેક નવી યોજનાઓ અને કાર્યક્રમો અમલમાં મૂક્યા એના દ્વારા રોજગારીની તકો સર્જાશે, પરિણામે આવક વધતા ગરીબી ઘટશે.

- આઝાદી પછીનાં વર્ષોનાં આયોજનમાં 'ગરીબી હટાવો'ના સૂત્ર સાથે જે તે સરકારે મોટા પાયાના ભારે અને ચાવીરૂપ ઉદ્યોગોના વિકાસ પર વિશેષ ઝોક આપ્યો હતો. બીજી બાજુ ગ્રામીણક્ષેત્રે ખેતીનો વિકાસ સાધીને દેશના ઉત્પાદનમાં વધારો થશે અને રોજગારીની તકોનું સર્જન થશે. આથી આવક વધતા ગરીબોની સ્થિતિ સુધરશે.
- સરકારે આવકની અસમાનતા દૂર કરવા માટે ધનિકોના મોજશોખની કે ભોગવિલાસની ચીજવસ્તુઓ પર ઊંચા દરે કરવેરા નાખ્યા.
- ગરીબી નાબૂદી માટે કૃષિક્ષેત્ર પર વિશેષ ભાર મૂકી સરકારે જમીન ટોચ મર્યાદાનો ધારો, ગણોતનું નિયમન, ખેડહકની સલામતી જેવા કાયદાઓ ઘડી ગ્રામીણક્ષેત્રે ધનિક ખેડૂતો કે જમીનદારોની આવકમાં ઘટાડો કરીને જમીનવિહોણા, ખેતમજૂરો કે ગણોતિયાઓની આવકમાં વધારો થાય એ રીતે ગરીબોની સ્થિતિમાં સુધારો લાવવાનો વ્યૂહ અપનાવ્યો છે
- સરકારે કૃષિ ઉપરાંત પશુપાલન, ડેરીઉદ્યોગ, મત્સ્ય ઉદ્યોગ, ગૃહઉદ્યોગ, કુટિરઉદ્યોગ, લઘુઉદ્યોગને માટે પોત્સાહક નીતિઓ જાહેર કરીને આર્થિક સહાય આપી. કેટલાક ગૃહઉદ્યોગોને કાયદાથી અનામત રાખ્યા જેથી ગ્રામીણક્ષેત્રે રોજગારીની આર્થિક તકોનું સર્જન

થયું. ગ્રામીણ યુવકોને વૈકલ્પિક રોજગારી માટેની તકો મળે તે માટે અનેક કલ્યાણકારી સ્વરોજગારીના કાર્યક્રમો સરકારે અમલમાં મૂક્યા છે.

- સરકારે ગ્રામીણક્ષેત્રે શિક્ષણ, સ્વાસ્થ્ય, વસવાટ, રોજગારી, કુટુંબનિયોજન, સંદેશાવ્યવહારના માળખા સુધાર્યા, પાકની વિવિધ જાતો વિકસાવી ઘરઆંગણે જ યુવકો માટે રોજગારીનાં ક્ષેત્રો ખોલ્યા જેથી શહેર તરફનું સ્થળાંતર ઘટે. ગ્રામીણક્ષેત્રે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તથા કૉલેજો શરૂ કરી.
- મહિલા સશક્તિકરણના પ્રયાસરૂપે મહિલાઓને આર્થિક રીતે પગભર કરવા અનેક કાર્યક્રમો અમલમાં મૂક્યા. આમ, સરકાર ગરીબીના રાક્ષસને નાથવામાં વ્યૂહાત્મક રીતે પગલાઓ ભરી રહી છે.

**(38) ભારતીય બંધારણમાં કયા કયા બાળ અધિકારોનો સમાવેશ કરવામાં આવ્યો છે ?**

- સંયુક્ત રાષ્ટ્રોએ ઈ.સ.૧૯૯૨માં તેમના ‘અધિકારોના ઘોષણાપત્ર’માં બાળકોના કલ્યાણ અને તેમનો વિકાસ સાધવા માટેના કેટલાક બાળ અધિકારો જાહેર કર્યા છે. જે નીચે મુજબ છે.
- જાતિ, રંગ, લિંગ, ભાષા, ધર્મ કે રાષ્ટ્રીયતાના કોણપણ ભેદભાવ વિના પ્રત્યેકને જીવન જીવવાનો જન્મજાત અધિકાર છે.
- માતા-પિતા દ્વારા બાળકોનું યોગ્ય રીતે પાલન - પોષણ થાય તથા કોઈ ખાસ કારણ વિના બાળકને તેનાં માતા-પિતાથી અલગ કરી શકાય નહીં.
- પોતાના વ્યક્તિત્વનો વિકાસ સાધી શકે તે માટે દરેક બાળકને શિક્ષણ મેળવવાનો મૂળભૂત અને હવે કાનૂની અધિકાર છે.
- દરેક બાળકને તેની વયકક્ષાને અનુરૂપ રમતગમત અને મનોરંજનની પ્રવૃત્તિઓમાં ભાગ લઈ તંદુરસ્ત, સ્વસ્થ અને આનંદી જીવન જીવવાનો અધિકાર છે.
- દરેક બાળકને તેના અંતઃકરણ મુજબ ધર્મ અને તેના સમુદાયમાં રહેવાનો તથા પોતાની સંસ્કૃતિ જાળવવાનો અધિકાર છે.
- દરેક બાળકને પોતાને કોઈપણ પ્રકારે થતાં શારીરિક કે માનસિક શોષણ કે અત્યાચારો સામે, નશીલી દવાઓના ઉપયોગ સામે, અમાનવીય યાતનાઓ સામે, શિક્ષા કે દંડ સામે રક્ષણ અને સલામતી મેળવવાનો અધિકાર છે.
- દરેક બાળકને સામાજિક સુરક્ષા દ્વારા સામાજિક વિકાસ સાધીને તંદુરસ્ત જીવનધોરણ પ્રાપ્ત કરવાનો અધિકાર છે.

**(39) ભારતના રેખાંકિત નકશામાં નીચેની વિગતો યોગ્ય સંજ્ઞાસૂચિ વડે દર્શાવો.**

(1) તમાકુનું ઉત્પાદન કરતો કોઈ એક પ્રદેશ
(2) પડખાઉં જમીનનો કોઈ એક પ્રદેશ
(3) કોર્બેટ રાષ્ટ્રીય ઉદ્યાન
(4) લડાયક વિમાનો



● **નીચે આપેલા વિકલ્પોમાંથી સાચાં વિકલ્પ પસંદ કરો. (પ્રત્યેકનો 01 ગુણ)** **[04]**

**(1)** વિશ્વમાં કયા દિવસને 'વિશ્વ પર્યાવરણ દિન' તરીકે ઊજવવામાં આવે છે ? – D

(A) 5 એપ્રિલ (B) 5 મે

(C) 7 જૂન (D) 5 જૂન

**(2)** ભવિષ્યમાં ભાવવધારો થવાનો છે એવી આગાહીથી લોકો શું કરે છે ? – D

(A) કાળાબજાર (B) નફાખોરી

(C) સટ્ટાખોરી (D) સંગ્રહખોરી

**(3)** નીચેનામાંથી કઈ માહિતી આપવાનો ઇન્કાર કરી શકાય છે ? – D

(A) ચૂંટણી પંચની

(B) સરકારી યોજનાની

(C) ન્યાયિક ચુકાદાની

(D) રાષ્ટ્રની અખંડિતતા અને સાર્વભૌમત્વની બાબતોની

**(4)** નીચેના દેશોમાં સૌથી ઊંચો માનવવિકાસ ધરાવતો દેશ કયો છે ? – C

(A) ભારત (B) નાઈઝર

(C) નોર્વે (D) બ્રાઝિલ

● **ખાલી જગ્યા પૂરો. (પ્રત્યેકનો 01 ગુણ)** **[03]**

**(5)** ભારતમાં સૌપ્રથમ_રેલવે ઈ.સ.1853માં **મુંબઈ** થી **થાણા** વચ્ચે શરૂ થઈ.

**(6)** બીજી સદીમાં **કાવેરી** નદીમાંથી "ગ્રાન્ડ એનિકટ"ન નામે જાણીતી નહેરનું નિર્માણ થયું હતું.

**(7)** **હીરાકુંડ** એ ઓડિશા રાજ્યની મહત્ત્વપૂર્ણ બહુહેતુક યોજના છે.

● **બંધબેસતાં જોડકાં જોડો (પ્રત્યેકનો 01 ગુણ)** **[03]**

| | વિભાગ-A | વિભાગ -B |
|---|---|---|
| **(8)** | (1) રુદ્ર મહાલય | (A) અમદાવાદ |
| **(9)** | (2) મલાવ તળાવ | (B) વડનગર |
| **(10)** | (3) દાદા હરિની વાવ | (C) ધોળકા |
| | | (D) સિદ્ધપુર |

(1) D (2) C (3) A

● **નીચેનાં વિધાનો સાચાં છે કે ખોટાં તે જણાવો. (પ્રત્યેકનો 01 ગુણ)** **[03]**

**(11)** ભારતમાં લગભગ 84% જળ સિંચાઈ માટે ઉપયોગી છે. – ✓

**(12)** ભારતને લગભગ 1600 કિમી લાંબો દરિયાકિનારો મળ્યો છે. – X

**(13)** કાળી જમીન ભારતના કુલ ક્ષેત્રફળના લગભગ 15 ટકા ક્ષેત્રફળમાં ફેલાયેલી છે. – ✓

● **આપેલા પ્રશ્નોના એક કે બે વાકયોમાં ઉતર લખો. (પ્રત્યેકનો 01 ગુણ)** **[03]**

**(14)** **ભારતમાં હવાઈમથકોનું સંચાલન કોણ કરે છે ?**

જવાબ : ભારતમાં 'ભારતીય વિમાનમથક સત્તામંડળ દ્વારા આંતરરાષ્ટ્રીય ઘરેલું હવાઈમથકો, નાગરિક વિમાન ટર્મિનલ હવાઈમથકોનું વ્યવસ્થાપન કરી રહ્યું છે.

**(15)** **ભારતે કઈ આર્થિક પદ્ધતિ અપનાવી છે ?**

જવાબ : ભારતે મિશ્ર અર્થતંત્રની આર્થિક પદ્ધતિ અપનાવી છે.

**(16)** **વિશ્વમાં સૌથી વધારે બાળમજૂરો કયા દેશમાં છે?**

જવાબ : વિશ્વમાં સૌથી વધારે બાળમજૂરો ભારત દેશમાં છે.

## વિભાગ - B

- **નીચે આપેલા પ્રશ્ન નં. (17થી 26)ના ટૂંકમાં ઉત્તર લખો. (પ્રત્યેકનો 02 ગુણ)** **[20]**

**(17) સાંસ્કૃતિક વારસો એટલે શું ? તેમાં કઈ કઈ બાબતોનો સમાવેશ થાય છે ?**

જવાબ : સાંસ્કૃતિક વારસો એટલે માનવસર્જિત વારસો.

- માનવીએ પોતાનાં કુનેહ, બુદ્ધિચાતુર્ય, આવડત અને કલા-કૌશલ્ય દ્વારા જે કંઈ પ્રાપ્ત કર્યું કે તેનું સર્જન કર્યું તેને સાંસ્કૃતિક વારસો કહેવાય.
- સાંસ્કૃતિક વારસામાં મંદિરો, શિલાલેખો, સ્તૂપો, વિહારો, ચૈત્યો, મકબરા, મસ્જિદો, કિલ્લાઓ, ગુંબજો, રાજમહેલો, દરવાજા, ઈમારતો, ઉત્ખનન કરેલાં સ્થળો તેમજ ઐતિહાસિક સ્મારકોનો સમાવેશ થાય છે.
- આપણા સ્વાતંત્ર્ય સંગ્રામનાં ઐતિહાસિક સ્થળો જેવાં કે સાબરમતી આશ્રમ, દાંડી, બારડોલી, વર્ધા, શાંતિનિકેતન વગેરેનો પણ સાંસ્કૃતિક વારસામાં સમાવેશ થાય છે.

**(18) ગોપુરમ્ સ્થાપત્યનું મહત્ત્વ સમજાવો.**

જવાબ : 'ગોપુરમ્' એટલે મંદિરનું પ્રવેશદ્વાર

- દક્ષિણ ભારતના પાંડ્ય શાસકોએ મંદિરોનું નિર્માણકાર્ય કરાવ્યું હતું.
- ઊંચા સુંદર સુશોભિત દરવાજાઓ 'ગોપુરમ્' તરીકે ઓળખાય છે.
- કાંચી અને મદુરાઈનાં મંદિરોના 'ગોપુરમ્' દૂરથી જોઈને આજે પણ કલારસિકો મંત્રમુગ્ધ બની જાય છે.
- તાંજોરમાં આવેલા બૃહદેશ્વર મંદિરને તેર માળનું 'ગોપુરમ્' આવેલું છે.
- મદુરાઈમાં ભવ્ય મીનાક્ષી મંદિર આવેલું છે આ મંદિરને ચાર 'ગોપુરમ્' આવેલાં છે.

**અથવા**

**(18) સ્તૂપ એટલે શું ? સાંચીના સ્તૂપ વિશે માહિતી આપો.**

જવાબ : સ્તૂપ એટલે ભગવાન બુદ્ધના દેહાવશેષોને એક પાત્રમાં મૂકી તેના પર અર્ધગોળાકાર ઈમારત બનાવવામાં આવે તેને સ્તૂપ તરીકે ઓળખવામાં આવે છે.

- બૌદ્ધ ધર્મે ગુફાવિહારો, ચૈત્યો અને સ્તૂપોની ભેટ આપી છે.
- અશોકના સમયના પાંચ સ્તૂપો જાણીતા છે.

  (1) સાંચીનો સ્તૂપ (2) સારનાથનો સ્તૂપ
  (3) બેરતનો સ્તૂપ (4) નંદનગઢનો સ્તૂપ
  (5) દેવની મોરીનો સ્તૂપ
- **સાંચીનો સ્તૂપ :** સાંચીનો સ્તૂપ મૌર્યયુગમાં રચાયો હતો અને તે મધ્યપ્રદેશમાં આવેલો છે.
- સાંચીનો અસલ સ્તૂપ ઈંટોમાંથી બનેલો હતો.
- સાંચીનો સ્તૂપ હાલના સ્તૂપ કરતાં કદમાં અડધો હતો.
- સાંચીનો સ્તૂપ સ્થાપત્ય કલાનો અમૂલ્ય નમૂનો ગણાય છે.

**(19) પ્રાચીન ભારતે વિજ્ઞાનના ક્ષેત્રે આપેલો વારસો જણાવો.**

જવાબ : આપણા પ્રાચીન ભારતના ઋષિઓએ વિશ્વને વિજ્ઞાનના ક્ષેત્રે અમૂલ્ય વારસો આપ્યો છે.

- ધાતુવિદ્યા, રસાયણવિદ્યા, વાસ્તુશાસ્ત્ર ભૌતિકશાસ્ત્ર જેવા વિજ્ઞાનનાં અનેક ક્ષેત્રોમાં આપણા ઋષિઓએ મહત્ત્વનો ફાળો આપ્યો છે.
- ભારતે માત્ર, સાહિત્ય, કલા, ધર્મ, શિક્ષણ અને તત્ત્વચિંતન જેવાં ક્ષેત્રમાં ફાળો આપ્યો નથી, પરંતુ વિવિધ જ્ઞાન અને ટેકનોલોજીના ક્ષેત્રોમાં સિંહફાળો આપ્યો છે.
- ભારત આધ્યાત્મિક વિચારધારાની સાથે સાથે

વૈજ્ઞાનિક દૃષ્ટિબિંદુ પણ ધરાવે છે.

- વિદેશી દેશોની મોટાભાગની વૈજ્ઞાનિક અને ટેકનિકલ શોધોમાં એક યા બીજી રીતે પ્રાચીન ભારતના વિજ્ઞાનનું તત્ત્વ સમાયેલું છે.

**(20) જમીન એટલે શું ? તેના પ્રકારો જણાવો.**

**જવાબ :** જમીન એટલે સેંદ્રિય પદાર્થયુકત ઝીણા કણોવાળો પોચો ખડક પદાર્થ

- જમીન એટલે ભૂપૃષ્ઠ પરના માતૃખડક અને વનસ્પતિ દ્રવ્યોના મિશ્રણથી બનતું અસંગઠિત પદાર્થોનું પડ કે સપાટી
- પૃથ્વીના પોપડાની સૌથી ઉપરની સપાટી કે પડ જમીન તરીકે ઓળખાય છે. તેમાં વનસ્પતિનાં વૃદ્ધિ અને વિકાસ માટે જરૂરી એવાં ખનીજદ્રવ્યો અને જૈવિક દ્રવ્યો આવેલાં હોય છે.
- જમીનનાં પ્રકાર તેના રંગ, આબોહવા, માતૃખડકો, કણરચના, ફળદ્રુપતા જેવી બાબતોને ધ્યાનમાં રાખી પાડવામાં આવે છે.
- જમીનના પ્રકાર (8 પ્રકાર) નીચે મુજબ છે.

  (1) કાંપની જમીન (2) રાતી અથવા લાલ જમીન (3) કાળી જમીન (4) લેટેરાઈટ જમીન (5) રણ પ્રકારની જમીન (6) પર્વતીય જમીન (7) જંગલ પ્રકારની જમીન (8) દલદલ કે પીટ પ્રકારની જમીન

**(21) જળ સંરક્ષણ માટે કયા મુદ્દાઓ ધ્યાનમાં લેવા જોઈએ ?**

**જવાબ :** જળ સંરક્ષણ માટે નીચે આપેલા મુદ્દાઓ ધ્યાનમાં રાખવા જોઈએ.

- બાગબગીચા, વાહનો, શૌચાલયો, વોશ - બેસીનમાં વપરાતાં પાણીનો કરકસરપૂર્વક ઉપયોગ કરવો.
- લોકજાગૃતિ પેદા કરીને જળસંરક્ષણ અને તેના કુશળ વ્યવસ્થાપન સંબંધી દરેક પ્રવૃત્તિમાં લોકભાગીદારી વધારવી.
- ઉપયોગમાં લેવાયેલા પાણીનો શક્ય હોય તો પુન : ઉપયોગ થાય એવા પ્રયત્નો કરવા.
- જળાશયોને પ્રદૂષણથી બચાવવાં.
- જળસ્રાવના બધા એકમો જેવા કે કૂવા, ટ્યૂબવેલ, ખેતતલાવડી વગેરેનો ઉપયોગ વધારવો.
- ભૂમિગત જળનો ઉપયોગ કરતા એકમો પર દેખરેખ રાખવી.
- જળસંચય કરતા સ્થળોની દુર્દશા અટકાવવી તથા જળ-પ્રદૂષણને અટકાવવા માટે પાણીની પાઈપલાઈનનું તત્કાળ સમારકામ હાથ ધરવું.

**(22) તાંબાની ઉપયોગિતા જણાવો.**

**જવાબ :** તાંબામાં કલાઈ ઉમેરવાથી કાંસુ બને છે.

- તાંબામાં જસત ઉમેરવાથી પિત્તળ બને છે.
- તેનો મોટાભાગે વીજળીનાં સાધનોમાં, ટેલિફોન, રેડિયો, ટેલિવિઝન, રેફ્રિજરેટર અને એરકંડિશનર વગેરે બનાવવામાં ઉપયોગ થાય છે.
- તાંબુ વિદ્યુતની સુવાહક ધાતુ છે.
- જંતુનાશક દવાઓ, સ્ફોટક પદાર્થો, રંગીન કાચ, સિક્કા તથા છાપકામ કરવા તાંબાનો ઉપયોગ થાય છે.
- તાંબાનો વપરાશ આદિકાળથી કરવામાં આવે છે.
- માનવીએ સૌ પ્રથમ તાંબાનો ઉપયોગ કર્યો હતો.
- તેના મિશ્રણ થવાના ગુણધર્મને લીધે તેનું મહત્ત્વ ઘણું વધી ગયું છે.

## (23) આંતરિક વ્યાપાર એટલે શું ?

**જવાબ :** એક રાજયમાં વિપુલ પ્રમાણમાં ઉપલબ્ધ વસ્તુઓ બીજા રાજયમાં જાય છે તથા બીજા રાજયમાં ઉત્પન્ન થતી વસ્તુઓ પોતાના રાજયમાં આયાત કરવામાં આવે છે તેને આંતરિક વેપાર કહે છે.

- દા.ત :- પંજાબમાં ઘઉં વધારે પ્રમાણમાં ઉત્પન્ન થાય છે આથી તે બીજાં રાજયોમાં નિકાસ કરે છે. જયારે પંજાબને દરિયાકિનારો મળ્યો નથી આથી મીઠું ગુજરાતમાંથી આયાત કરે છે.
- આમ દરેક રાજય પોતાના રાજયમાં થતી પેદાશની નિકાસ કરે છે આના પરિણામે ભારતમાં આંતરિક વેપાર વિકસ્યો છે.

## (24) ઉદારીકરણના લાભ અને ગેરલાભ જણાવો.

**જવાબ : ઉદારીકરણના લાભ :-** ઉદારીકરણના પરિણામે ખાનગી ક્ષેત્રને મુકત વિકાસની તકો પ્રાપ્ત થઈ જેથી ઉત્પાદનમાં વધારો થયો.

- ઉદારીકરણની નીતિનો સ્વીકાર કરવાથી વિદેશ વ્યાપારમાં વૃદ્ધિ થઈ.
- વિદેશ વ્યાપારમાં વધારો થવાથી વિદેશી હૂંડિયામણની અનામતમાં વધારો થયો.
- દેશમાં આંતરમાળખાકીય સગવડોમાં વધારો થયો.
- **ઉદારીકરણના ગેરલાભ :-**
- ખાનગીક્ષેત્ર પરના અંકુશો ઘટવા છતાં ઈજારાશાહીનાં વલણોમાં ઘટાડો થઈ શક્યો નથી.
- માત્ર ઔદ્યોગિક ક્ષેત્રો પર જ ધ્યાન આપવાથી ભારત કૃષિક્ષેત્રે વિકાસમાં પાછળ રહ્યું.
- આવકની અસમાનતામાં વધારો થયો.
- આવક વધવાથી અને નિકાસ ઘટવાથી વિદેશી દેવામાં વધારો થયો.

**અથવા**

## (24) ખાનગીકરણના લાભ અને ગેરલાભ જણાવો.

**જવાબ : લાભ :-** ખાનગીકરણની નીતિના કારણે દેશમાં ઉદ્યોગક્ષેત્રે ઉત્પાદકીય એકમોની સંખ્યામાં વધારો નોંધાયો છે.

- ખાનગીકરણના પરિણામે મૂડીગત અને વપરાશી વસ્તુઓના ઉત્પાદનમાં વધારો થયો છે.
- જાહેર ક્ષેત્રમાં એકમોનું ખાનગીકરણ થવાથી જાહેરક્ષેત્રના એકમોની કાર્યક્ષમતામાં સુધારો થયો છે.
- **ગેરલાભ:-**
- ખાનગીકરણના પરિણામે આર્થિક સત્તાનું કેન્દ્રીકરણ થયું છે. જેનાથી ઈજારાશાહીને વેગ મળ્યો છે.
- ખાનગીકરણથી નાના ગૃહઉદ્યોગોનો વિકાસ યોગ્ય રીતે થઈ શકયો નથી, માત્ર મોટા ઉદ્યોગોને જ લાભ મળ્યો છે.
- ખાનગીકરણના પરિણામે ભાવો અંકુશમાં રહ્યા નથી, જેથી ભાવવધારાની સમસ્યા ઊભી થઈ છે.

## (25) આતંકવાદ એટલે શું ? તેઓ કઈ કઈ હિંસાત્મક પ્રવૃત્તિઓ કરે છે ?

**જવાબ :** આતંકવાદ એ કેટલાક ગણ્યાગાંઠ્યા લોકો દ્વારા સંગઠિત, આયોજિત અને જાણી જોઈને કરવામાં આવતું અનૈતિક અને હિંસાત્મક કૃત્ય છે.

- આતંકવાદ વિનાશ, ભય, અરાજકતા, હિંસા, અશાંતિ વગેરે ઉત્પન્ન કરી માનવ અધિકારોનો નાશ કરે છે.
- આતંકવાદ હિંસા સંબંધી એક વિચાર છે જે પ્રકૃતિનો સિદ્ધાંત 'જીવો અને જીવવા દો' નું ખુલ્લેઆમ ઉલ્લંઘન કરે છે.
- **આંતકવાદીઓ દ્વારા કરવામાં આવતી હિંસાત્મક પ્રવૃત્તિઓ :-**
- આત્મઘાતી હુમલા કરવા, બોમ્બ ફેંકવા, હથિયારો સંતાડવાં તથા તેનો ઉપયોગ કરવો, અપહરણ કરવું, વિમાનો હાઈજેક કરવાં, નાણાં પડાવવાં, માદક દ્રવ્યોની હેરાફેરી કરવી, વગેરે જેવી હિંસાત્મક પ્રવૃત્તિઓ આતંકવાદી કરતા હોય છે.

**(26) બાળમજૂરીનાં વિવિધ સ્વરૂપો વર્ણવો.**

**જવાબ :** બાળમજૂરી એ વૈશ્વિક સમસ્યા છે.

- વિશ્વમાં સૌથી વધુ બાળમજૂરો ભારતમાં જોવા મળે છે.
- બાળમજૂરીનાં વિવિધ સ્વરૂપો નીચે મુજબ છે.
- બાળમજૂરો હોટલો, ફેક્ટરીઓ, બાંધકામના ક્ષેત્રમાં વિપુલ પ્રમાણમાં જોવા મળે છે.
- ફટાકડાના વ્યવસાયમાં કે ઈંટોના ભઠ્ઠા જેવા જોખમી વ્યવસાયમાં બાળમજૂરો જોવા મળે છે.
- ખેતમજૂરો તરીકે બાળશ્રમિકો વધુ જોવા મળે છે.
- પશુપાલન અને મત્સ્યઉછેર જેવી પ્રવૃત્તિઓમાં પણ બાળમજૂરો વધારે પ્રમાણમાં જોવા મળે છે.
- ઘરનોકર તરીકે, ચાના લારીગલ્લાઓ પર, હોટલો કે ઢાબાઓમાં, ગેરેજ પર, માલસામાનની લારી ખેંચવી, અખબારનું વેચાણ કરવું, પ્લાસ્ટિક કે ભંગાર વીણવા જેવાં કાર્યોમાં, રસ્તા પર ભીખ માંગવી, રસ્તા ઉપર સાફ સફાઈ કરવી વગેરે કાર્યો બાળમજૂરી ગણાય છે.

## વિભાગ - C

- **નીચે આપેલા પ્રશ્ન નં. (27 થી 34)ના મુદાસર ઉત્તર લખો. (પ્રત્યેકનો 03 ગુણ) [24]**

**(27) ભારતની એક કલા તરીકે હાથવણાટ કલાનો પરિચય આપો.**

**જવાબ :** પ્રાચીન સમયથી ભારત વસ્ત્ર ક્ષેત્રે જાણીતું બન્યું છે.

- ભારતના કુશળ કારીગરો દ્વારા તૈયાર થતો ઢાંકાનાં મલમલનો તાકો દીવાસળીની પેટીમાં સમાઈ જતો હતો અને સાડી વીંટીમાંથી પસાર થઈ જતી હતી.
- કશ્મીરમાં બનતા ગાલીચા, પાટણનાં પટોળા, કાંજીવરમ્ તેમજ બનારસની સાડીઓ, રાજસ્થાની બાંધણીઓ જેવા હાથવણાટના બેનમૂન નમૂનાઓ ભારતની આગવી ઓળખ છે.
- પાટણમાં બનતાં રેશમી વસ્ત્ર 'બેવડ ઈકત' (ઈકત - વણાટ) પટોળા જગતભરમાં વિખ્યાત બન્યાં હતાં. આ પટોળામાં બંને બાજુએ એક જ ભાત દેખાતી હોવાથી બંને બાજુ પહેરી શકાય છે. પટોળા વર્ષો સુધી ટકે છે.
- પટોળાનો રંગ જતો ન હોવાથી આપણે ત્યાં 'પડી પટોળે ભાત , ફાટે પણ ફીટે નહીં' જેવી કહેવત પણ પ્રચલિત થઈ છે.

**અથવા**

**(27) ભારતની એક કલા તરીકે ભરતગૂંથણ કલાનો પરિચય આપો.**

**જવાબ :** હડપ્પા અને મોંહે - જો - દડોના ઉત્ખનન દરમિયાન મળેલી મૂર્તિઓ અને પૂતળાનાં વસ્ત્રો ઉપર પણ ભરત - ગૂંથણ કામ જોવા મળ્યું છે.

- ભારતમાં પુરુષો, સ્ત્રીઓ તથા બાળકોનાં વસ્ત્રો ઉપર ભરતગૂંથણ કરવાની કળા ઘણાં પ્રાચીન સમયથી જોવા મળે છે.
- પ્રાચીન સમયમાં સિંધ પ્રદેશ, સૌરાષ્ટ્ર અને કચ્છી સ્ત્રીપુરુષોનાં વસ્ત્રો ઉપર પણ ભરતકામ જોવા મળ્યું છે. સૌરાષ્ટ્ર અને કચ્છ વગેરે પ્રદેશોની સ્ત્રીઓનો ભરત - ગૂંથણ ગૃહવ્યવસાય રહ્યો છે.
- ચંદરવા, શાખ, તોરણ, ચાકળા, ઓછાડ, તકિયા, પારણાં અને ઓશીકાં તેમજ કેડિયાં ઉપર થતી ગૂંથણકલા આજે પણ પ્રખ્યાત છે.
- ભરત - ગૂંથણથી શણગારેલા ધાબળા, રજાઈ ઉપર ભૌમિતિક અને વિવિધ આકૃતિપ્રધાન કૃતિઓ સાથેનું ભરતકામ આજે પણ જોવા મળે છે.

**(28) મહાકાવ્યો તરીકે રામાયણ અને મહાભારતની માહિતી આપો.**

**જવાબ :** ભારતનાં બે મુખ્ય મહાકાવ્યો 'રામાયણ' અને 'મહાભારત' છે. બંને પ્રાચીન ગ્રંથો છે. આ મહાકાવ્યોનું વર્તમાન સ્વરૂપ બીજી સદીમાં મળ્યું.

- રામાયણમાં અયોધ્યાના રાજવી રામચંદ્રની કથા આપી છે. આ મહાકાવ્ય મહાભારત કરતાં ઘણું નાનું છે. રામાયણમાં 24000 શ્લોક છે. તેમાં અનેક દિલચસ્પ ઘટનાઓ તથા સાહસનું વર્ણન કરવામાં આવ્યું છે.
- મહાભારતમાં લગભગ એક લાખ શ્લોક છે. તે વિશ્વનો સૌથી મોટો કાવ્યગ્રંથ છે. પાંડવો અને કૌરવો વચ્ચે થયેલું યુદ્ધ તેનો મુખ્ય વિષય છે. તેમાં અનેક નાની - મોટી વાર્તાઓને જોડી દેવામાં આવી છે. મહાભારતના 'શ્રીમદ્ ભગવદ્ગીતા' માં ગહન દાર્શનિક સિદ્ધાંતોનું વિવેચન કરવામાં આવ્યું છે. મહાભારતમાં મોક્ષપ્રાપ્તિના ત્રણ માર્ગો જ્ઞાન, કર્મ અને ભક્તિમાર્ગનું વિવેચન કરવામાં આવ્યું છે.
- રામાયણ અને મહાભારત બંને મહાકાવ્યોએ ભારતમાં સંસ્કારસિંચનનું પ્રેરક કાર્ય કર્યું છે.

**(29) પ્રવાસન સ્થળોની સ્વચ્છતા અને જતન વિશે તમારા મંતવ્યો લખો.**

**જવાબ :** પ્રવાસન સ્થળોએ પ્લાસ્ટિકનો ઉપયોગ ન કરવો જોઈએ.

- પ્રવાસન સ્થળોએ કચરો ગમે ત્યાં ન ફેંકતાં કચરાપેટીમાં નાખવો જોઈએ.
- ઐતિહાસિક સ્મારકો પર બિનજરૂરી લખાણ કે ચિત્રો દોરી સ્મારકોને નુકસાન પહોંચાડવું જોઈએ નહિ.
- પાન કે ગુટખા ખાઈને ગમે ત્યાં થૂંકવું જોઈએ નહીં.
- પ્રાચીન સ્થળોની આસપાસ પ્રદૂષણ અને ગંદકી કરવી જોઈએ નહીં.
- ઐતિહાસિક મહત્ત્વ ધરાવતી વાવો, જળાશયો, તળાવો, ઝરણાં વગેરેની ચોમાસા દરમિયાન ખાસ કાળજી રાખવી જોઈએ.
- દેશ-વિદેશના પ્રવાસીઓ આપણા ઐતિહાસિક વારસાને હાનિ ન પહોંચાડે તે માટે તેમને જાગૃત કરવા જોઈએ.
- કુદરતી આફતોથી પ્રવાસન સ્થળોને નુકસાન થાય તો તેને ફરીથી મૂળ સ્વરૂપમાં લાવવા માટેના પ્રયત્નો કરવા જોઈએ.

**(30) અભયારણ્ય અને રાષ્ટ્રીય ઉદ્યાન વિશે માહિતી આપો.**

**જવાબ :** **અભયારણ્ય :** ચોક્કસ મર્યાદામાં માનવ પ્રવૃત્તિઓને અનુમતિ આપવામાં આવે છે.

- સત્તાધિકારી પાસેથી અનુમતિ મળ્યા બાદ પાલતુ પશુઓને ચરાવવાની છૂટ મળે છે.
- અભયારણ્યની રચના જરૂરી પ્રક્રિયા અનુસાર રાજ્ય સરકાર દ્વારા થાય છે.
- પેરિયાર, ચંદ્રપ્રભા, એતુરનાગરમ, ગીર જાણીતાં અભયારણ્યો છે.
- **રાષ્ટ્રીય ઉદ્યાન :** અભયારણ્યની તુલનામાં આ વધારે સંરક્ષિત ક્ષેત્ર છે.
- તેમાં એકથી વધારે પારિસ્થિતિકી તંત્ર સમાવિષ્ટ હોય છે.
- પાલતુ પશુઓને ચરાવવા પર સંપૂર્ણ પ્રતિબંધ હોય છે.
- અભયારણ્યની જેમ તે કોઈ એક વિશેષ પ્રજાતિ પર કેન્દ્રિત હોતું નથી.
- તેની સ્થાપના રાજ્ય કે કેન્દ્ર સરકારના સંકલનથી કરાય છે.

- કાઝીરંગા, કોર્બેટ, વેળાવદર, દરિયાઈ રાષ્ટ્રીય ઉદ્યાન, ગીર, દચિગામ વગેરે અગત્યના રાષ્ટ્રીય ઉદ્યાનો છે.

**અથવા**

**(30) જૈવ આરક્ષિત ક્ષેત્ર વિશે માહિતી આપો.**

જવાબ : તેની રચના આંતરરાષ્ટ્રીય માપદંડો અનુસાર કરાય છે.

- જૈવ આરક્ષિત ક્ષેત્રની રચનાનો હેતુ જે-તે ક્ષેત્રની પ્રાકૃતિક અને સાંસ્કૃતિક વિવિધતાનું સંરક્ષણ કરવાનો છે.
- જૈવ આરક્ષિત ક્ષેત્રમાં થતી બધી વનસ્પતિ, જીવજંતુઓ અને જમીન ઉપરાંત ત્યાં વસતા માનવ સમુદાયોનું પણ સંરક્ષણ કરાય છે.
- ત્યાં જૈવ વૈવિધ્ય બાબતે સંશોધન અને પ્રશિક્ષણ માટેની ખાસ સવલતો ઊભી કરાય છે.
- આ વિસ્તારોમાં તમામ પ્રકારની બહારની માનવીય ગતિવિધિ પર સંપૂર્ણપણે પ્રતિબંધ હોય છે.
- આ ક્ષેત્રનો સરેરાશ વિસ્તાર 5000 ચો. કિમીથી મોટો હોય છે.
- નીલગિરિ, મન્નારની ખાડી, ગ્રેટ નિકોબાર, સુંદરવન, પંચમઢી વગેરે દેશના મહત્ત્વનાં જૈવ આરક્ષિત ક્ષેત્રો છે.

**(31) ઔદ્યોગિક પ્રદૂષણો વિશે માહિતી આપો.**

જવાબ : ઉદ્યોગ થકી મુખ્યત્વે ચાર પ્રકારનાં પ્રદૂષણો જોવા મળે છે.

(1) હવા પ્રદૂષણ (2) જળ પ્રદૂષણ

(3) ભૂમિપ્રદૂષણ (4) ધ્વનિ પ્રદૂષણ

- ઉદ્યોગોએ પ્રદૂષણમાં વધારો કર્યો છે અને પર્યાવરણનું અતિક્રમણ થયું છે.
- આજે મોટાભાગના ઉદ્યોગોએ મોટા પ્રમાણમાં હવા અને જળ પ્રદૂષિત કર્યાં છે.
- કાર્બન મોનોક્સાઈડ અને સલ્ફર ડાયોક્સાઈડ જેવા અતિ નુકસાનકારક વાયુઓને કારણે હવા પ્રદૂષિત બની છે.
- ઔદ્યોગિક કચરો નદીમાં ઠાલવવાને કારણે જળપ્રદૂષણ વધ્યું છે.
- આજે ઘણાં કારખાનાં ઔદ્યોગિક રીતે દૂષિત થયેલા પાણીને નદીમાં વહાવી દે છે. આથી આજે પાણી પણ દૂષિત બન્યું છે.
- ઉદ્યોગમાં જૂની મશીનરી તથા પરિવહનનાં સાધનોને કારણે અવાજનું પ્રદૂષણ વધ્યું છે.
- કુદરતી તથા માનવસર્જિત કારણોને લીધે પર્યાવરણની ગુણવત્તામાં ઘટાડો થયો છે.

**(32) આર્થિક વૃદ્ધિ અને આર્થિક વિકાસ વચ્ચેનો તફાવત લખો.**

જવાબ : **(1) વિકાસની પ્રક્રિયાને આધારે :** આર્થિક વિકાસ એ ગુણાત્મક અને આર્થિક વૃદ્ધિ એ પરિણાત્મક છે. આર્થિક વિકાસ એ પ્રથમ અવસ્થા છે, જ્યારે આર્થિકવૃદ્ધિ એ આર્થિક વિકાસ પછીની અવસ્થા છે.

**(2) અર્થતંત્રમાં થતા પરિવર્તનને કારણે :** અર્થતંત્રમાં થતાં નવાં સંશોધનોના આધારે ઉત્પાદનમાં થતો વધારો એ આર્થિક વિકાસ છે. દા.ત. ઘઉં, ડાંગર જેવા પાકમાં નવાં બિયારણોની શોધ થતાં ઉત્પાદનમાં અનેક ગણો વધારો થયો. આ બાબત આર્થિક વિકાસ દર્શાવે છે. બીજી તરફ ખેડાણ લાયક જમીનમાં વધારો થવાથી ઉત્પાદનમાં વધારો થાય તેને આર્થિક વૃદ્ધિ કહે છે.

**(3) વિકસિત અને વિકાસશીલ દેશોના સંદર્ભમાં :** વિકસિત દેશોની રાષ્ટ્રીય આવકમાં થતો વધારો એ આર્થિક વૃદ્ધિ કહેવાય, જ્યારે વિકાસશીલ દેશોની રાષ્ટ્રીય આવકમાં થતો વધારો એ આર્થિક વિકાસ કહેવાય.

**અથવા**

**(32) જરૂરિયાતો અમર્યાદિત હોય છે સમજાવો.**

**જવાબ :** માનવીની જરૂરિયાતો અસંખ્ય અને અમર્યાદિત હોય છે. વળી એક જરૂરિયાતમાંથી બીજી અનેક જરૂરિયાતો ઉદ્ભવે છે.

- ઘણી જરૂરિયાતો એવી હોય છે જે વારંવાર સંતોષવી પડે છે.
- કેટલીક જરૂરિયાતો વિજ્ઞાન અને ટેકનોલોજીના વિકાસને કારણે પણ ઉદ્ભવે છે. અનેક કારણોસર જરૂરિયાતો અમર્યાદિત બને છે. માટે આ જરૂરિયાતો પૂરી કરવા માટે જરૂરિયાતોની ખાસ પસંદગી કરવી પડે છે.
- દા.ત. એક વ્યક્તિ સ્કૂટર મેળવવાની ઇચ્છા સેવે છે સ્કૂટર મળ્યા પછી તેને મોટરકાર મેળવવાની ઉચ્છા થાય છે.
- જે મળે તેનાથી સંતુષ્ટ રહેવાને બદલે માનવીને બીજી વસ્તુ મેળવવાની ઈચ્છા જાગે છે તે ઈચ્છા સંતોષાવાથી બીજી વસ્તુ મેળવવાની ઈચ્છા થાય છે આમ, મનુષ્યના જીવનના અંત સુધી તેની જરૂરિયાતોનો અંત આવતો નથી.
- માનવીના જીવનનો જેમજેમ વિકાસ થાય છે તેમતેમ તેની જરૂરિયાતો પણ બદલાતી રહે છે અને સતત વધતી જાય છે. એક જરૂરિયાત સંતોષાય ત્યાં બીજી જરૂરિયાત ઊભી થાય છે. આમ, જરૂરિયાતો અમર્યાદિત હોય છે.

**(33) ISI, ECO અને EPO ઍગમાર્ક વિશે જણાવો.**

**જવાબ :** **(1) ISI :** ભારત સરકારે ગુણવત્તાનું નિયમન કરવા માટે ઇ.સ.1947માં 'ઇન્ડિયન સ્ટાન્ડર્ડ ઈન્સ્ટિટ્યૂટ' (ISI) નામની સંસ્થા સ્થાપી હતી. જે પાછળથી ઇ.સ.1986થી 'બ્યુરો ઑફ ઇન્ડિયન સ્ટાન્ડર્ડ્સ'ના નામે ઓળખાય છે. જે યોગ્ય ગુણવત્તા ધરાવતાં વિવિધ ઉત્પાદકોને 'ISI' માર્કો વાપરવાની છૂટ આપે છે.

**(2) ECO :** આ માર્કો સાબુ, ડિટર્જન્ટ, કાગળ, લુબ્રીકેટિંગ ઓઈલ, પેકેજિંગ મટિરિયલ્સ, રંગરસાયણો, પાવડર, કોટિંગ, બેટરી, સૌંદર્ય પ્રસાધનો, લાકડાના બદલે વપરાતી વસ્તુઓ અને પ્લાસ્ટિકની બનાવટોને (ECO)ઇન્ડિયન સ્ટાન્ડર્ડ બ્યૂરો દ્વારા આપવામાં આવે છે.

**(3) EPO :** આ માર્કો જામ, ફ્રૂટ, જયૂસ, સ્કેવેરા, કેન કે ટીનમાં પેક કરેલાં ફળો અને શાકભાજીની ઉત્પાદક વસ્તુ પર લગાડવામાં આવે છે.

**(34) ટૂંકનોંધ લખો : જમ્મુ-કશ્મીરમાં આતંકવાદ**

- 15મી ઓગષ્ટ 1947ના રોજ ભારત આઝાદ થયો ભારત અને પાકિસ્તાન બે અલગ રાષ્ટ્રો થયાં.
- આઝાદી બાદ પાકિસ્તાને કશ્મીરના કેટલાક ભાગ ઉપર પોતાનો કબજો જમાવી રાખ્યો હતો.
- જમ્મુ-કશ્મીર ભારતનું અભિન્ન અંગ હોવા છતાં પાકિસ્તાન તેને અવારનવાર મેળવવા પ્રયત્ન કરે છે. કશ્મીર મેળવવા માટે તે અવારનવાર યુદ્ધો પણ કરે છે. દરેક યુદ્ધમાં આપણા સૈનિકોએ પાકિસ્તાનને નાલેશીજનક પરાજય પણ આપેલો છે.
- ઇ.સ.1988 પછી કશ્મીરમાં આતંકવાદ વધી ગયો છે. અપહરણ, હત્યા, બોંબવિસ્ફોટ વગેરે પ્રવૃત્તિ દ્વારા આતંકવાદીઓ ભય ફેલાવી પોતાનો સ્વાર્થ સાધવા માગે છે. તેના પરિણામે કશ્મીરમાં અનેક પંડિત કુટુંબોએ નાછૂટકે વતન છોડીને સ્થળાંતર કરવું પડ્યું છે.
- કશ્મીરના આતંકવાદને સીમા પરથી સતત સહાય મળતી રહે છે.
- આતંકવાદીઓનો આશય ભારતમાં ભય અને અસ્થિરતા ઊભી કરવાનો છે.
- આતંકવાદી પ્રવૃત્તિઓને બંધ કરવા, ભારત મક્કમપૂર્વક અને મજબૂત રીતે પ્રયત્નો કરી રહ્યું છે.

## વિભાગ - D

● **નીચે આપેલા પ્રશ્ન નં. (35 થી 39)ના વિસ્તારપૂર્વક આશરે 20 થી 25 લીટીમાં જવાબ આપો.**
**(પ્રત્યેક પ્રશ્નના 04 ગુણ)** **[24]**

**(35) ગુજરાતનાં સાંસ્કૃતિક વારસાનાં સ્થળો વિશે નોંધ લખો.**

જવાબ :● લોથલ, રંગપુર, ધોળાવીરા, રોઝડી વગેરે સાંસ્કૃતિક, પૌરાણિક અને પુરાતત્ત્વીય મહત્ત્વ ધરાવે છે.

- વડનગરનું કીર્તિતોરણ, જૂનાગઢમાં આવેલો સમ્રાટ અશોકનો શિલાલેખ, મોઢેરાનું સૂર્યમંદિર, ચાંપાનેરનો દરવાજો, સિદ્ધપુરનો રૂદ્ર મહાલય, વિરમગામનું મુનસર તળાવ, અમદાવાદની જામા મસ્જિદ, ઝૂલતામિનારા, સીદી સૈયદની જાળી, હઠીસિંગનાં દહેરાં, પાટણનું સહસ્રલિંગ તળાવ, વડોદરાનો રાજમહેલ, જૂનાગઢમાં મહોબત ખાનનો મકબરો, નવસારીની પારસી અગિયારી વગેરે ઐતિહાસિક મહત્ત્વ ધરાવતાં જોવાલાયક સ્થળો છે.
- દ્વારકાનું દ્વારકાધીશ મંદિર, શારદાપીઠ, સોમનાથ મંદિર, અંબાજી, બહુચરાજી, મહાકાળી મંદિર, મીરાંદાતાર (ઉનાવા), જૈન તીર્થ પાલિતાણા, રણછોડરાયજી મંદિર (ડાકોર) અને શામળાજી-(અરવલ્લી જિલ્લો) વગેરે ધાર્મિક મહત્ત્વ ધરાવતાં તીર્થસ્થાનો છે.
- ગુજરાતના જાણીતાં ધાર્મિક, સામાજિક અને પ્રવાસનલક્ષી સ્થળોમાં પોળો (વિજયનગર સાબરકાંઠા જિલ્લો), પતંગોત્સવ અને કાંકરિયા કાર્નિવલ (અમદાવાદ), તાના-રીરી મહોત્સવ (વડનગર), ઉત્તરાર્ધ નૃત્ય મહોત્સવ (મોઢેરા) રણોત્સવ (કચ્છ) વગેરેનો સમાવેશ થાય છે.
- ગુજરાતમાં જૈન અને બૌદ્ધધર્મનો પ્રચાર અને પ્રસાર થયો હતો.
- ગુજરાતમાં વડનગર, તારંગા, ખંભાલીડા, જૂનાગઢ, શામળાજી, કોટેશ્વર, તળાજા, ઢાંક, ઝઘડિયા વગેરે સ્થળોએ બૌદ્ધ અને જૈન ગુફાઓ જોવા મળે છે.

**(અથવા)**

**(35) તાજમહેલની સ્થાપત્ય કલાનો પરિચય આપો.**

જવાબ :● ભારતના ઉત્તરપ્રદેશ રાજ્યના આગ્રામાં યમુના નદીના કિનારે તાજમહેલ આવેલો છે.

- વિશ્વની સાત અજાયબીઓમાં સ્થાન ધરાવતા તાજમહેલનું નિર્માણ મુઘલ બાદશાહ શાહજહાંએ પોતાની બેગમ મુમતાજ મહલની યાદમાં કરાવ્યું હતું.
- ઈ.સ. 1630માં મુમતાજ મહલનું અવસાન થતાં ઈ.સ.1631માં તાજમહેલના બાંધકામની શરૂઆત થઈ હતી.
- 22 વર્ષ બાદ ઈ.સ.1653માં તાજમહેલનું નિર્માણ- કાર્ય પૂર્ણ થયું હતું.
- શાહજહાંએ તાજમહેલના નિર્માણકાર્યમાં ભારતના કુશળ શિલ્પીઓ ઉપરાંત ઈરાની, અરબી, તુર્કી અને યુરોપીય શિલ્પીઓને રોક્યા હતા.
- વિશ્વના અદ્વિતીય મકબરાઓમાં ગણનાપાત્ર તાજમહેલ દ્વારા મુમતાજમહલનું નામ જગતભરમાં અમર થઈ જાય તેવી શાહજહાંની અંતરેચ્છા હતી.
- તાજમહેલની મધ્યમાં મુમતાજની કબર આવેલી છે. તેની ચારેબાજુ ખૂબ જ સુંદર અષ્ટકોણીય જાળી આવેલી છે તેની મહેરાબ (જૂના ઘરોમાં બહાર નીકળતી ખાસ પ્રકારની બારી) પર એક

ઉક્તિ લખેલી છે : ''સ્વર્ગના બગીચામાં પવિત્ર દિલોનું સ્વાગત છે.''

- તાજમહેલ ભારતના સ્થાપત્યકલાના વારસાને ગૌરવાન્વિત કરે છે.
- તાજમહેલ દેશવિદેશના પ્રવાસીઓ માટે નિત્ય આકર્ષણનું કેન્દ્ર બની રહ્યો છે.

**(36) કૃષિના પ્રકારો વિશે નોંધ લખો.**

જવાબ : **(1) જીવનનિર્વાહ ખેતી :** ભારતના ખેડૂતની આર્થિક સ્થિતિ નબળી છે. નાના કદનાં ખેતરોમાં મોંઘાં બિયારણો અને જંતુનાશકોનો ઉપયોગ કરવો પોષાય તેમ નથી. ખેતરમાં થતું અનાજનું ઉત્પાદન કુટુંબના ભરણપોષણમાં જ વપરાઈ જાય છે. આથી તેને જીવનનિર્વાહ ખેતી કે આત્મનિર્વાહ ખેતી કહે છે.

**(2) સૂકી ખેતી :** સિંચાઈની અપૂરતી સગવડ અને ખેતી માત્ર વરસાદ પર આધારિત હોય તેવા વિસ્તારોમાં માત્ર જમીનમાં સંગ્રહાયેલા ભેજના આધારે એક જ પાક લેવામાં આવે છે તેને સૂકી ખેતી કહે છે. ગુજરાતના ભાલપ્રદેશમાં ચોમાસું પૂરું થયા બાદ ભેજવાળી જમીનમાં ઘઉં અને ચણાનો પાક લેવામાં આવે છે.

**(3) આર્દ્રખેતી :** જ્યાં સિંચાઈની સગવડ વધુ છે તેવા વિસ્તારોમાં આર્દ્ર (ભીની) ખેતી કરવામાં આવે છે. વરસાદ ન પડે કે ઓછો પડે ત્યારે સિંચાઈ દ્વારા વર્ષમાં એક કરતાં વધુ પાક લઈ શકાય છે. જેમાં ડાંગર, શેરડી, કપાસ, ઘઉં અને શાકભાજીની ખેતી કરવામાં આવે છે.

**(4) સ્થળાંતરિત (ઝૂમ) ખેતી :** આ પ્રકારની ખેતીમાં જંગલોમાં વૃક્ષોને કાપીને તેને સળગાવીને જમીન સાફ કરી ત્યાં ખેતી કરાય છે. અહીં વર્ષમાં બે -ત્રણ વખત ખેતી થાય છે. જમીનની ફળદ્રુપતા ઘટતા આ વિસ્તાર છોડી દઈને બીજી જગ્યાએ આ જ રીતે ખેતી શરૂ કરવામાં આવે છે. તેને ઝૂમ ખેતી કહે છે. આ ખેતીમાં ઉત્પાદન ખૂબ જ ઓછું થાય છે.

**(5) બાગાયતી ખેતી :** બાગાયતી ખેતી એક ખાસ પ્રકારે થતી ખેતી છે. રબર, ચા, કૉફી, કોકો, નાળિયેર, સફરજન, કેરી, સંતરાં, દ્રાક્ષ, આંબળાં, લીંબુ, ખારેક વગેરેની ખેતી કરવામાં આવે છે. આ પ્રકારની ખેતીમાં વધુ મૂડીરોકાણ, કુશળતા, તકનિકી જ્ઞાન, યંત્રો, ખાતર, સિંચાઈ અને પર્યાવરણની સુવિધા જરૂરી છે.

**(6) સઘન ખેતી :** જ્યાં સિંચાઈની સગવડ વધુ છે ત્યાં રાસાયણિક ખાતરો, કીટનાશકો અને યંત્રોનો ઉપયોગ કરવામાં આવે છે. આ પ્રકારે થતી ખેતીને સઘન ખેતી કહે છે. આ પ્રકારની ખેતીમાં રોકડિયા પાકોનું વાવેતર કરવામાં આવે છે. આ પ્રકારની ખેતી કરવાથી ઉત્પાદનમાં ખૂબ વધારો થાય છે. આ પ્રકારની ખેતીમાં આર્થિક વળતરને મહત્ત્વ અપાતું હોવાથી તેને વ્યાપારી ખેતી પણ કહે છે.

**(37) ભારતમાં બેરોજગારીની વિશાળતાનું પ્રમાણ જણાવો.**

જવાબ :
- 2022ની વસ્તીગણતરીએ 116 મિલિયન લોકો બેરોજગારીની શોધમાં હતા.
- 32 મિલિયન લોકો અશિક્ષિત બેરોજગારો અને 84 મિલિયન શિક્ષિત બેરોજગારો હતા.
- જેઓની ઉંમર 15 થી 24 વર્ષની છે તેવા અંદાજે 4.70 કરોડ લોકો બેકાર હતા.
- લેબર બ્યૂરોના સર્વે મુજબ ભારતમાં 2013-2014માં બેરોજગારીનો દર 5.4 ટકા જોવા મળ્યો હતો.
- ગુજરાતમાં દર હજારે 12 વ્યક્તિઓ (1.2 ટકા)

બેરોજગાર હતી.

- ભારતમાં 2009-10માં દર હજારે શહેરી વિસ્તારમાં 34 વ્યક્તિઓ (3.4) ટકા વ્યક્તિઓ બેરોજગાર હતાં.
- ભારતમાં દર હજારે ગ્રામવિસ્તારમાં 16 વ્યક્તિઓ (1.6) ટકા વ્યક્તિઓ બેરોજગાર હતાં.
- શિક્ષિત બેરોજગારોનું પ્રમાણ શહેરમાં વધુ જોવા મળ્યું હતું.
- ઈ.સ. 2013માં સ્ત્રીઓનો બેરોજગારીનો દર 7.7 ટકા જોવા મળ્યો હતો.
- ભારતમાં સિક્કિમ, કેરાલા, પશ્ચિમબંગાળ, ઉત્તરપ્રદેશ, છત્તીસગઢ, જમ્મુ-કશ્મીર, ત્રિપુરા જેવાં રાજ્યોમાં બેરોજગારીનું પ્રમાણ વધુ ઊંચું જોવા મળ્યું છે.
- હિમાચલપ્રદેશ, હરિયાણા, કર્ણાટક, ચંદીગઢ અને ગુજરાતમાં બેરોજગારીનું પ્રમાણ ક્રમશઃ નીચું રહ્યું છે.
- ગુજરાતમાં રોજગારીના ક્ષેત્રે સારી અને નોંધનીય પરિસ્થિતિ છે.
- ભારતમાં એક અંદાજ મુજબ ઉચ્ચ શૈક્ષણિક લાયકાતવાળા 15 ટકા યુવાનો છે. વિશ્વની વસ્તીના 66 ટકા લોકો જે 35 વર્ષની વય સુધીના યુવાનો છે તે ભારતમાં છે.

**(અથવા)**

**(37) ગરીબી નિવારણ કાર્યક્રમ અન્વયે ''કૃષિક્ષેત્રે'' તથા ''ગ્રામોદયથી ભારત ઉદય'' કાર્યક્રમ હેઠળ સરકારે લીધેલાં પગલાંઓની વિગતે ચર્ચા કરો.**

**જવાબ :** આ કાર્યક્રમ થકી વન્યપ્રાણીઓ દ્વારા થતા પાકના નુકસાન સામે તારની વાડ કરવા આર્થિક સહાય આપવામાં આવે છે.

- અછત કે દુકાળના સમયે પશુધનની સુરક્ષા માટે ઘાસ ઉત્પાદન અને પશુ શેલ્ટર બાંધવા માટે આર્થિક સહાય આપવામાં આવે છે.
- અત્યાધુનિક સેટેલાઈટ કે ડ્રોન ટેકનિકની મદદથી વરસાદની આગાહી કરવામાં આવે છે.
- ખનીજ ક્ષેત્રો શોધવા માટે જમીનનો સર્વે કરી રેકર્ડ જાળવવાની જોગવાઈ કરવામાં આવી છે.
- ખેતીમાં યાંત્રિકીકરણ માટે ટ્રેક્ટર તથા મિની ટ્રેક્ટરની ખરીદીમાં ઓછા વ્યાજે લોન ધિરાણ કરવામાં આવે છે. અને સબસીડીરૂપે સહાય આપવામાં આવે છે.
- ખેડૂતોને પાણીની ટાંકીનાં નિર્માણમાં સહાય, બાગાયતી પાકોની ગુણવત્તા સુધારવા માટે કૃષિ ધિરાણ આપવામાં આવે છે.
- મંડળીમાં કમ્પ્યૂટરાઈઝેશન, કપાસ, કઠોળ, મસાલાના ઉત્પાદન માટે નવી ટેસ્ટિંગ લેબોરેટરી સ્થાપવામાં આવી છે.
- ખેડૂતોને પોષણક્ષમ ભાવો મળી રહે તેવો પ્રબંધ કરવામાં આવ્યો છે.
- જળસંગ્રહ માટે જળાશયોમાંથી કાંપ દૂર કરીને તેને ઊંડા કરવાં, મોટાં કરવાં, ખેત-તલાવડીઓનું નિર્માણ કરવું, જળાશયોની કેનાલ અને કાંસની સફાઈ કરવી તથા તેની લંબાઈમાં વધારો કરવો જેવા કાર્યક્રમો હાથ ધરવામાં આવે છે.
- જલમંદિરોનું પુનઃ સ્થાપન અને ચેકડેમોનું રિપેરિંગ કરવું અને જળની સંગ્રહશક્તિમાં વધારો કરવા જેવા અનેક કાર્યક્રમો હાથ ધર્યા છે.
- ખેડૂતોને દેવામાંથી ઉગારવાના પ્રયાસરૂપે વિવિધ પ્રકારે સહાય પૂરી પાડવાનો પ્રયત્ન કેન્દ્ર અને રાજ્યસરકારે આ યોજનામાં કર્યો છે.

**(38) વૃદ્ધોની સમસ્યાઓ વર્ણવો તથા તેમના રક્ષણ અને કલ્યાણ સંબંધી જોગવાઈઓ વર્ણવો.**

જવાબ : **વૃદ્ધોની સમસ્યાઓ :** પશ્ચિમી સંસ્કૃતિ મુજબ વિભક્ત કુટુંબમાં રહેવાની ઘેલછાએ સંતાનોને વૃદ્ધ માતા-પિતા તરફની નૈતિક ફરજો, મૂલ્યો અને સંસ્કૃતિ ભુલાવ્યાં છે.

- વૃદ્ધ માતાપિતાને સંતાનો તરફથી આર્થિક મદદ મળતી નથી. સંતાનોના લાગણીશૂન્ય વર્તન-વ્યવહારથી મજબૂર બનીને તેમને 'ઘરડાંઘરો'માં રહેવાની ફરજ પડે છે.

★ **વૃદ્ધોનાં રક્ષણ અને કલ્યાણ સંબંધી જોગવાઈઓ :-**

- વૃદ્ધોની સમસ્યાઓ પ્રત્યે લોકોનું ધ્યાન ખેંચવા માટે સંયુક્ત રાષ્ટ્રોએ (UN) સન 1999ના વર્ષને "આંતરરાષ્ટ્રીય વૃદ્ધ વર્ષ" તરીકે ઘોષિત કર્યું હતું.
- પ્રત્યેક વર્ષે 1લી ઓક્ટોબરના દિવસને 'વિશ્વવૃદ્ધ દિન' તરીકે આંતરરાષ્ટ્રીય સ્તરે ઊજવવામાં આવે છે.
- 'વૃદ્ધો અંગેની રાષ્ટ્રીય નીતિ' - 1999 કેન્દ્ર સરકાર દ્વારા અમલમાં આવી છે જે અન્વયે વૃદ્ધોને પેન્શન/ આર્થિક સહાય આપવામાં આવે છે.
- 'સિનિયર સિટિઝન્સ માટેની સ્કીમ હેઠળ વૃદ્ધોને બેંક કે પોસ્ટ ઑફિસમાં મૂકેલી ડિપોઝીટ પર વધુ વ્યાજની સવલત, બસ, રેલવેમાં આપવામાં આવે છે.
- બસ, રેલવે કે હવાઈ મુસાફરીમાં સિનિયર સિટિઝન સ્કીમહેઠળ વૃદ્ધોને ટિકિટના દરમાં 30 ટકાથી 50 ટકા સુધીની રાહત આપવામાં આવે છે.
- રાજ્ય સરકારે પ્રત્યેક જિલ્લામાં સુવિધાયુક્ત 'ઘરડાં ઘરો' ખોલ્યા છે.
- શહેરોમાં વૃદ્ધો માટે અલગ બગીચાઓ ખુલ્લા મૂક્યા છે. વૃદ્ધાશ્રમોમાં સંગીત, યોગ, રમતગમત કે માનસિક ક્ષમતા વધે તેવી પ્રવૃત્તિઓ દ્વારા જીવનમાં શાંતિ સ્થાપવાના પ્રયત્ન થાય છે.
- વૃદ્ધોને હેરાન કરતા તેમનાં સંતાનોને સજા અને દંડની જોગવાઈ કરી છે. વૃદ્ધોની સારસંભાળની જવાબદારી તેમના કુટુંબીજનો અને સગાંઓ પર લાદવામાં આવી છે.
- વૃદ્ધો સંતાનો પાસેથી કાયદેસર રીતે ભરણપોષણ મેળવવાના હકદાર બન્યાં છે.
- કેન્દ્ર સરકારે વિશિષ્ટ યોગદાન બદલ પ્રૌઢોને સન્માનિત કરવાનો કાર્યક્રમ અમલમાં મૂક્યો છે.

(39) ભારતના રેખાંકિત નકશામાં નીચેની વિગતો યોગ્ય સંજ્ઞાસૂચિ વડે દર્શાવો.

(1) શણ ઉત્પાદન કરતો એક પ્રદેશ (2) સુતરાઉ કાપડ ઉદ્યોગનું એક કેન્દ્ર

(3) કાઝીરંગા રાષ્ટ્રીય ઉદ્યાન (4) પ્રાકૃતિક વારસાનાં સ્થળો



- **નીચે આપેલા વિકલ્પોમાંથી સાચા વિકલ્પ પસંદ કરો. (પ્રત્યેકનો 01 ગુણ) [04]**
  - આ જાણીતી વિદ્યાપીઠ હતી.
  - જ્ઞાનની આરાધના તથા તેમની વિશિષ્ટ પ્રકારની શિક્ષણપ્રણાલીને કારણે ભારતમાં જ નહીં પરંતુ વિશ્વમાં તે પ્રસિદ્ધ હતી.
  - આ વિદ્યાપીઠમાં દેશ - પરદેશથી વિદ્યાર્થીઓ અભ્યાસ કરવા માટે આવતા હતા.

**(1) ઉપરોક્ત વિધાનોના આધારે જણાવો કે કઈ વિદ્યાપીઠ વિશે આ વાત કરવામાં આવી છે ?** D

(A) નાલંદા (B) તક્ષશિલા

(C) વારાણસી **(D) વલભી**

**(2) તાજમહેલના શ્વેત સંગેમરમર (આરસ) ઝાંખા અને પીળા પડી રહ્યા હતા, તેનું શું કારણ છે ?** – C

(A) ભૂમિપ્રદૂષણ

(B) જળ પ્રદૂષણ

**(C) વાયુ પ્રદૂષણ**

(D) ધ્વનિપ્રદૂષણ

**(3) નીચેના પૈકી કયું એક જોડકું ખોટું છે ?** – D

(A) પશ્ચિમબંગાળ -- કુલ્ટી

(B) ઝારખંડ -- જમશેદપુર

(C) કર્ણાટક -- ભદ્રાવતી

**(D) આંધપ્રદેશ -- બર્નપુર**

**(4) નીચે આપેલું કયું એક જોડકું અયોગ્ય છે ? તે બતાવો.** – D

(A) ઓ.પી.વી - પોલિયો માટે

(B) બી.સી.જી - ક્ષય માટે

(C) ડી.પી.ટી - ઉધરસ, ધનુર માટે

(D) એમ.એમ. આર - રકતપિત્ત માટે

- **ખાલી જગ્યા પૂરો. (પ્રત્યેકનો 01 ગુણ)**

(5) ભારતમાં **પંજાબ** રાજયમાં સિંચાઈક્ષેત્રનું પ્રમાણ

- **ખાલી જગ્યા પૂરો. (પ્રત્યેકનો 01 ગુણ) [03]**

(5) ભારતમાં **પંજાબ** રાજયમાં સિંચાઈક્ષેત્રનું પ્રમાણ 90.8 ટકા છે.

(6) પર્યાવરણની જાગૃતિ અંગે પ્રથમ "પૃથ્વી પરિષદ" **ઈ.સ.1972**ની સાલમાં યોજવામાં આવી હતી.

(7) ભારતમાં મહિલા સશકિતકરણ વર્ષ **2002ના** વર્ષમાં ઊજવવામાં આવ્યું હતું.

- **બંધબેસતાં જોડકાં જોડો (પ્રત્યેકનો 01 ગુણ) [03]**

| | વિભાગ-A | વિભાગ -B |
|---|---|---|
| (8) | (1) ઢાઈ દિન કા ઝોંપડા | (A) સિદ્ધપુર |
| (9) | (2) ગોળગુંબજ | (B) વડનગર |
| (10) | (3) રુદ્રમહાલય | (C) બીજાપુર |
| | | (D) દિલ્હી |

**(1) D (2) C (3) A**

- **નીચેનાં વિધાનો સાચાં છે કે ખોટાં તે જણાવો. (પ્રત્યેકનો 01 ગુણ) [03]**

(11) રેલમાર્ગ એશિયામાં ભારતનું સ્થાન પ્રથમ અને વિશ્વમાં દ્વિતય ક્રમે છે. – ✓

(12) ભારતમાં 1 કિલો ઘઉં ઉત્પન્ન કરવા માટે 1500 લિટર પાણીની જરૂર પડે છે. – ✓

(13) કાપની જમીનમાં ચૂનાનું પ્રમાણ વધારે હોય છે. – ✗

- **આપેલા પ્રશ્નોના એક કે બે વાક્યોમાં ઉત્તર લખો. (પ્રત્યેકનો 01 ગુણ) [03]**

**(14) ભારતમાંથી નિકાસ થતી મુખ્ય ચીજવસ્તુઓ કઈ કઈ છે ?**

જવાબ : ભારતમાંથી નિકાસ થતી મુખ્ય ચીજવસ્તુઓ : કાચું લોખંડ, સાઈકલ, પંખા, સિલાઈ મશીન,

મોટરો, રેલવેના ડબ્બા, કમ્પ્યૂટર સોફ્ટવેર, રસાયણો, આભૂષણો, ચામડાનો સમાન, સુતરાઉ કાપડ, માછલી, હસ્તકલાની વસ્તુઓ, ચા , કૉફી, શણની ચીજવસ્તુઓ તથા તૈયાર કપડાં વગેરે છે.

**(15) ઉત્પાદનનાં મુખ્ય સાધનો કેટલાં છે ? કયાં કયાં?**

**જવાબ :** ઉત્પાદનનાં મુખ્ય સાધનોને ચાર ભાગમાં વહેંચવામાં આવ્યાં છે. જે નીચે મુજબ છે.

(1) જમીન (2) મૂડી (3) શ્રમ (4) નિયોજન

**(16) શ્રમનું સૌથી સસ્તું સાધન કયું છે ?**

**જવાબ :** શ્રમનું સૌથી સસ્તું સાધન બાળક છે.

## વિભાગ - B

**નીચે આપેલા પ્રશ્ન નં. (17 થી 26)નાં ટૂંકમાં ઉત્તર લખો. (પ્રત્યેકનો 02 ગુણ) [20]**

**(17) ઋગ્વેદનો ટૂંકમાં પરિચય આપો.**

**જવાબ :** ભારતીય સાહિત્યનું પ્રાચીનતમ પુસ્તક 'ઋગ્વેદ' છે.

- એમાં કુલ 1028 ઋચાઓનો સંગ્રહ છે.
- ઋગ્વેદ 10 ભાગોમાં વહેંચાયેલો છે.
- ઋગ્વેદની મોટાભાગની ઋચાઓમાં દેવી-દેવતાઓની સ્તુતિઓ છે. આ સ્તુતિઓ યજ્ઞપ્રસંગે કરવામાં આવતી હતી. તેમાંથી ઉષાને સંબોધન કરતી કેટલીક સ્તુતિઓ ખૂબ જ મનમોહક છે.
- આ ગ્રંથમાં આર્યોની રાજકીય, સામાજિક ધાર્મિક તેમજ આર્થિક બાબતોનું વર્ણન જોવા મળે છે.

**અથવા**

**(17) મધ્યયુગના સંસ્કૃત સાહિત્યનો ટૂંકમાં પરિચય આપો.**

**જવાબ :** મધ્યયુગમાં સાહિત્યની ભાષા સંસ્કૃત બની રહી.

- આ યુગમાં કશ્મીરમાં બે મહાન ગ્રંથો લખાયા. જેમાં સોમદેવે 'કથાસરિત્સાગર' અને કલ્હણે 'રાજતરંગિણી' ગ્રંથની રચના કરી. 'રાજતરંગિણી' કશ્મીરના ઈતિહાસને આલેખતો અત્યંત મહત્ત્વપૂર્ણ ગ્રંથ છે.
- મધ્યયુગમાં કવિ જયદેવે 'ગીતગોવિંદ' નામનાં ગ્રંથની રચના કરી. જેની ગણના સંસ્કૃતનાં સુંદરમાં સુંદર કાવ્યોમાં થાય છે.

**(18) પ્રાચીન ભારતે વિજ્ઞાનના ક્ષેત્રે આપેલો વારસો જણાવો.**

**જવાબ :** આપણા પ્રાચીન ભારતના મહાન ઋષિઓએ વિજ્ઞાનના ક્ષેત્રે અમૂલ્ય વારસો આપ્યો છે.

- ધાતુવિદ્યા, રસાયણવિદ્યા, વૈદકવિદ્યા, શૈલ્ય ચિકિત્સા, ગણિતશાસ્ત્ર, ખગોળશાસ્ત્ર, જયોતિષશાસ્ત્ર, વાસ્તુશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર જેવાં વિજ્ઞાનનાં અનેક ક્ષેત્રોમાં આપણા ઋષિઓએ મહત્તમ ફાળો આપ્યો છે.
- ભારતે માત્ર સાહિત્ય, કલા, ધર્મ, શિક્ષણ અને તત્ત્વચિંતન જેવાં ક્ષેત્રોમાં જ ફાળો નથી આપ્યો, પરંતુ કલા, વિજ્ઞાન અને ટેકનોલોજીના વિવિધ ક્ષેત્રમાં પણ પોતાનો સિંહફાળો આપ્યો છે.
- ભારત આધ્યાત્મિક વિચારધારાની સાથે સાથે વૈજ્ઞાનિક દૃષ્ટિબિંદુ પણ ધરાવે છે.
- પાશ્ચાત્ય દેશોની મોટાભાગની વૈજ્ઞાનિક અને ટેકનિકલ શોધોમાં એક યા બીજી રીતે પ્રાચીન ભારતના વિજ્ઞાનનું તત્ત્વ સમાયેલું છે.

**(19) પટ્ટદકલ સ્મારક વિશે માહિતી આપો.**

**જવાબ :** પટ્ટદકલ એ કર્ણાટક રાજયના બદામીથી 16 કિમી દૂર આવેલું નગર છે.

- પટ્ટદકલ એ ચાલુકય વંશની રાજધાનીનું નગર હતું.
- તેનાં મંદિરો સાતમી - આઠમી સદીમાં નિર્માણ પામ્યા હતા.
- તેનાં મંદિરોનાં નિર્માણમાં નાગર અને દ્રવિડ

શૈલીનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

- તેનું સૌથી મોટું મંદિર વિરુપાક્ષ (શિવ) નું મંદિર છે.

**(20) જમીન એટલે શું ?**

જવાબ :સામાન્ય રીતે ભૂસપાટીનું ઉપલું પડ જેમાં વનસ્પતિ ઊગે છે તેને આપણે જમીન કહીએ છીએ.

- પૃથ્વીના પોપડા પરના અનેકવિધ કણોનું બનેલું એક પાતળું પડ છે. એમાં ખનીજો, ભેજ, ધુમ્મસ તથા હવા વગેરે ભળેલાં હોય છે તે જમીન કહેવાય છે.
- જમીન ખનીજો અને જૈવિક તત્ત્વોનું કુદરતી મિશ્રણ છે. તેમાં વનસ્પતિનાં વૃદ્ધિ અને વિકાસ કરવાની ક્ષમતા રહેલી છે.
- જમીન એટલે સેંદ્રિય પદાર્થયુક્ત ઝીણા કણોવાળો પોચો ખડક પદાર્થ
- જમીન એટલે ભૂપૃષ્ઠ પરના માતૃખડક અને વનસ્પતિ દ્રવ્યોના મિશ્રણથી બનતા અસંગઠિત પદાર્થોનું પડ કે સપાટી.

**(21) તફાવત સ્પષ્ટ કરો : આર્થિક પ્રવૃત્તિ અને બિન આર્થિક પ્રવૃત્તિ.**

જવાબ :**આર્થિક પ્રવૃત્તિ :-**

- આવક મેળવવાના કે ખર્ચ કરવાના હેતુથી કરવામાં આવતી પ્રવૃતિને આર્થિક પ્રવૃતિ કહે છે.
- દા.ત. ખેડૂત ખેતરમાં અનાજ ઉગાડે છે તેનો હેતુ અનાજ વેચીને આવક મેળવવાનો છે.
- શિક્ષક સ્કૂલમાં બાળકોને ભણાવે છે તે પગાર લઈને ભણાવે છે આથી શિક્ષકની પ્રવૃત્તિ આર્થિક પ્રવૃત્તિ છે.
- **બિનઆર્થિક પ્રવૃત્તિ :-** જે પ્રવૃત્તિનો હેતુ આવક મેળવવાનો કે ખર્ચ કરવાનો ન હોય તે પ્રવૃત્તિને બિનઆર્થિક પ્રવૃત્તિ કહે છે.
- દા.ત - માતા પોતાનાં બાળકને ઉછેરે છે, તેનો હેતુ આવક મેળવવાનો હોતો નથી આથી માતાની પ્રવૃત્તિને બિનઆર્થિક પ્રવૃતિ કહેવાય.

**(22) ખનીજ એટલે શું ? ટૂંકમાં સમજાવો.**

જવાબ :કુદરતી કાર્બનિક અને અકાર્બનિક ક્રિયાઓથી તૈયાર થયેલા અમુક ચોકકસ રાસાયણિક બંધારણ ધરાવતા પદાર્થને ખનીજ કહેવામાં આવે છે.

- ખનીજ પૃથ્વીના પેટાળમાં અનંત કાળથી ચાલતી અજૈવિક પ્રક્રિયાનું પરિણામ છે.
- પૃથ્વીના ખડકોમાં અજૈવિક પ્રકિયાને કારણે રચાયેલા ચોકકસ રાસાયણિક અને સમગુણી બંધારણ તથા વિશિષ્ટ અણુરચના ધરાવતા ઘન, પ્રવાહી કે વાયુ સ્વરૂપના પદાર્થોને ખનીજ કહે છે.
- **ઘનસ્વરૂપમાં ખનીજો :-** લોખંડ, મેંગેનીઝ, સોનું, ચાંદી
- **પ્રવાહીસ્વરૂપમાં ખનીજો :-** પારો અને પેટ્રોલિયમ
- **વાયુસ્વરૂપમાં ખનીજો :-** કુદરતી વાયુ

**અથવા**

**(22) ધાતુમય ખનીજોનું વર્ગીકરણ કરો.**

જવાબ: **(1) કીમતી ધાતુમય ખનીજો :-** સોનું, ચાંદી, પ્લેટિનમ

**(2) હલકી ધાતુમય ખનીજો :-** મેગ્નેશિયમ, બોકસાઈટ, ટીટાનિયમ

**(3) સામાન્ય ઉપયોગમાં લેવાતાં ખનીજો :-** લોખંડ, તાંબુ, સીસું, જસત, કલાઈ, નિકલ

**(4) મિશ્ર ધાતુરૂપે વપરાતાં ખનીજો :-** ક્રોમિયમ, મેગેનીઝ, ટંગસ્ટન, વેનેડિયમ

**(23) રજ્જુમાર્ગ (રૉપ - વે) માર્ગ વિશે સમજૂતી આપો.**

**જવાબ :** પહાડી વિસ્તારોમાં માલ-સમાન કે મુસાફરોની હેરફેર માટે પર્વતશિખરોને રજ્જુ માર્ગથી જોડી દેવામાં આવે છે.

- ભારતમાં આશરે 100 જેટલા રજ્જુમાર્ગો આવેલા છે.
- ઉત્તર ભારતમાં દાર્જીલિંગ, કુલુમનાલી, ચેરાપુંજી, હરિદ્વાર વગેરેના પર્વતીય વિસ્તારોમાં રૉપ-વે આવેલા છે.
- દક્ષિણ ભારતમાં ચેન્નઈ, મલાઈના પર્વતીય વિસ્તારોમાં રૉપ - વે આવેલાં છે.
- ગુજરાતમાં પાવાગઢ, સાપુતારા, અંબાજી ખાતે રૉપ - વે ની સુવિધા ઉપલબ્ધ છે.
- જૂનાગઢમાં ગિરનારમાં પણ રજ્જુમાર્ગ આવેલો છે.

**(24) આર્થિક વિકાસ એટલે શું ?**

**જવાબ : આર્થિક વિકાસ એટલે**

- દેશની રાષ્ટ્રીય આવકમાં સતત વધારો થવો.
- દેશની માથાદીઠ આવકમાં વધારો થવો.
- લોકોના જીવનધોરણમાં સુધારો થવો.

**અથવા**

**(24) સમાજવાદી પદ્ધતિની ખામીઓ જણાવો.**

**જવાબ :** સમાન વહેંચણી અને સામાજિક કલ્યાણના ઉમદા ધ્યેય સાથે સમાજવાદી પદ્ધતિ અમલમાં આવી હતી. પરંતુ સમાજવાદી પદ્ધતિમાં કેટલીક ખામીઓ છે, જે નીચે મુજબ છે.

- ઉત્પાદનનાં સાધનોની માલિકી રાજયની હોવાથી ઉત્પાદન વધારવા માટે પ્રોત્સાહન મળતું નથી.
- સ્પર્ધા કે હરીફાઈના અભાવના કારણે અર્થતંત્રમાં સંશોધનને વેગ મળતો નથી.
- આ પદ્ધતિમાં વ્યક્તિગત સ્વાતંત્ર્ય જળવાતું નથી.
- રાજયના સંપૂર્ણ હસ્તક્ષેપના કારણે અમલદાર શાહીનો ભય ઊભો થાય છે.

**(25) 'અભયમ્ યોજના' શું છે ? સમજાવો.**

**જવાબ :** મહિલાની સુરક્ષા અને સલામતી માટે ગુજરાત સરકારે અભયમ્ યોજના શરૂ કરી છે.

- વિવિધ પ્રકારની હિંસાથી પીડિત મહિલાઓ જરૂરી માર્ગદર્શન મેળવી શકે એ માટે અભયમ્ યોજના શરૂ કરી છે.
- મહિલાઓને માત્ર એક જ કોલથી મદદ મળતી રહે તે માટે ગુજરાત સરકારે 181 અભયમ્ મહિલા હેલ્પલાઈન શરૂ કરી છે.
- 181 અભયમ્ મહિલા હેલ્પલાઈન સમગ્ર ગુજરાત રાજયમાં અમલમાં મૂકવામાં આવી છે.

**(26) નાગરિકોના મૂળભૂત અધિકારો જણાવો.**

**જવાબ :** ભારતીય બંધારણમાં લોકતંત્રની સ્થાપના માટે પ્રત્યેક નાગરિકને કોઈપણ જાતના ભેદભાવ વિના છ મૂળભૂત અધિકારો આપ્યા છે.

(1) સમાનતાનો અધિકાર

(2) સ્વતંત્રતાનો અધિકાર

(3) શોષણ વિરોધી અધિકાર

(4) ધાર્મિક સ્વતંત્રતાનો અધિકાર

(5) સાંસ્કૃતિક અને શૈક્ષણિક અધિકાર

(6) બંધારણીય ઈલાજોનો અધિકાર

- જો કોઈપણ રાજય કે રાષ્ટ્ર આ મૂળભૂત અધિકારોનો ભંગ કરીને નાગરિકોને તેના હકથી વંચિત રાખવાનો પ્રયત્ન કરે તો નાગરિકો તેના બંધારણીય હકના રક્ષણ માટે સુપ્રીમકોર્ટના દ્વાર ખટખટાવી શકે છે.

## વિભાગ - C

- **નીચે આપેલા પ્રશ્ન નં. 27 થી 34ના મુદાસર ઉત્તર લખો. (પ્રત્યેકનો 03 ગુણ)** **[24]**

**(27) ભારતીય વારસાનાં જતન અને સંરક્ષણ અંગે આપણી બંધારણીય ફરજો જણાવો. અથવા વારસાના જતન માટે આપણી ભૂમિકાનું વર્ણન કરો.**

**જવાબ :** ભારતના ભવ્ય ભૂતકાલીન વારસાને જાળવવા માટે કેન્દ્ર અને રાજય સરકાર, યુનેસ્કો અને બિનસરકારી સંસ્થાઓ પોતાની ફરજો યોગ્ય રીતે નિભાવી રહી છે પરંતુ સૌથી મહત્ત્વની જવાબદારી આપણાં સૌની છે.

- આપણે સૌએ વારસાની યાદી તૈયાર કરી ચોકસાઈ રાખવી જોઈએ.
- તેની તોડફોડ ન થાય, ચોરાઈ ન જાય તેની કાળજી રાખવી જોઈએ. તે અંગે સતત પ્રયત્નશીલ રહીએ તે જરૂરી છે.
- સ્થાનિક કક્ષાએ શાળા - કોલેજો અને બિનસરકારી સંસ્થાઓ દ્વારા ઐતિહાસિક સ્થળોના પ્રવાસ, વક્તવ્યો, પ્રદર્શનો, ચર્ચાસભાઓ યોજી વારસાને લગતી સમજ આપવી જોઈએ.
- ઐતિહાસિક સ્મારકો, શિલ્પ-સ્થાપત્યો, કલાકૃતિઓ, નમૂનાઓ એકવાર નષ્ટ થયા પછી તેને મૂળ સ્થિતિમાં લાવી શકાતા નથી માટે તેનો નાશ થવા ન દેવાય. તે મૂળ સ્થાનેથી બીજે ન જાય તેનું ધ્યાન રાખવાની સૌની ફરજ છે.
- પ્રાચીન સમયનાં વાવ, ઝરણાં, તળાવો, સરોવરોની વર્ષાઋતુ દરમિયાન ખાસ કાળજી રાખવી જોઈએ.
- ધોળકાનું મલાવ તળાવ, ચાંપાનેરનો કૂવો, ભમરિયોકૂવો, નવઘણકૂવો વગેરે પ્રાચીન સ્મારકોની જેમ સચવાય તેનું સૌએ ધ્યાન રાખવું જોઈએ.

**(28) ભારતની એક કલા તરીકે ચિત્રકલાનો પરિચય આપો.**

**જવાબ :** વિવિધ કલાઓમાં ચિત્રકલાનું સ્થાન અગ્રિમ સ્થાને છે.

- ચિત્રકલામાં પ્રકૃતિનાં જડ અને ચૈતન્ય સ્વરૂપોમાં રહેલા વિવિધ ભાવોનું દર્શન કરાવવાની ક્ષમતા રહેલી છે.
- આશરે 25000 વર્ષ જૂની હડપ્પીય સંસ્કૃતિના અવશેષોમાંથી ભારતીય ચિત્રકલાના પુરાવા મળી આવ્યા છે. ઉત્ખનનોમાં પણ ભારતની ચિત્રકલાના નમૂના મળી આવે છે.
- આદિમાનવોનાં ગુફાચિત્રોમાં પશુ-પક્ષીઓનાં આલેખનો જોવા મળે છે.
- હડપ્પાના લોકો માટીનાં વાસણો ઉપર ફૂલછોડ અને ભૌમિતિક રેખાંકનોની ભાત પાડતા હતા.
- અજંટા-ઈલોરાની ગુફામાંથી મળેલાં ચિત્રો ભારતીય ચિત્રકલાના અજોડ નમૂના છે.
- ભારતમાં મંગળ પ્રસંગોએ સ્વસ્તિક, કળશ, ગણેશનાં ચિત્રો દોરવાની અને રંગોળી પૂરવાની પ્રથા ઘણી જૂની છે.

**અથવા**

**(28) નાટ્યકલાનો પરિચય આપો.**

**જવાબ :** મનોરંજન સાથે સંસ્કાર એ ભારતીય નાટ્યકલાની વિશેષતા રહી છે.

- ભરતમુનિએ 'નાટ્યશાસ્ત્રની' રચના કરી હતી.
- નાટ્યકલા એ નાટ્યલેખન અને મંચન દ્વારા રંગમંચ ઉપર દશ્ય-શ્રાવ્ય અને અભિનયના ત્રિવેણી સંગમ સાથે આબાલવૃદ્ધોનું મનોરંજન અને લોકશિક્ષણ કરતી ભારતની પ્રાચીન કળા છે.
- નાટ્યકલામાં તમામ કલાઓનો સમન્વય થયો હોવાનું વર્ણવતા ભરતમુનિએ નોંધ્યું છે કે -

"એવું કોઈ શાસ્ત્ર નથી, એવું કોઈ શિલ્પ નથી, એવી કોઈ વિદ્યા નથી, એવું કોઈ કર્મ નથી કે જે નાટ્યકલામાં ન હોય."

- ભરતમુનિએ 'દેવાસુર સંગ્રામ' નામના પ્રથમ નાટકની રચના કરી હતી.
- મહાકવિ કાલિદાસે 'અભિજ્ઞાન શાકુંતલમ્', 'વિક્રમોર્વશીયમ્', 'માલવિકાગ્નિમિત્રમ્' વગેરે જાણીતાં નાટકોની રચના કરી છે.
- ગુજરાતની નાટ્યકલામાં જયશંકર સુંદરીનું નામ મોખરે ગણાય છે.
- અમૃત નાયક, બાપુલાલ નાયક, પ્રાણસુખ નાયક, દિના પાઠક, જશવંત ઠાકર, ઉપેન્દ્ર ત્રિવેદી, પ્રણવજોષી, સરિતા જોષી, દીપક ઘી વાલા વગેરેએ પણ નાટ્યકલામાં નોંધપાત્ર ફાળો આપ્યો છે.

**(29) ખજુરાહોનાં મંદિરોનો પરિચય આપો.**

**જવાબ :** મધ્યપ્રદેશના છતરપુર જિલ્લામાં ખજુરાહો ખાતે મંદિરો આવેલાં છે.

- બુંદેલખંડી રાજવીઓના સમયમાં અહીં 80 જેટલાં મંદિરોનું નિર્માણ થયું હતું.
- આ નિર્માણ પામેલાં મંદિરોમાં કેટલાંક શૈવમંદિરો, કેટલાંક વૈષ્ણવ મંદિરો તો કેટલાંક જૈન મંદિરો છે.
- ખજુરાહોનાં મંદિરોમાં ચોસઠ યોગિનીનું મંદિર મુખ્ય ગણાય છે આ મંદિર તેના તોરણની આલંકારિક શૈલી માટે જાણીતું છે.
- પ્રારંભિક સમયનાં બધાં જ મંદિરો ગ્રેનાઈટના પથ્થરમાંથી બનાવવામાં આવ્યા છે.
- ખજુરાહોનાં મંદિરોનું નિર્માણ નાગર શૈલીમાં થયું છે.
- દેશ-વિદેશના પ્રવાસીઓ ખજુરાહોનાં મંદિરોની શિલ્પકલા, મૂર્તિકલા અને વાસ્તુકલા જોઈને મંત્રમુગ્ધ બને છે.

**(30) ભારતના અર્થતંત્રમાં કૃષિનું યોગદાન વર્ણવો.**

**જવાબ :** ખેતી ભારતનો મુખ્ય વ્યવસાય છે. આઝાદી સમયે કૃષિક્ષેત્રે જે ભારણ હતું તે હવે થોડુંક ઓછું થયું છે, તેમ છતાં હજુ પણ અર્થતંત્રમાં તેનું મહત્ત્વનું યોગદાન છે.

- તે દેશના લગભગ અડધો અડધ લોકોને રોજગારી પૂરી પાડે છે.
- કૃષિક્ષેત્ર દેશના કુલ ઘરેલું પેદાશનો લગભગ (GDP) 17 ટકા હિસ્સો ધરાવે છે.
- ચોખા, ઘઉં, તેલીબિયા, કપાસ, શણ, ચા, શેરડી, તમાકુ, બટેટાં ભારતની મહત્ત્વની કૃષિપેદાશો છે. તેની નિકાસમાંથી વિદેશી હુંડિયામણ પ્રાપ્ત થાય છે.
- ખેતપેદાશના ઉત્પાદનમાં વિશ્વભરમાં ભારત બીજા સ્થાને આવે છે.
- સુતરાઉ કાપડ, ખાંડ, કાગળ, તેલ વગેરે ઉદ્યોગો તથા ખાદ્યસામગ્રીને લગતા પ્રસંસ્કરણ ઉદ્યોગ માટે કાચો માલ પણ ખેતીમાંથી ઉપલબ્ધ થાય છે.
- કૃષિ ભારતના લોકોને ખોરાક પૂરો પાડે છે.

**અથવા**

**(30) ભારતમાં કૃષિ ઉત્પાદન ઓછું હોવાનાં કારણો જણાવો.**

**અથવા**

**કયાં કારણોસર ભારતમાં કૃષિક્ષેત્રે પૂરતો વિકાસ સાધી શકાયો નથી ?**

**જવાબ :** ફળદ્રુપ મેદાનો, બારેમાસ પાક લઈ શકાય તેવી અનુકૂળ આબોહવા, સિંચાઈ, કુશળ અને મહેનતુ ખેડૂતો વગેરેને લીધે ભારતના મોટાભાગના વિસ્તારમાં બે કે તેથી વધુ પાકનું વાવેતર કરી શકાય છે તેમ છતાં ભારતમાં ખેતીક્ષેત્રે પૂરતો વિકાસ સાધી શકાયો નથી. એના કારણો નીચે મુજબ છે.

- ભારતનો ખેડૂત એકંદરે ગરીબ અને નિરક્ષર છે. ગરીબીના કારણે તેઓને ટ્રેક્ટર, થ્રેસર અને

યાંત્રિક સાધનો વસાવવા પોષાય તેમ નથી પરિણામે પૂરતું કૃષિ ઉત્પાદન થઈ શકતું નથી.

- દેશના કેટલાક વિસ્તારોમાં અનિશ્ચિત વરસાદ પડે છે. ઉપરાંત કેટલાક વિસ્તારોમાં સિંચાઈની પણ અપૂરતી સગવડ હોય છે. આથી કૃષિઉત્પાદન થઈ શકતું નથી.
- ભારતમાં વસ્તીવધારાના કારણે કુટુંબનું કદ મોટું થતું જાય છે; ખેતરો નાના કદનાં થતાં જાય છે.
- ભારતના ખેડૂતો કૃષિમાં પ્રયોગશીલ હોતા નથી. ઉપરાંત તેઓ રાસાયણિક ખાતર, સુધારેલાં બિયારણ, આધુનિક યંત્રો અને વૈજ્ઞાનિક પદ્ધતિનો ઓછો ઉપયોગ કરે છે.
- સમાજમાં ખેતીનો દરજ્જો નીચો મનાતો હોવાથી શિક્ષિત વર્ગ ખેતીના વ્યવસાયમાં જોડાતો નથી. આ બધાં કારણોને લીધે ભારતમાં કૃષિ ઉત્પાદન ઓછું થાય છે.

**(31) ઊની કાપડ ઉદ્યોગ વિશે ટૂંકમાં સમજૂતી આપો.**

જવાબ : ભારતમાં ઊની કાપડનો ઈતિહાસ ઘણો જૂનો છે.

- ભારતમાં સૌથી વધુ ઊની મિલો પંજાબમાં આવેલી છે. ત્યારબાદ મહારાષ્ટ્ર બીજા ક્રમે આવે છે.
- ઉત્તરપ્રદેશમાં પણ ઊની કાપડની મિલો આવેલી છે.
- અમદાવાદ અને જામનગર ઊની વસ્ત્રોનાં કેન્દ્રો છે.
- પંજાબમાં લુધિયાણા અને અમૃતસર ઊની કાપડનાં મુખ્ય કેન્દ્રો છે.
- રાજસ્થાનમાં બિકાનેર, જયપુર વગેરે ઊની કાપડનાં મુખ્ય કેન્દ્રો છે.
- જમ્મુ કશ્મીરમાં શ્રીનગર ઊની કાપડનું મુખ્ય કેન્દ્ર છે.
- કર્ણાટકમાં બેંગાલુરુ ઊની કાપડનું મુખ્ય કેન્દ્ર છે.
- ભારતમાં ઊનમાંથી બનાવેલા ગાલીચાનું પણ નિર્માણ થાય છે.
- અમેરિકા, કેનેડા, જર્મની, ફ્રાંસ, રશિયા વગેરે દેશોમાં ઊની કાપડની નિકાસ થાય છે.

**(32) વૈશ્વિકીકરણના લાભ અને ગેરલાભ જણાવો.**

જવાબ : **વૈશ્વિકીકરણના લાભ :-**

- વૈશ્વિકીકરણના પરિણામે દેશમાં વિદેશી મૂડીરોકાણને પ્રોત્સાહન મળે છે.
- વૈશ્વિકીકરણ દ્વારા વિકસિત દેશોમાં ઉત્પન્ન થતી વસ્તુઓ સરળતાથી પ્રાપ્ત થઈ શકે છે.
- વૈશ્વિકીકરણના પરિણામે ભારત જેવા વિકાસશીલ દેશો આંતરરાષ્ટ્રીય હરીફાઈમાં ટકી રહેવાની શકિત પ્રાપ્ત કરે છે.
- **વૈશ્વિકીકરણના ગેરલાભ :-**
- વૈશ્વિકીકરણથી ગરીબી અને બેરોજગારીની સમસ્યા હલ કરવામાં ધારી સફળતા મળી નથી.
- વિકાસશીલ દેશોને નિકાસ-વૃદ્ધિ દ્વારા જે લાભો મળવા જોઈએ તે પૂરતા પ્રમાણમાં પ્રાપ્ત થઈ શકયા નથી.
- વૈશ્વિકીકરણનો લાભ મોટા ઉદ્યોગોને વધુ મળ્યો છે જયારે નાના ઉદ્યોગોને ઓછો લાભ મળ્યો છે.

**(33) ગરીબી એટલે શું ? ગરીબીરેખા હેઠળ જીવતા લોકોનાં લક્ષણો જણાવો.**

જવાબ : સમાજનો મોટો વર્ગ તેના જીવનની મૂળભૂત પાયાની જરૂરિયાતો જેવી કે અન્ન, વસ્ત્ર, રહેઠાણ, શિક્ષણ અને આરોગ્યની સેવાઓ ન્યૂનતમ માત્રામાં ભોગવવાથી પણ વંચિત રહેતો હોય એવી સ્થિતિને દારૂણ ‘ગરીબી’ કહેવાય.

- ગરીબીરેખાથી નીચે જીવતા લોકોનાં સામાન્ય લક્ષણો નીચે મુજબ છે.
- જે વ્યક્તિને બે ટંક પૂરતું ભોજન ન મળતું હોય.
- રહેવા માટે પૂરતી માત્રામાં મોકળાશવાળી જગ્યા પ્રાપ્ત થઈ ન હોય.
- ના છૂટકે ગંદા વસવાટ કે સ્લમવિસ્તારોમાં વસવાટ કરવો પડતો હોય.
- તેની આવક નિર્ધારિત અપેક્ષિત આવકથી પણ ઓછી હોય.
- રાષ્ટ્રીય સરેરાશ આયુષ્યદરથી પણ તેનું આયુષ્ય ઓછું હોય.
- જેઓ મોટેભાગે નિરક્ષર હોય.
- જેઓ સતત પોષણક્ષમ આહારના અભાવે નાના - મોટા રોગથી પીડાતા હોય.
- જેમનાં બાળકોને કુટુંબની આવકમાં વધારો કરવાની ફરજે ભણવાની ઉંમરે મજૂરી કે કામધંધે જવા માટે મજબૂર થવું પડતું હોય.
- જ્યાં કુપોષણના લીધે બાળમૃત્યુનું પ્રમાણ ઊંચું રહેતું હોય.

**અથવા**

**(33) ''ગ્રામોદયથી ભારત ઉદય'' કાર્યક્રમની યોજના વિશે સમજાવો.**

**જવાબ :** આ કાર્યક્રમમાં પાકનું રક્ષણ કરવા માટે તારની વાડ કરવા આર્થિક સહાય આપવામાં આવે છે.

- અછત કે દુકાળના સમયે પશુઓ માટે ઘાસચારો અને પશુશેલ્ટર બાંધવા માટે આર્થિક સહાય આપવામાં આવે છે.
- ખેડૂતોને ટ્રેક્ટર તથા મીની ટ્રેક્ટરની ખરીદીમાં ઓછા વ્યાજે લૉન, ધીરાણ અને સબસીડીરૂપે સહાય આપવામાં આવે છે.
- ખેડૂતોને પોષણક્ષમ ભાવો મળી રહે તેવા પ્રબંધ કરવામાં આવે છે.
- જળસંગ્રહ માટે જળાશયોમાંથી કાંપ દૂર કરીને તેને ઊંડાં અને મોટાં કરે છે.
- ખેતતલાવડીઓનું નિર્માણ કરવું, જળાશયોની કેનાલમાં સફાઈ તથા લંબાઈમાં વધારો કરવો.
- જળની સંગ્રહશકિતમાં વધારો કરવા જલમંદિરોનું પુનઃસ્થાપન અને ચેકડેમોના રિપેરિંગનાં કાર્યો કરવાં.
- ખેતી સિવાયના સમયમાં રોજગારી મળે અને સાથે ગ્રામીણ ક્ષેત્રે કાયમી સંપત્તિનું નિર્માણ થાય એવા કાર્યક્રમો હાથ ધરવા. આમ, ખેડૂતોને દેવામાંથી ઉગારવાના પ્રયાસરૂપે વિવિધ પ્રકારે સહાય પૂરી પાડવાનો પ્રયત્ન કેન્દ્ર સરકારે અને રાજયસરકારે આ યોજનાઓમાં કર્યો છે.

**(34) કાયદાના સામાન્ય જ્ઞાનની જાણકારી શાથી જરૂરી બની છે ?**

**જવાબ :** લોકોને કાયદાની જાણકારી ન હોય અને તે કાયદાનું ઉલ્લંઘન કરે તો તેને સજા કે દંડમાંથી માફી મળતી નથી આથી કાયદાના સામાન્ય જ્ઞાનની જાણકારી જરૂરી બની છે.

- કાયદાના સામાન્ય જ્ઞાનની જાણકારીથી પ્રજાજન કાયદાનો ભંગ કરતા કે ગુનાહિત કાર્ય કરતા અટકે છે અને શિક્ષા, દંડની જોગવાઈઓથી બચી શકે છે.
- શોષણ અને અન્યાય સામે લડવા કાયદેસરનાં કેવાં પગલાં લઈ શકાય તેનું માર્ગદર્શન મેળવી શકાય છે.
- વ્યક્તિગત હિતોનું રક્ષણ થઈ શકે છે. અધિકારો સારી રીતે ભોગવી શકે છે.
- વ્યક્તિના સંરક્ષણ અને ઉત્કર્ષ અર્થે બનાવેલી વિવિધ કાયદાકીય જોગવાઈઓથી તે માહિતગાર બને છે.
- કાયદાની સામાન્ય જાણકારીથી સમાજ, રાજય

અને રાષ્ટ્ર પ્રત્યે તે વફાદાર રહે છે.

- સમાજમાં જવાબદાર નાગરિક તરીકેના હક્કો ભોગવી શકે, અધિકારોથી વંચિત ન રહે તેમજ સામાન્ય નાગરિક તરીકે ફરજો અદા કરી શકે તે માટે કાયદાના સામાન્ય જ્ઞાનની જરૂરિયાત છે.
- કાયદાના જ્ઞાન અને સમજથી પ્રત્યેક વ્યક્તિ સમાજમાં પ્રતિષ્ઠાભર્યું અને ગૌરવભર્યું જીવન જીવી શકે તે માટે કાયદાનું સામાન્ય જ્ઞાન અને જાણકારી અત્યંત જરૂરી છે.

## વિભાગ - D

- **નીચે આપેલા પ્રશ્ન નં. (35 થી 39)ના વિસ્તારપૂર્વક આશરે 20 થી 25 લીટીમાં જવાબ આપો. (પ્રત્યેકના 04 ગુણ) [20]**

**(35) ગુજરાતની ગુફાઓ વિશે ચર્ચા કરો.**

**(1) જૂનાગઢની ગુફાઓ :-** જૂનાગઢમાં ત્રણ ગુફા- સમૂહ આવેલા છે.

● **બાવાપ્યારાનો ગુફાસમૂહ :** બાવાપ્યારાના મઠ પાસે આવેલા આ ગૂફા સમૂહમાં કુલ 16 ગૂફાઓ છે. આ ગુફા ઈસવીસનના આરંભની એક-બે સદી દરમિયાન કંડારેલી હોવી જોઈએ.

● **ઉપરકોટની ગુફાઓ :** આ ગુફાઓ બે મજલામાં આવેલી છે. ઉપરથી નીચે આવવા-જવા માટે સોપાનશ્રેણી બનાવવામાં આવી છે.

● **ખાપરા કોડિયાની ગુફાઓ :** આ ગુફામાં કુલ 20 સ્તંભ આવેલા છે આ ગુફા ઇ.સ.ની ત્રીજી સદીમાં કંડારેલી હોવાની શક્યતા છે.

**(2) ખંભાલીડા ગુફા :** રાજકોટથી 70 કિમી દૂર ગોંડલ પાસે આ ગુફાઓ આવેલી છે. તેમાં ત્રણ ગુફાઓ નોંધપાત્ર છે. વચ્ચેની ગુફામાં સ્તુપયુક્ત ચૈત્યગૃહ, પ્રવેશમાર્ગોની ઉભય બાજુએ વૃક્ષના આશ્રયે ઊભેલા બોધિસત્ત્વ અને કેટલાક ઉપાસકોની આકૃતિઓ આવેલી છે.

**(3) તળાજા ગુફા :** ભાવનગર જિલ્લાનાં તળાજાના ડુંગરોમાં પથ્થરો કોતરીને 30 ગુફાઓની રચના કરવામાં આવી છે. આ ગુફામાં વિશાળ દરવાજો આવેલો છે આ ગુફામાં સભાખંડ પણ આવેલા છે. તે શિલ્પસ્થાપત્યની દૃષ્ટિએ ઉત્કૃષ્ટ મનાય છે.

**(4) સાણાગુફા :** સોમનાથ જિલ્લાના વાંકિયા ગામ પાસે રૂપેણ નદી ઉપર મધપુડાની જેમ 62 જેટલી ગુફાઓ પથરાયેલી છે.

**(5) ઢાંક ગુફા :** રાજકોટ જિલ્લામાં ઉપલેટા તાલુકાના ઢાંક ગામમાં ઢંકગિરિ આવેલો છે. આ ગુફાઓ ચોથી સદીની હોવાનું મનાય છે.

**(6) ઝીંઝુરીઝરની ગુફાઓ :** ઢાંકથી 7 કિમીના અંતરે સિદસર પાસેની ઝીંઝુરીઝરની ખીણમાં કેટલીક બૌદ્ધગુફાઓ આવેલી છે. આ બીજી કે ત્રીજી સદીની મનાય છે.

**(7) કચ્છની ખાપરા કોડિયાની ગુફાઓ :** કચ્છના જૂનાપાટ ગઢ પાસેના પહાડમાં આ ગુફાઓ આવેલી છે. આ ગુફાઓ ઈ.સ.1967માં કે.કા.શાસ્ત્રીએ શોધી કાઢી છે.

**(8) કડિયા ડુંગરની ગુફાઓ :** ભરૂચ જિલ્લાના ઝઘડિયા તાલુકામાં આ ગુફાઓ આવેલી છે. આ ગુફાઓનું સ્થાપત્ય બેનમૂન છે. આ ગુફામાં એક જ પથ્થરમાંથી કંડારેલો 11 ફૂટ ઊંચો એક સિંહસ્તંભ આવેલો છે. સ્તંભના શિરોભાગે બે શરીરવાળી અને એકમુખવાળી સિંહાકૃતિ છે.

**અથવા**

**(35) મોંહે-જો-દડોની નગરરચનામાં રસ્તાઓ વિશે જણાવો.**

**જવાબ : મોહેં-જો-દડોની નગરરચના :**

- મોહેં - જો - દડો નગર આયોજનની દૃષ્ટિએ શ્રેષ્ઠ હતું.

- પૂર અને ભેજથી બચવા માટે મકાનો ઊંચી પીઠિકા પર બાંધવામાં આવતાં હતાં.
- શ્રીમંતોનાં મકાનો બે માળવાળાં અને પાંચ કે સાત ઓરડાવાળાં હતાં.
- સામાન્ય વર્ગના લોકોનાં મકાનો એક માળ અને બે કે ત્રણ ઓરડાવાળા હતાં.
- સમગ્ર નગરની ફરતે દીવાલની રચના કરવામાં આવી હતી.
- મકાનના દરવાજા જાહેર રસ્તાને બદલે અંદર ગલીમાં પડતા હતા.
- અહીંના દરેક મકાનમાંથી કોઠાર, રસોડું અને સ્નાનગૃહના અવશેષો મળ્યા છે.
- અહીંના દરેક મકાનમાં હવા-ઉજાસ માટે બારી - બારણાંની વ્યવસ્થા હતી.
- **મોહેં-જો-દડો નગરના રસ્તાઓ :**
- આ નગર-રચનાનું વિશિષ્ટ લક્ષણ અહીંના રસ્તાઓ છે.
- અહીંના રસ્તાઓ મોટેભાગે 9.75 મીટર પહોળા હતા.
- અહીં નાના - મોટા રસ્તાઓ કાટખૂણે મળતા હતા. એકથી વધારે વાહનો પસાર થાય એટલા પહોળા હતા.
- રસ્તાની બંને બાજુએ રાત્રિપ્રકાશ માટે થાંભલા હોવાનું અનુમાન છે.
- નગરના રાજમાર્ગો સીધા અને પહોળા હતા.
- અહીંના રસ્તાઓ ક્યાંય વળાંક લેતા ન હતા. તે સીધા જ જતા હતા. આ પ્રાચીન સમયની વિશિષ્ટતા ગણાય છે.
- અહીં મુખ્ય બે રાજમાર્ગો હતા. એક માર્ગ ઉત્તરથી દક્ષિણ અને બીજો પૂર્વથી પશ્ચિમ તરફ જતો હતો. આ બંને માર્ગો મધ્યમાં કાટખૂણે છેદતા હતા.

**(36) ભારતમાં જળસંકટ સર્જાવાના સંજોગો જણાવો.**

**જવાબ :** જળ એ કુદરત તરફથી મળેલી અમૂલ્ય ભેટ છે.

- વધતી જતી વસ્તી માટે અનાજની વધતી માંગ, રોકડિયા પાકો ઉગાડવા વધતું જતું શહેરીકરણ અને લોકોના બદલાતા જતા જીવનધોરણના પરિણામસ્વરૂપે પાણીની નિરંતર અછત વર્તાય છે.
- પાણી-પુરવઠાની પરિસ્થિતિ અને સ્થાનિક વિતરણની અવ્યવસ્થા, અસમાનતા ખાસ કરીને આજીવિકા તથા આર્થિક વિકાસ માટે પડકારરૂપ છે.
- હાલમાં પણ પશ્ચિમ રાજસ્થાનના શુષ્કક્ષેત્રો તથા દ્વીપકલ્પીય ઉચ્ચપ્રદેશના આંતરિક ભાગોમાં જળસંકટની ગંભીર સમસ્યા છે.
- અસંખ્ય ગામો તથા કેટલાંક નગરોમાં પણ પાણીની ગુણવત્તા ઘટી રહી છે. તેનાથી પાણીજન્ય અનેક રોગો ફેલાય છે.
- પેયજળની પ્રાપ્યતા તથા શુદ્ધિ જીવનની મૂળભૂત જરૂરિયાતો છે.
- પાણીની સગવડો વધારવા માટે કરેલા પ્રયત્નો છતાં પાણીની માંગ અને તેના પુરવઠા વચ્ચે ઘણું અંતર છે.
- આજે પણ ભારતમાં 8 ટકા શહેરોમાં પેયજળની તીવ્ર અછત છે.
- ભારતમાં સિંચાઈમાં ઘણો વધારો થયો છે. છતાં 2/3 કૃષિક્ષેત્રો હજી વરસાદ પર આધાર રાખે છે.
- વર્તમાન સમયમાં કૂવા અને ટ્યૂબવેલ દ્વારા વધારે ને વધારે પાણીને બહાર કાઢતાં ભૂમિગત જળનું સ્તર નીચું ગયું છે. પરિણામે ભૂમિગત જળ સંસાધનોમાં ઘટાડો થયો છે.
- કેટલાંક રાજ્યોમાં ભૂમિગત જળને વધારે જથ્થામાં કાઢવાથી દેશમાં ગંભીર પ્રશ્નો ઊભા

થયા છે. પાણીની ઘટતી જતી ગુણવત્તા અને વધતી જતી અછત જેવી ગંભીર સમસ્યાઓનો સામનો કરવો પડી રહ્યો છે.

- કૃષિ ઉપરાંત ઉદ્યોગોમાં પણ પાણીનો અનિયંત્રિત ઉપયોગ કરવામાં આવે છે આથી ભારતમાં જળસંકટ સર્જાવાના સંજોગો ઊભા થયા છે.

**(37) ગ્રાહકનું શોષણ થવાનાં કારણો જણાવો.**

જવાબ : **(1) ગ્રાહક પોતે જવાબદાર :** અજ્ઞાનતા, જાગૃતિનો અભાવ, નિરક્ષરતા, સંગઠિત થઈને વિરોધ પ્રદર્શિત કરવાની વૃત્તિનો અભાવ, થયેલ નુકસાન કે શોષણ સામે કાનૂની રાહે લડત આપવાની તૈયારી, વૃત્તિનો અભાવ અને તે સંબંધી યોગ્ય જાણકારીના અભાવે વેપારીઓ, ઉત્પાદકો અને યોજકો દ્વારા ગ્રાહકોનું વિવિધ પ્રકારે શોષણ કરીને તેનો ગેરલાભ ઉઠાવવામાં આવી રહ્યો છે.

**(2) મર્યાદિત માહિતી :** મૂડીવાદી અર્થતંત્રમાં ઉત્પાદનના માપદંડો, ભાવો અને ગુણવત્તા નિયમન અંગે કોઈ ખાસ નિયમો નથી અને જ્યાં છે ત્યાં કડકપણે નિયમોનું પાલન થતું નથી. ગ્રાહકને ચીજવસ્તુના ઉપયોગ બાબતમાં સાચી જાણકારી કે જ્ઞાનના અભાવે વેચાણ પછીની સેવાઓ, વોરંટી કે ગેરંટી જેવી માહિતીના અર્થઘટન બાબતે ખરીદી વખતે ગ્રાહકને પૂરેપૂરા માહિતગાર કરવામાં આવતો નથી. આમ, મર્યાદિત માહિતી મળવાને કારણે, સમજદારીના અભાવે ગ્રાહક ખરીદીમાં ભૂલ કરી બેસે છે.

**(3) મર્યાદિત પુરવઠો :** જ્યારે વસ્તુ કે સેવાની માંગણી સામે પૂરતી માત્રામાં તેનો પુરવઠો હોતો નથી ત્યારે કૃત્રિમ અછત સર્જાય છે. આમ, વેપારી, ઉત્પાદકો દ્વારા સંગ્રહખોરી, સટ્ટાખોરી આચરીને કે કુદરતી આફતો જેવાં પરિબળોથી અછત ઊભી થાય છે. ગ્રાહક પાસેથી આવી પરિસ્થિતિમાં વધુ ભાવો લઈને ગેરલાભ ઉઠાવાય છે. આમ, બજારમાં વસ્તુનો અપૂરતો પુરવઠો પણ ગ્રાહકના શોષણમાં નિમિત્ત બને છે.

**(4) મર્યાદિત હરીફાઈ :** જ્યારે કોઈ એક જ ઉત્પાદક કે ઉત્પાદક સમૂહ કોઈ વસ્તુ કે સેવાના ઉત્પાદનમાં અને વહેંચણીમાં પોતાનો એકાધિકાર ભોગવે છે ત્યારે ઉત્પાદકો આવી મર્યાદિત કે ઈજારાશાહીવાળી બજારમાં અન્ય વિકલ્પોના અભાવે ગ્રાહકનું વિવિધ પ્રકારે શોષણ થાય છે તેને ખામીયુક્ત સેવા અને હલકો માલસામાન પધરાવાય છે.

**અથવા**

**(37) "ગ્રાહક સુરક્ષા અધિનિયમ" અંતર્ગત ગ્રાહકના અધિકારો સવિસ્તર સમજાવો.**

જવાબ : **(1) સલામતીનો અધિકાર :** જે ઉત્પાદન પ્રક્રિયાના અંતે ચીજવસ્તુઓ કે સેવાઓથી ગ્રાહકના જીવને જોખમ હોય કે આરોગ્યને હાનિકર્તા હોય તેની સામે રક્ષણ કે સલામતી મેળવવાનો અધિકાર છે.

**(2) માહિતી મેળવવાનો અધિકાર :-** ગ્રાહકને માલ અને સેવાની ગુણવત્તા, જથ્થો, ક્ષમતા, શુદ્ધિ, ધોરણ, વપરાશ, કિંમત વગેરે બાબતોની જાણકારી હોવી જોઈએ. જેથી તે બજારમાં વેપારીઓની ગેરરીતિથી કે ભ્રષ્ટ રીતરસમોથી બચી શકે. ગ્રાહકને માહિતી લેબલ પરથી, પેકિંગ પરથી, ભાવપત્રક દ્વારા અને અહેવાલો પરથી મળી શકે છે.

**(3) પસંદગી કરવાનો અધિકાર :-** વૈવિધ્યપૂર્ણ અને ગુણવત્તા ધરાવતી તેમજ પોતાની મનપસંદ વસ્તુ કે સેવા ખરીદવાનો ગ્રાહકને અધિકાર છે. પસંદગીનો અધિકાર એટલે ગ્રાહકને વસ્તુ

વ્યાજબી કિંમતે, સંતોષપ્રદ સેવા અને ગુણવતાની ખાતરી આપવાનો છે અનેક વસ્તુમાંથી ગ્રાહકને પોતાને પસંદગીની વસ્તુઓ ખરીદવાની સ્વતંત્રતા છે.

**(4) રજૂઆત કરવાનો અધિકાર :-** ગ્રાહકના હકો, હિતો, ગ્રાહકની ફરિયાદો તથા કલ્યાણ સંબંધી વિચારણા હાથ ધરવા માટે ગ્રાહકોના બિનરાજકીય, બિનધંધાકીય ધોરણોએ ગ્રાહક મંડળો રચવામાં આવે અને તેમાં ગ્રાહકોના પ્રતિનિધિઓને સ્થાન આપીને તથા તેમની રજૂઆતો સાંભળવાની કાયદામાં જોગવાઈઓ કરવામાં આવી છે.

**(5) ફરિયાદ નિવારણનો અધિકાર :-** આ અધિકાર હેઠળ ગ્રાહકને નુકસાન બદલ વળતરમાં માલ બદલી આપવો, માલ પાછો લઈ લેવો, પૈસા પાછા આપવા, ચાર્જ વસૂલ કર્યા વિના સમારકામ કરી આપવું ગ્રાહક રાહત કે વળતર મેળવવા કાયદા હેઠળ હકદાર છે.

**(6) ગ્રાહકશિક્ષણ મેળવવાનો અધિકાર :-** ગ્રાહકના અધિકારોને અભ્યાસક્રમોમાં સ્થાન આપવું જોઈએ વિવિધ સંસ્થાઓની મિટિંગોમાં ગ્રાહકશિક્ષણ સંબધી ચર્ચાઓ, પ્રદર્શનો, વાર્તાલાપો તથા કાર્યશિબિરો યોજી ગ્રાહક શિક્ષણની તાલીમ આપવી જોઈએ. આથી બજારમાં તે જાગૃત ગ્રાહક તરીકેની ફરજો અસરકારક રીતે અદા કરી શકે. એમાં ગ્રાહકશિક્ષણ મદદરૂપ બની શકે .

**(38) સાંપ્રદાયિકતાને દૂર કરવાના ઉપાયો જણાવો.**

જવાબ :સૌપ્રથમ નાગરિક અને સરકારે સાંપ્રદાયિક તત્ત્વોનો સખ્તાઈપૂર્વક સામનો કરવો પડશે અને તેને દૂર કરવા પ્રયત્ન કરવો પડશે.

- સાંપ્રદાયિકતા દૂર કરવાનું અસરકારક કાર્ય શિક્ષણ કરી શકે છે. આપણા શિક્ષણમાં અને અભ્યાસક્રમોમાં બધા ધર્મોની સારી બાબતોને સામેલ કરવામાં આવે છે. તેમજ શાળામાં યોજાતી સર્વધર્મ પ્રાર્થનાઓ કરવાથી બાળકોમાં તમામ ધર્મ પ્રત્યે આદરભાવ કેળવાય છે.
- સાંપ્રદાયિક વિચાર આધારિત રાજકીય પક્ષોને માન્યતા આપવી જોઈએ નહીં. ચૂંટણી માટે ખાસ આચારસંહિતા બનાવવામાં આવી છે. તેનો અમલ કરવો અને કરાવવો જોઈએ.
- રેડિયો, ટીવી, સિનેમા સામાન્ય નાગરિક સુધી પહોંચવાના શ્રેષ્ઠ દશ્ય-શ્રાવ્ય માધ્યમો છે. તેમણે સર્વધર્મ સમભાવ, સહિષ્ણુતાનો પ્રચાર-પ્રસાર કરવો જોઈએ. રાષ્ટ્રીય હિતો અને રાષ્ટ્રવાદને પ્રોત્સાહન મળે તેવા કાર્યક્રમો પ્રસારિત કરવા જોઈએ.
- ધાર્મિક વડાઓ અને રાજકીય નેતાઓએ સાથે મળી દેશના વિકાસ માટે સાંપ્રદાયિકતાને નાથવા પ્રયત્ન કરવો જોઈએ.
- સાંપ્રદાયિકતા દૂર થાય તે માટે યુવાનોએ આગળ આવવું જોઈએ.
- યુવાનોમાં સાંપ્રદાયિકતાના સ્થાને બિન સાંપ્રદાયિક અને વૈજ્ઞાનિક દષ્ટિકોણ વિકસે તેવા સામાજિક અને શૈક્ષણિક ક્ષેત્રે પ્રયત્નો કરવા જોઈએ.
- સાંપ્રદાયિકતા દૂર કરવા માટે સરકારે જ નહીં, પરંતુ સમાજે પણ વિશિષ્ટ પ્રયત્નો કરવા જોઈએ.
- ધર્મ, જ્ઞાતિ, પ્રાંત, ભાષાથી ઉપર રાષ્ટ્રહિત, રાષ્ટ્ર ગૌરવ છે, તેવી સમજ લોકોને એક તાંતણે બાંધે છે અને તે રાષ્ટ્રવાદ અને રાષ્ટ્રીય એકતાને પોષે છે.

**(39) ભારતના રેખાંકિત નકશામાં નીચેની વિગતો સંજ્ઞાસૂચિ વડે દર્શાવો.**

(1) ઊની કાપડ ઉદ્યોગનું એક કેન્દ્ર (2) ચાનું ઉત્પાદન કરતો કોઈ એક પ્રદેશ

(3) દિલ્હીથી કોલકાતા જતો રેલમાર્ગ (4) રાષ્ટ્રીય જળમાર્ગ-1

